દૈનિક
મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૪ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 265 ■ વિક્રમ સંવત ૨૦૮૨
કાર્તિક વદ-૬ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 10 November 2025, Monday ■ REGD.No. MCS/058/2018-20
સોમવાર, ૧૦ નવેમ્બર ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦
ધર્મતેજ પૂર્તિ
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

ગુજરાતમાંથી ત્રણ ત્રાસવાદી પકડાયા

- દેશભરમાં આતંક ફેલાવવાનાં ષડ્યંત્રનો પર્દાફાશ
- ઝેર ફેલાવવાનું કાવતરુંઃ શસ્ત્રો જપ્ત કરાયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત એન્ટી-ટેરરિસ્ટ સ્કવોડએ એક અત્યંત મહત્ત્વપૂર્ણ અને સફળ ઑપરેશન પાર પાડ્યું હતું, જેમાં એક ડૉક્ટર સહિત ત્રણ જણની ધરપકડ કરી હતી અને હથિયારો અને ઘાતક રસાયણો જપ્ત કર્યા હતા. અધિકારીના જણાવ્યા અનુસાર આ ત્રણેય કથિત રીતે એક આંતકવાદી ઑપરેશન પાર પાડવાના કાવતરામાં સંડોવાયેલા હતા. આ સાથે દેશભરમાં આતંક ફેલાવવાના ષડ્યંત્રનો પર્દાફાશ કરાયો હતો.

ગુજરાત એટીએસના ડીઆઈજી સુનિલ જોશીએ જણાવ્યું હતું કે આરોપીઓમાં એક તેલંગાણા અને બે ઉત્તર પ્રદેશના છે. આ ત્રણેય શસ્ત્રોની આપ-લે કરવા માટે ગુજરાતમાં હતા અને તેમણે રાઇસીન નામના એક ઝેરી રસાયણનો ઉપયોગ કરી આતંકવાદી પ્રવૃત્તિઓ કરવાનું કાવતરું ઘડ્યું હતું. આ સાથે તેમનો હેન્ડલર પાકિસ્તાનથી ડ્રોન દ્વારા હથિયારોનો જથ્થો મોકલે છે, તેવી કબૂલાત પકડાયેલા આરોપીઓએ કરી હોવાનું પણ જોશીએ જણાવ્યું હતું.

એક ગુપ્ત માહિતીના આધારે એટીએસ ટીમે ૭ નવેમ્બરના રોજ ગાંધીનગરના અડાલજ નજીક તેલંગાણાના હૈદરાબાદના રહેવાસી ડો. અહેમદ મોહ્યુદ્દીન સૈયદની બે ગ્લોક પિસ્તોલ, એક બેરેટા પિસ્તોલ, ૩૦ જીવંત કારતૂસ અને ચાર લિટર એરંડા તેલ સાથે ધરપકડ કરી હતી, એમ જોશીએ પત્રકારોને જણાવ્યું હતું. પૂછપરછમાં સૈયદે ખુલાસો કર્યો કે તે આતંકવાદી પ્રવૃત્તિઓ કરવાનું કાવતરું ઘડી રહ્યો હતો અને તેણે ગાંધીનગર જિલ્લાના કલોલ ખાતે એકાંત સ્થળેથી શસ્ત્રો એકઠા કર્યા હતા.

અધિકારીએ જણાવ્યું હતું કે સૈયદનો હેન્ડલર અબુ ખાદીજા ઇસ્લામિક સ્ટેટ ખોરાસન પ્રાંત સાથે સંકળાયેલો અફઘાનિસ્તાનનો રહેવાસી છે અને તે પાકિસ્તાનમાં પણ ઘણા લોકો સાથે સંપર્ક ધરાવે છે.

જોશીએ આપેલી માહિતી અનુસાર ચીનથી એમબીબીએસની ડિગ્રી મેળવનારો સૈયદ રાઇસીન નામનું ઘાતક રસાયણ તૈયાર કરી રહ્યો હતો. આ માટે તેણે સંશોધન કરી લીધું હતું અને કાચો માલ અને સંસાધનો એકઠા કરી પ્રક્રિયા શરૂ કરી હતી. સૈયદ શિક્ષિત હોવાની સાથે કટ્ટરપંથી છે, અને મોટી આતંકવાદી પ્રવૃત્તિઓ કરવા માટે ષડયંત્રના ભાગરૂપે ભંડોળ મેળવવા અને લોકોની ભરતી કરવાની યોજના બનાવી હતી. એટીએસ ટીમે સૈયદના મોબાઇલ ફોનમાંથી મેળવેલી માહિતીના આધારે સૈયદને શસ્ત્રો પૂરા પાડનારા વ્યક્તિઓની પણ ધરપકડ કરી હતી, તેમ અધિકારીએ ઉમેર્યું હતું. અધિકારીએ જણાવ્યું હતું કે અન્ય આરોપીઓ આઝાદ સુલેમાન શેખ અને મોહમ્મદ સુહેલ મોહમ્મદ સલીમ બંને

(જુઓ પાનું ૨) ▶▶

માતૃભાષા ભાગવત આ વિચાર જ ઉમદા છેઃ દેવેન્દ્ર ફડણવીસ

બાવીસમા ટ્રાન્સમીડિયા ગુજરાતી સ્ક્રીન ઍન્ડ સ્ટેજ એવૉર્ડ્સનું આમંત્રણ સ્વીકાર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું કે માતૃભાષા ભાગવત આ વિચાર જ ઉમદા છે. 'મુંબઈ સમાચાર' દ્વારા પ્રેરિત આ કાર્યક્રમમાં તમામ લોકોએ મદદ કરવી જોઈએ, એમ તેમણે જણાવ્યું હતું. તેમણે આગામી અઠવાડિયે મુંબઈ સમાચારના સથવારે યોજાઈ રહેલા ટ્રાન્સમીડિયા ગુજરાતી સ્ક્રીન એન્ડ સ્ટેજ એવોર્ડ્સમાં હાજર રહેવાનું આમંત્રણ સ્વીકાર્યું હતું અને હાજરી આપવાની ખાતરી આપી હતી.

રવિવારે મુંબઈ સમાચારના તંત્રી નીલેશ દવે અને ટ્રાન્સમીડિયાના જસ્મીન શાહ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને તેમના સત્તાવાર નિવાસસ્થાન વર્ષા બંગલો પર બાવીસમા ટ્રાન્સમીડિયા એવૉર્ડ્સનું આમંત્રણ દેવા માટે મળ્યા હતા. આ પ્રસંગે નીલેશ દવેએ મુંબઈ સમાચાર દ્વારા એપ્રિલ મહિનામાં પ્રસ્તાવિત માતૃભાષા ભાગવત કાર્યક્રમની માહિતી મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને આપી હતી.

બાવીસમા ટ્રાન્સમીડિયા એવૉર્ડ્સનું આમંત્રણ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને આપી રહેલા મુંબઈ સમાચારના તંત્રી નીલેશ દવે અને ટ્રાન્સમીડિયાના જસ્મીન શાહ.

મુંબઈ સમાચાર દ્વારા પ્રેરિત અને જાણીતા કથાકાર રમેશ ઓઝાની વ્યાસપીઠની અધ્યક્ષતા હેઠળ આયોજિત આ માતૃભાષા ભાગવતની વિશેષતા એ રહેશે કે એમાં જાણીતા સાહિત્યકારોની પ્રતીકાત્મક કુલ ૧૦૮ પોથીઓ રાખવામાં આવશે, જેમાં ગુજરાતી, મરાઠી, હિન્દી

(જુઓ પાનું ૨) ▶▶

ગુજરાતમાંથી કરોડો રૂપિયા પાકિસ્તાન, દુબઈ ટ્રાન્સફર કરનારો ઝડપાયો

સુરત, મોરબી, સુરેન્દ્રનગર, અમરેલીમાં પગેરું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં સાયબર ક્રાઈમના ગુનાઓ દિવસેને દિવસે વધી રહ્યા છે. ત્યારે સાયબર ફ્રોડના રૂપિયાનું ક્રિપ્ટો કરન્સીમાં રૂપાંતર કરીને તે નાણાને ક્રિપ્ટો ટ્રાન્ઝેક્શન મારફતે પાકિસ્તાન-દુબઈ બેઠેલા લોકોને મોકલતા શખસને પોલીસે ઝડપી પાડયો હતો. સાયબર ક્રાઇમની ટીમે પકડેલા રેકેટમાં સાયબર ફ્રોડના રૂ. ૧૦ કરોડ યુએસડીટીમાં કન્વર્ટ કરીને પાકિસ્તાન મોકલાયા હતા. પોલીસે આ કૌભાંડમાં સુરતના આરોપી ચેતન ગોરધનભાઈ ગાંગાણીની ધરપકડ કરી હતી.આ કૌભાંડનું પગેરું સુરત ઉપરાંત મોરબી, સુરેન્દ્રનગર, અમરેલી સુધી હોવાનું કહેવાય છે.

સાયબર ટીમે સમગ્ર દેશમાં ફેલાયેલા ૩૮૬ સાયબર ગુનાઓ સાથે જોડાયેલા ૧૦૦થી વધુ મ્યુલ એકાઉન્ટ્સની ઓળખ કરી, પૈસાના પ્રવાહને સાત સ્તરોમાં ટ્રેક કરી ₹૧૦ કરોડની રકમ પાકિસ્તાન પહોંચી હોવાનો પર્દાફાશ કર્યો હતો.

સાયબર ફ્રોડના નાણાંનું ક્રિપ્ટો કરન્સીમાં રૂપાંતરણ કરીને નાણાને ક્રિપ્ટો ટ્રાન્જેક્શન મારફત પાકિસ્તાન મોકલનાર શખસની ધરપકડ મામલે સાયબર ક્રાઇમના એસ.પી રાજદીપસિંહ ઝાલાએ જણાવ્યું હતું કે, ગુજરાત સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી. જે અંતર્ગત એકાઉન્ટ બાબતે તપાસ કરવામાં આવી હતી. આ તપાસ કરતા એપીએમસીમાં પેઢી ખાતું બનાવીને એટીએમ મારફતે નાણાંનું વિતરણ કરીને ઓનલાઈન એપ મારફત રોકડ રૂપાંતર કરીને નાણા આંગડિયા અને ક્રિપ્ટો કરન્સી મારફત દુબઈ મોકલવામાં આવ્યા હતા.

આ મામલે તપાસ બાદ જાણવા મળ્યું હતું કે, સાયબર ક્રાઇમ દ્વારા પકડાયેલા આરોપી અન્ય સહ આરોપીના સંપર્કમાં હતા. તેઓએ અંદાજિત ચાર મહિનામાં ૧૦ કરોડના રોકડ રકમને યુએસબીટી દ્વારા કન્વર્ટ કરીને આરોપી દ્વારા પાકિસ્તાન વોલેટ એડ્રેસ પર મોકલીને મદદ કરી હોવાનું પ્રકાશમાં આવ્યું છે. આરોપી દ્વારા

(જુઓ પાનું ૨) ▶▶

સુરતની મૅચમાં ૬, ૬, ૬, ૬, ૬, ૬, ૬, ૬

રણજી બૅટ્સમૅનનો સતત આઠ બૉલમાં આઠ છગ્ગાનો અને ૧૧ બૉલમાં અડધી સદીનો વિશ્વવિક્રમ

સુરતઃ અહીં રણજી ટ્રોફીમાં અરુણાચલ પ્રદેશ સામેની મૅચમાં મેઘાલયના આકાશ કુમાર ચૌધરી નામના બૅટ્સમૅને કમાલ કરી નાખી. તેણે બે બોલરની બોલિંગને ચીંથરેહાલ કરી નાખી. આકાશે લાગલગાટ આઠ બૉલમાં આઠ સિક્સર ફટકારવાનો નવો વિશ્વવિક્રમ કર્યો છે.

આકાશે મેઘાલયની ૧૨૬મી અને ૧૨૭મી ઓવરમાં આ સિદ્ધિ હાંસલ કરી હતી. તેણે અરુણાચલના ૩૪ વર્ષની ઉંમરના લિમર ડાબી નામના લેફ્ટ-આર્મ સ્પિનરની ઓવરના તમામ છ બૉલમાં છ છગ્ગા ફટકારી દીધા હતા. ત્યાર પછી આકાશે અરુણાચલના ટીએમઆર મોહિત નામના ઑફ-સ્પિનરના પ્રથમ બે બૉલમાં પણ સિક્સર મારી હતી. એ સાથે તેણે સતત આઠ બૉલમાં ઊંચા શૉટ ફટકાર્યા હતા, જેમાં આઠ સિક્સર તેના નામે લખાઈ હતી.

રણજી ટ્રોફી સહિતની બીજી ડોમેસ્ટિક મૅચો ફર્સ્ટ-ક્લાસ ક્રિકેટનો હિસ્સો ગણાય છે અને આ પ્રકારની ક્રિકેટમાં આ નવો વિશ્વવિક્રમ છે. પચીસ વર્ષનો આકાશ ચૌધરી રાઇટ-હૅન્ડ બૅટ્સમૅન છે અને તે વિસ્ફોટક બૅટિંગ માટે જાણીતો છે.

આકાશ વિશ્વનો એવો માત્ર ત્રીજો બૅટ્સમૅન છે જેણે ફર્સ્ટ-ક્લાસ ક્રિકેટમાં ઓવરના છ બૉલમાં છ સિક્સર ફટકારી છે. આ પહેલાં, સર ગૅરી સોબર્સ અને રવિ શાસ્ત્રી આ સિદ્ધિ મેળવી ચૂક્યા હતા.

આકાશ ચૌધરીએ માત્ર ૧૧ બૉલમાં ૫૦ રન પૂરા કર્યા હતા અને આટલા ઓછા બૉલમાં હાફ સેન્ચુરી ફટકારનારો તે પહેલો બૅટ્સમૅન છે. તેણે ૧૩ વર્ષ જૂનો વર્લ્ડ રેકૉર્ડ તોડ્યો છે. ૨૦૧૨માં લિસેસ્ટરશર કાઉન્ટી ટીમના વેન નાઇટ નામના બૅટ્સમૅને ૧૨ બૉલમાં ૫૦ રન કર્યા હતા. ક્લાઇવ ઇનમૅન નામના ખેલાડીએ ૧૯૬૫માં ૧૩ બૉલમાં

(જુઓ પાનું ૨) ▶▶

ગુજરાતના પિતા-પુત્રીની જોડીનું નેપાળમાં ટ્રેકિંગ દરમિયાન મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ બારડોલીના કડોદના એક પિતા-પુત્રીની જોડી નેપાળના માનંગ જિલ્લાના અન્નપૂર્ણા પર્વત-૩ પર ટ્રેકિંગ કરતી વખતે ગુમ થઈ હતી અને રવિવારે શોધખોળ બાદ બન્નેના મૃતદેહ મળતા પરિવાર શોકમાં સરી પડ્યો હતો. ૧૦ દિવસમાં પાછા ફરવાની યોજના હોવા છતાં, બે અઠવાડિયાથી વધુ સમય સુધી તેમની સાથે કોઈ સંપર્ક થયો ન હોવાથી પરિવારે પરિવારે કડોદ આઉટપોસ્ટ પોલીસને આ બાબતની જાણ કરી હતી. તપાસ એજન્સીઓએ કરેલી શોધખોળ બાદ તેમના મૃતદેહ મળી આવ્યા હતા.

અહેવાલો અનુસાર જિજ્ઞેશ લલ્લુભાઈ પટેલ અને તેમની પુત્રી પ્રિયાંશી ૧૪ ઓક્ટોબરના રોજ કડોદથી સુરત ગયા હતા. સુરતથી તેઓ ૧૬ ઓક્ટોબરે ટ્રેન દ્વારા ગોરખપુર પહોંચ્યા હતા, ૧૭ ઓક્ટોબરે સુનોલી સરહદ પાર કરી અને કાઠમંડુ પહોંચ્યા હતા. ૧૮ ઓક્ટોબરે, તેઓ બસેર બસમાં મુસાફરી કરી અને પછી માનંગ ગયા. બે દિવસ હોટલમાં રહ્યા પછી, તેમણે ૨૧ ઓક્ટોબરના રોજ સવારે ૬ વાગ્યે અન્નપૂર્ણા પર્વત-૩ પર ટ્રેકિંગ શરૂ કર્યું હતું, તેવી માહિતી મળી હતી.

ટ્રેકિંગ શરૂ કરતા પહેલા જિજ્ઞેશભાઈએ તેમની પત્ની

(જુઓ પાનું ૨) ▶▶

જાપાનમાં શક્તિશાળી ધરતીકંપઃ સુનામીની ચેતવણી અપાઈ

ટોકિયો : શક્તિશાળી ભૂકંપે રવિવારે ઉત્તર જાપાનને હચમચાવી દીધું હતું અને ત્યાર બાદ અનેક આંચકાઓ આવ્યા હતા, એવી માહિતી જાપાન હવામાન એજન્સીએ આપી હતી. સુનામીની માર્ગદર્શિકા બહાર પડાઈ હતી. શરૂઆતમાં જાપાનના સ્થાનિક સમયે સાંજે પાંચ વાગ્યે ઈવેત પર્ફેક્ચરના કાંઠે સમુદ્રની ૧૦ કિલોમીટર ઊંડાઈએ ૬.૭ના પરિમાણ ધરાવતો ભૂકંપ આવ્યો હતો.

હાલમાં કોઈ જાનહાનિ કે નુકસાનના અહેવાલ નથી અને આ વિસ્તારમાં રહેલા બે અણુ ઊર્જા પ્લાન્ટમાં કોઈ વિસંગતીનો અહેવાલ

(જુઓ પાનું ૨) ▶▶

આંદામાનમાં ૫.૪ની તીવ્રતાવાળો ભૂકંપ

પોર્ટ બ્લેર : રવિવારે આંદામાન સમુદ્રમાં ૫.૪ના પરિમાણનો ભૂકંપ નોંધાયો હતો, એવી માહિતી નેશનલ સેન્ટર ઑફ સિસમોલોજીએ આપી હતી. ભૂકંપના આંચકા આંદામાન અને નિકોબાર ટાપુમાં નોંધાયા હતા. જોકે જાનહાનિ કે નુકાસનના કોઈ અહેવાલ મળ્યા નથી. ભૂકંપ બપોરના ૧૨-૦૬ કલાકે આવ્યો હતો. ભૂકંપની ઊંડાઈ ૯૦ કિલોમીટરની હતી. ■

દિલ્હીની હવા ફરી ઝેરીલી બની, ઘણા વિસ્તારોમાં એક્યૂઆઇ ૪૦૦ને પાર

નવી દિલ્હીઃ દિલ્હીની હવા ફરી ઝેરીલી બની ગઇ છે. દિલ્હીવાસીઓને શ્વાસ લેવામાં પણ તકલીફ પડી રહી છે. રાજધાનીની હવા રવિવારે પણ ખૂબ જ ખરાબ રહી હતી અને સરેરાશ હવા ગુણવત્તા સૂચકાંક(એક્યૂઆઇ) ૩૯૧ નોંધાયો હતો. જ્યારે ઘણા વિસ્તારોમાં એક્યૂઆઇ ૪૦૦ને વટાવી ગયો હતો. જે ગંભીર શ્રેણીમાં આવે છે. તાપમાનમાં ઘટાડો અને ધુમ્મસના જાડા થરને કારણે પરિસ્થિતિ વધુ ખરાબ થઇ છે.

રાષ્ટ્રીય રાજધાનીમાં રવિવાર સવારથી જ ધુમ્મસનું હળવું સ્તર છવાયું હતું. આ દરમિયાન લઘુત્તમ તાપમાન ૧૧ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. જે સામાન્ય કરતાં ૩.૩ ડિગ્રી ઓછું હતું. શિયાળાના આરંભના સંકેતો વચ્ચે આ તાપમાન રાજધાનીમાં હવામાનમાં અચાનક ફેરફારનો સંકેત આપે છે.

સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ(સીપીસીબી)ના ડેટા અનુસાર અલીપુરમાં એક્યૂઆઇ ૪૧૪, આનંદ વિહાર ૪૧૨, અશોક વિહાર ૪૧૬, બવાના ૪૩૬, બુરાડી ક્રોસિંગ ૪૩૦, ચાંદની ચોક ૪૧૦, દ્વારકા સેક્ટર-૮માં ૩૮૧, આઇજીઆઇ એરપોર્ટ ૩૫૮, આઇટીઓ ખાતે ૪૨૦, જહાંગીરપુરી ૪૩૩, લોદી રોડ ૩૦૯, નરેલા ૪૧૯, પંજાબી બાગ ૪૧૫, આરકે પુરમ ૪૨૧, રોહિણી ૪૩૫ અને વજીરપુરમાં ૪૩૬ નોંધાયો હતો.

આ આંકડાઓ દર્શાવે છે કે દિલ્હીમાં મોટાભાગના સ્થળોએ પ્રદૂષણ ગંભીર સ્તરે અથવા તેની ખૂબ નજીક રહ્યું હતું. દિલ્હીની નજીક આવેલા શહેરોમાં પણ હવાની ગુણવત્તા ખૂબ જ ખરાબ રહી હતી. દિલ્હીની જેમ નોઇડા, ગ્રેટર નોઇડા, ગાઝિયાબાદ અને ગુરુગ્રામમાં પણ હવા શ્વાસ લેવા યોગ્ય ન હતી અને સવાર આખી ધુમ્મસની ચાદર છવાયેલી રહી હતી. એર ક્વોલિટી અર્લી વોર્નિંગ સિસ્ટમ(ઇડબ્લ્યૂડીએસ)એ આગાહી કરી છે કે આગામી દિવસોમાં એક્યૂઆઇ ખૂબ જ ખરાબ શ્રેણીમાં રહેશે. શનિવારે સાંજે રાજધાનીનો સરેરાશ હવા ગુણવત્તા સૂચકાંક(એક્યૂઆઇ) ૩૭૨ પર પહોંચી ગયો હતો. ■

'આપ'નો ધારાસભ્ય ઑસ્ટ્રેલિયા ભાગી ગયો

ચંડીગઢ : પંજાબના આપના ધારાસભ્ય હરમીત સિંહ પઠાનમાજરા બળાત્કાર કેસમાં બે સપ્ટેમ્બરથી ફરાર છે. હવે ખુલાસો થયો છે કે તે ઓસ્ટ્રેલિયા ભાગી ગયા છે. તેના ફરાર થવાથી પોલીસ પર સવાલો ઉઠી રહ્યા છે કારણ કે સનૌરના ધારાસભ્યના સંભવિત ઠેકાણાઓ પર દરોડા પાડવા છતાં પોલીસ તેને પકડી શકી ન હતી. પટિયાલા પોલીસે આમ આદમી પાર્ટીના ધારાસભ્ય સામે લુકઆઉટ નોટિસ પણ જાહેર કરી હતી.

વાસ્તવમાં પઠાનમાજરા શુક્રવારે ઓસ્ટ્રેલિયા સ્થિત એક પંજાબી વેબ ચેનલ સાથેના એક વીડિયો ઇન્ટરવ્યૂમાં જોવા મળ્યો હતો. જેમાં તેમણે દાવો કર્યો હતો કે તે ''જામીન મળ્યા પછી જ'' ઘરે પરત ફરશે. તેમની પરના તમામ આરોપોને નકારી કાઢતા તેમણે આ કેસને ''રાજકીય ષડયંત્ર'' ગણાવ્યો હતો. તેમણે આરોપ લગાવ્યો હતો કે આ પંજાબના લોકોના અવાજને દબાવવા માટે કરવામાં આવી રહ્યું છે.

ન્યાયતંત્રમાં સંપૂર્ણ વિશ્વાસ વ્યક્ત કરતા પઠાનમાજરાએ આરોપ લગાવ્યો હતો કે પંજાબમાં મંત્રીઓ અને ધારાસભ્યોની મહત્ત્વપૂર્ણ બાબતો પર સલાહ લેવામાં આવતી નથી અને અભિવ્યક્તિની સ્વતંત્રતા પર અંકુશ લગાવવામાં આવી રહ્યો છે. દિલ્હીમાં હાર્યા પછી તે નેતાઓએ હવે પંજાબ પર કબજો જમાવી લીધો છે અને તે જ રીતે તેને બગાડી રહ્યા છે.

હાલમાં પટિયાલા કોર્ટે બળાત્કારના કેસમાં હાજર ન થવા બદલ પઠાનમાજરા સામે કાર્યવાહી શરૂ કરી છે. પંજાબ પોલીસ તેમની ધરપકડ કરવા માટે હરિયાણાના કરનાલ ગઈ હતી. જોકે, પહેલી વાર ધારાસભ્ય બનેલા પઠાનમાજરા પોલીસ કસ્ટડીમાંથી ભાગી ગયો હતો.

પોલીસે અગાઉ દાવો કર્યો હતો કે જ્યારે પોલીસ ધારાસભ્યની ધરપકડ કરવા માટે કરનાલ જિલ્લાના ડાબરી ગામમાં ગઈ હતી, ત્યારે ધારાસભ્યના સમર્થકોએ પોલીસ ટીમ પર ગોળીબાર કર્યો હતો અને પથ્થરમારો કર્યો હતો. જોકે, પઠાનમાજરા ફાયરિંગમાં સંડોવણીનો ઇનકાર કરતા કહ્યું હતું કે તે ''બનાવટી એન્કાઉન્ટર'' માં માર્યા જશે તે જાણીને ભાગી ગયો હતો.

૧ સપ્ટેમ્બરના રોજ પોલીસે સિવિલ લાઇન્સ પોલીસ સ્ટેશનમાં

(જુઓ પાનું ૨) ▶▶

જમ્મુમાં અસંખ્ય સ્થળે ત્રાસવાદ-વિરોધી દરોડા

જમ્મુ : જમ્મુ અને કાશ્મીર પોલીસે જમ્મુના વિવિધ વિસ્તારમાં ત્રાસવાદવિરોધી દરોડા રવિવારે લંબાવ્યા હતા. આ દરોડામાં પાકિસ્તાનમાંથી ઓપરેટ કરતા સ્થાનિક આતંકવાદીઓ અને તેના જમીની કાર્યકર્તાને લક્ષ્ય બનાવામાં આવ્યા હતા. રામવન, દોડા, કથુઆ, રેસાઈ, કિશ્તેવર, પૂંછ અને રાજૌરીમાં વ્યાપક દરોડા પાડવામાં આવ્યા હતા. શનિવારે દોડા જિલ્લામાં અનેક શંકાસ્પદ ઈસમોને પૂછપરછ માટે બોલાવામાં આવ્યા હતા. ગુપ્તચર અહેવાલો આવ્યા છે કે ટેકરીમાં સક્રિય આતંકવાદીઓ શિયાળામાં સપાટ મેદાન પ્રદેશમાં સલામત જગ્યા શોધી રહ્યા છે. આ અહેવાલોને પગલે દરોડા પાડવામાં આવ્યા હતા. ■

અમેરિકા અને જ્યોર્જિયામાં ભારતના બે મોસ્ટ વોન્ટેડ ગૅંગસ્ટરની ધરપકડ

નવી દિલ્હીઃ હરિયાણા પોલીસ અને સુરક્ષા એજન્સીઓને આંતરરાષ્ટ્રીય સ્તરે મોટી સફળતા સાંપડી છે. ભારતના બે મોસ્ટ વોન્ટેડ ગેંગસ્ટર વેંકટેશ ગર્ગ અને ભાનુ રાણાને જ્યોર્જિયા અને અમેરિકામાં અટકાયતમાં લેવામાં આવ્યા છે. આ બંનેને ભારત પરત લાવવાની પ્રક્રિયા શરૂ થઇ ગઇ છે. વેંકટેશ ગર્ગને જલદી જ્યોર્જિયાથી ભારત પ્રત્યાર્પણ કરવામાં આવશે. જ્યારે ભાનુ રાણાને અમેરિકાથી ડિપોર્ટ કરવામાં આવશે.

વેંકટેશ ગર્ગ હરિયાણાના નારાયણગઢનો રહેવાસી છે. તેના વિરુદ્ધ હત્યા, લૂંટ અને ખંડણીના ૧૦થી વધુ ગંભીર કેસ નોંધાયેલા છે. તે ગુરુગ્રામમાં બસપા નેતાની હત્યામાં પણ સંડોવાયેલો હતો. વેંકટેશએ નકલી પાસપોર્ટનો ઉપયોગ કરીને વિદેશ ભાગી ગયા બાદ જ્યોર્જિયાને નવો અડ્ડો બનાવ્યો હતો. તે જ્યોર્જિયાથી શૂટર્સની ભરતી કરતો હોવાનો તપાસ એજન્સીઓએ ખુલાસો કર્યો છે. તાજેતરમાં દિલ્હીમાં થયેલી ગોળીબારની ઘટનામાં ધરપકડ કરાયેલા આરોપીઓની પૂછપરછ દરમિયાન આ માહિતી સામે આવી છે. વેંકટ સોશ્યલ મીડિયાના માધ્યમથી યુવાનોને પૈસાની લાલચ આપીને પોતાની ગેંગમાં સામેલ કરતો હતો. તે કપિલ સાંગવાન સાથે મળીને ખંડણી સિન્ડિકેટ ચલાવે છે.

ભાનુ રાણા હરિયાણાના કરનાલનો રહેવાસી છે. તે લોરેન્સ બિશ્નોઇ ગેંગ સાથે સંકળાયેલો છે અને હથિયાર સપ્લાઇ નેટવર્કનું સંચાલન કરે છે. કરનાલ એસટીએફએ તેના ઇશારે કામ કરતા બે શખ્સોની હથિયારો સાથે ધરપકડ કરી હતી. ભાનુ રાણા જેલમાં બંધ હોવા છતાં મોબાઇલ અને સોશ્યલ મીડિયા દ્વારા તેની ગેંગને નિર્દેશ આપતો

(જુઓ પાનું ૨) ▶▶

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

સીસીટીવી બંધ, મધરાતે વાનની એન્ટ્રી ને પંચના લૂલા બચાવ

બિહાર વિધાનસભાની ચૂંટણીમાં પહેલા તબક્કાનું મતદાન પતી ગયું ને મંગળવારે બીજા તબક્કાનું મતદાન છે પણ એ પહેલાં રાષ્ટ્રીય જનતા દળે ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન્સ (ઈવીએમ)માં ગરબડનો આક્ષેપ કરતાં કહેવાતી વોટ ચોરીનો મામલો પાછો ચગ્યો છે. આરજેડીએ સોશ્યલ મીડિયા પર એક વીડિયો મૂકીને દાવો કર્યો છે કે, વૈશાલી જિલ્લાના હાજીપુરમાં વિવિધ વિધાનસભા મતવિસ્તારોના ઈવીએમ રખાયાં છે એ સ્ટ્રોંગ રૂમમાં વારાફરતી સીસીટીવી ફૂટેજ બંધ કરી દેવાયા હતા અને અડધી રાતે એક પિકઅપ વાન અંદર ઘૂસી હતી. આ વાન ૧૫ મિનિટ પછી બહાર નિકળી હતી.

સમસ્તીપુર જિલ્લામાં તો સીસીટીવી લગભગ અડધો કલાક માટે બંધ થઈ ગયા હતા જ્યારે સમસ્તીપુરની મોહિઉદ્દીન નગર વિધાનસભા બેઠકનાં ઈવીએમ રખાયાં છે ત્યાં એક શંકાસ્પદ વ્યક્તિ ઘૂસ્યો હોવાનો આક્ષેપ પણ આરજેડીએ કર્યો છે. આરજેડીએ મોં-માથા વિનાના આક્ષેપો નથી કર્યા પણ બધા આક્ષેપોના સમર્થનમાં વીડિયો ફૂટેજ પણ સોશ્યલ મીડિયા પર મૂક્યા છે તેના કારણે આ આક્ષેપોની ગંભીરતા વધી જાય છે.

ચૂંટણી પંચે આરજેડીના હાજીપુરના સ્ટ્રોંગ રૂમની સુરક્ષામાં ચૂકના આક્ષેપોનો જવાબ આપ્યો છે અને રાબેતા મુજબ આરજેડીના આક્ષેપોને બોગસ ગણાવ્યા છે. બહુ મજાની વાત પાછી એ છે કે, ચૂંટણી પંચે સીસીટીવી બંધ થઈ ગયેલા એવું સ્વીકાર્યું છે અને કેમ્પસમાં પિકઅપ વાન આવેલી એવું પણ કબૂલ્યું છે ને છતાં રાષ્ટ્રીય જનતા દળના સ્ટ્રોંગ રૂમની સુરક્ષામાં ભંગનો આક્ષેપ કરતી સોશ્યલ મીડિયા પોસ્ટને ગેરમાર્ગે દોરનારી અને તથ્યો વગરની ગણાવીને ફગાવી દીધી છે.

ચૂંટણી પંચે જે ખુલાસો કર્યો છે એ પણ સાંભળવા જેવો છે. ચૂંટણી પંચના કહેવા પ્રમાણે, દરેક મતવિસ્તારમાં સ્ટ્રોંગ રૂમના સીસીટીવી ફૂટેજના ફીડના ડિસ્પ્લે કંટ્રોલ રૂમમાં અને સ્ટ્રોંગ રૂમની નજીક રાજકીય પક્ષો અને ઉમેદવારોના પ્રતિનિધિઓ માટે બનેલા એરિયામાં એમ બે સ્થળે લગાડાયા છે. રાજકીય પક્ષો અને ઉમેદવારોના પ્રતિનિધિઓ માટે બનેલા એરિયામાં હાજીપુર લોકસભા બેઠકના પાંચ વિધાનસભા મત વિસ્તારોમાંથી મહનાર બેઠકના સીસીટીવી ફૂટેજના ફીડ ડિસ્પ્લે સ્ક્રીન ઓટો ટાઇમઆઉટ થવાને કારણે થોડી વાર માટે બંધ થઈ ગયા હતા પણ તેને થોડી જ મિનિટોમાં ફરીથી ચાલુ કરાવી દેવામાં આવ્યા હતા. બીજી તરફ કંટ્રોલ રૂમમાં લાગેલા મહનાર મતવિસ્તાર માટે સીસીટીવી ફૂટેજ ડિસ્પ્લે સ્ક્રીન કોઈપણ વિક્ષેપ વિના ચાલુ જ હતા.

આ જવાબ વાહિયાતપણાની ચરમસીમા જેવો છે. ભાજપ વિરોધી રાજકીય પક્ષોનો આક્ષેપ છે કે, ઈવીએમ બદલી દેવામાં આવે છે અથવા તેમાં ગરબડ કરવામાં આવે છે. આ આક્ષેપો નિરાધાર છે એવું સાબિત થાય એ માટે જ રાજકીય પક્ષોના પ્રતિનિધિઓને ઈવીએમ પર નજર રાખવાની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે પણ સીસીટીવી જ ના ચાલે તો આખી વ્યવસ્થાનો મતલબ શો ? સીસીટીવી કેટલી મિનિટો માટે બંધ રહ્યા તેની પણ કોઈ ચોખવટ કરાઈ નથી પણ ગરબડ કરવા કે ઈવીએમ બદલવા માટે એક-બે મિનિટ પણ પૂરતી હોય છે એ જોતાં આખી વ્યવસ્થા શંકાસ્પદ ગણાય.

ચૂંટણી પંચ કંટ્રોલ રૂમના સીસીટીવી ચાલુ હતા એવો દાવો કરે છે પણ તેનો મતલબ નથી. કંટ્રોલ રૂમના સીસીટીવીમાં સીન ફ્રીઝ કરી દેવાય ને ટાઈમર ચાલુ રહે એવી ગોઠવણ કરવી એ ડાબા હાથનો ખેલ છે. બીજું કે, કંટ્રોલ રૂમમાં નજર નાંખનારા તો તંત્રના જ લોકો છે ને એ લોકો પોતે ગરબડ કરી હોય તો થોડું સામેથી કબૂલવાના છે ?

ચૂંટણી પંચે હાજીપુરમાં સ્ટ્રોંગ રૂમમાં પિકઅપ વાનના આવવા-જવાના આક્ષેપોની પણ તપાસ કરવામાં આવી હોવાનો દાવો કર્યો છે. પંચના કહેવા પ્રમાણે, હાજીપુરમાં અડધી રાતે આવેલી પિકઅપ વાન સ્ટ્રોંગ રૂમની સુરક્ષામાં તૈનાત જવાનોનો બેડિંગ, ભોજન વગેરે સામાન લઈને અંદર ગઈ હતી અને ૧૫ મિનિટમાં પાછી આવી ગઈ હતી. સ્ટ્રોંગ રૂમ વાહનની એન્ટ્રી અને એક્ઝિટનો રેકોર્ડ કોલેજ કેમ્પસના મેઇન ગેટ પર તહેનાત સિક્યોરિટી ગાર્ડ્સના રજિસ્ટરમાં નોંધાયો છે. ચૂંટણી પંચના કહેવા પ્રમાણે, હાજીપુર સ્ટ્રોંગ રૂમ કોલેજ કેમ્પસમાં બનાવવામાં આવેલો છે અને તેની ત્રણ-સ્તરીય સુરક્ષા કરવામાં આવી છે તેથી કોઈ ગરબડનો સવાલ જ નથી.

પંચનો આ જવાબ પણ શંકાસ્પદ છે કેમ કે સુરક્ષા જવાનોના સામાનની વ્યવસ્થા અચાનક અડધી રાતે કરવી પડે એ વાત જ ગળે ઊતરે એવી નથી. ઈવીએમ રાખવા માટેનો સ્ટ્રોંગ રૂમ ક્યાં હશે એ પહેલેથી નક્કી હોય છે. આ સ્ટ્રોંગ રૂમમાં કેટલા અને ક્યાં ક્યાં જવાનો તૈનાત હશે એ પણ પહેલાંથી નક્કી હોય છે તેથી તેમના રહેવા-જમવાની વ્યવસ્થા પહેલેથી કરી જ દેવાતી હોય છે. તેના માટે અડધી રાત્રે વાન ના મોકલવી પડે, સિવાય કે એ વ્યવસ્થા જાણી જોઈને ના કરાઈ હોય. ચૂંટણી પંચે હાજીપુર અંગે ગળે ના ઊતરે એવા જવાબો આપ્યા જ્યારે સમસ્તીપુરમાં શું થયું તેનો તો ફોડ જ નથી પાડ્યો.

ચૂંટણી પંચ સાચું બોલે છે કે નહીં એ ખબર નથી કેમ કે ચૂંટણી પંચની કોઈ વિશ્વસનીયતા નથી. ચૂંટણી પંચ સત્તામાં બેઠેલા લોકોના તળવાં ચાટે છે અને તેમને જીતાડવાના કાવાદાવામાં ભાગીદાર છે એવા આક્ષેપો થાય છે. આ પ્રકારની ઘટનાઓ બને ત્યારે આ આક્ષેપો સાચા લાગે કેમ કે તેનાથી બીજું કશું ભલે સાબિત ના થાય પણ એક વાત તો સાબિત થાય જ છે કે, ચૂંટણી પંચ એકદમ શંકાથી પર રહે એ રીતે ચૂંટણી કરાવવામાં નિષ્ફળ ગયું છે. ચોક્કસ ભાગના સીસીટીવી બંધ થઈ જાય કે સ્ટ્રોંગ રૂમમાં અડધી રાત્રે વાહન જાય તેના કારણે શંકા પેદા થાય જ. ચૂંટણી પંચનું કામ જ આ પ્રકારની નાની પણ શંકા પેદા ના થાય અને સો ટકા નિષ્પક્ષ તથા આક્ષેપરહિત ચૂંટણી કરાવવાનું છે. ચૂંટણી પંચ એ નથી કરાવી શકતું એ સ્પષ્ટ છે. લોકશાહીમાં ચૂંટણી સંપૂર્ણ નિષ્પક્ષ અને શંકાથી પર હોવી જોઈએ પણ પંચ તેની એ જવાબદારી નિભાવી નથી શકતું તેના કારણે ચૂંટણી પંચ શંકાના દાયરામાં છે.

આઘાત તો એ જોઈને લાગે કે, ચૂંટણી પંચ શંકાસ્પદ હરકતોનો બેશરમ બનીને બચાવ કરે છે અને હાથ ખંખેરી નાખે છે. શંકા થાય એવી ઘટનાઓ બની તેના માટે જવાબદારો સામે પગલાં લેવાની વાત તો છોડો પણ આવી ઘટના કેમ બની તેનો ખુલાસો કરવાની પણ પંચ તસદી નથી લેતું. આમ થયું, તેમ થયું એવા ઉભડક ખુલાસા કરીને આ વાતનો વીંટો વાળી દેવાય છે.

આ વલણ દેશની લોકશાહી માટે ખતરનાક છે. ■

આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન – સૌરહેમંતઋતુ, સોમવાર, તા. ૧૦-૧૧-૨૦૨૫,
બ્રહ્મલિન પૂ. શ્રી ડોંગરેજી મહારાજની પુણ્યતિથિ

- ભારતીય દિનાંક ૧૯, માહે કાર્તિક, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, કાર્તિક વદ-૬
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે કાર્તિક, તિથિ વદ-૬
- પારસી શહેનશાહી રોજ ૨૮મો જમીઆદ, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૮મો જમીઆદ, માહે ૪થો તીર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૬મો આસતાદ, માહે ૯મો આદર, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૧૮મો, માહે ૫મો જમાદિલ અવ્વલસને ૧૪૪૭
- મીસરી રોજ ૨૦મો, માહે ૫મો જમાદિલ અવ્વલ,સને ૧૪૪૭
- નક્ષત્ર પુનર્વસુ સાંજે ક. ૧૮-૪૭ સુધી, પછી પુષ્ય
- ચંદ્ર મિથુનમાં બપોરે ક. ૧૩-૦૨ સુધી, પછી કર્કમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મિથુન (ક, છ, ઘ), કર્ક (ડ, હ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૪૪, અમદાવાદ ક. ૦૬ મિ. ૫૧, સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૦૦, અમદાવાદ ક. ૧૭ મિ. ૫૬, સ્ટા. ટા.

–: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :–

- ભરતીઃ બપોરે ક. ૧૪-૫૧, મધ્યરાત્રે ક. ૦૪-૦૨ (તા. ૧૧)
- ઓટઃ સવારે ક. ૦૯-૨૪, રાત્રે ક. ૨૧-૦૭
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, કાર્તિક કૃષ્ણ – ષષ્ઠી. બ્રહ્મલિન પૂ. શ્રી ડોંગરેજી મહારાજની પુણ્યતિથિ, ભદ્રા પ્રારંભ મધ્યરાત્રે ક. ૨૪-૦૬.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ ચંદ્ર-ગુરુ ગ્રહદેવતાનું પૂજન, અદિતિ પૂજન, પરદેશનું પસ્તાનું, વિદ્યારંભ, હજામત, પ્રયાણ, ધાન્ય ભરવું, બી વાવવું, નવા વસ્રો, આભૂષણ વેપાર, સ્થાવર લેવડદેવડ, પશુ લે-વેંચ, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, બાળકને અન્નપ્રાશન, દેવદર્શન, દુકાન-વેપાર, પ્રથમ વાહન, યંત્રારંભ, વૃક્ષ વાવવા, ઉપવાટિકા બનાવવી, નવી તિજોરીની સ્થાપના ઘર-ખેતર જમીન, મકાન, લેવડદેવડ, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા.
- આચમનઃ ચંદ્ર-ગુરુ યુતિ સહાનુભૂતિવાળા, ચંદ્ર-શનિ ત્રિકોણ કરકસરિયા, ચંદ્ર-નેપ્ચૂન ત્રિકોણ સ્વપ્નદ્રષ્ટા
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-ગુરુ યુતિ, ચંદ્ર-શનિ ત્રિકોણ, ચંદ્ર-નેપ્ચૂન ત્રિકોણ, બુધ સ્તંભી થઈ વક્રી થશે. ચંદ્ર-પુનર્વસુ યુતિ, ગુરુ સ્તંભી થઈ વક્રી થશે.
- ગ્રહગોચરઃ સૂર્યતુલા, મંગળ-વૃશ્ચિક, વક્રી બુધ-વૃશ્ચિક, ગુરુ-કર્ક, શુક્ર-તુલા, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

સ્ટેટ બૅન્કનું એટીએમ ચોરાયું

જૈસલમેર : અજ્ઞાત ચોરોએ રાજસ્થાનના જૈસલમેર જિલ્લાના ગામમાં એટીએમ કાઢીને ચોરીને લઈ ગયા હતા, એવી માહિતી પોલીસે આપી હતી. શનિવારે રાત્રે નેહદા ગામમાં આ બનાવ બન્યો હતો. ચોરોએ સ્ટેટ બૅન્ક ઑફ ઇન્ડિયાનું ઓટોમેટેડ ટેલર મશીન (એટીએમ) ચોરી ગયા હતા.

પોલીસના કહેવા પ્રમાણે ચોરો એક વાહનમાં આવ્યા હતા અને દોરડાને વાહન સાથે બાંધ્યું હતું. એટીએમ મશીનને મૂળથી ખેંચી કઢાયું હતું. ચોરો ત્યાર બાદ મશીન લઈને ભાગી ગયા હતા. રવિવારે સવારે ગ્રામવાસીઓએ એટીએમ ગાયબ થવાની જાણ પોલીસને આપી હતી.

અધિકારીઓએ કહ્યું હતું કે સીસીટીવી ફૂટેજની મદદથી ચોરોને શોધવાના પ્રયાસો ચાલુ છે. એટીએમ મશીનમાં કેટલી રોકડ હતી એ હજી જાણી શકાયું નથી. ■

વિપક્ષ ઘૂસણખોરો માટે 'કોરિડોર' બનાવવાનો કરી રહ્યું છે પ્રયાસઃ અમિત શાહ

સાસારામ/અરવલ (બિહાર) : કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે રવિવારે 'ઈન્ડિયા' ગઠબંધન પર આરોપ લગાવ્યો હતો કે તે ''ઘૂસણખોરો માટે કોરિડોર'' બનાવવાનો પ્રયાસ કરી રહ્યું છે. જ્યારે વડા પ્રધાન નરેન્દ્ર મોદી ઈકોનોમિક કોરિડોર બનાવવા માગે છે. બિહાર વિધાનસભા ચૂંટણીના બીજા અને અંતિમ તબક્કાના પ્રચારના અંતિમ દિવસે બિહારના સાસારામ અને અરવલમાં સતત રેલીઓને સંબોધતા અમિત શાહે ભવિષ્યને લઈને વચન આપ્યું હતું કે પાકિસ્તાન પર ફેંકવામાં આવનારા મોર્ટાર શેલ આ રાજ્યની એક ઓર્ડનન્સ ફેક્ટરીમાં બનાવવામાં આવશે.

અમિત શાહે આરોપ લગાવ્યો હતો કે તાજેતરમાં રાહુલ અને લાલુના પુત્ર (તેજસ્વી યાદવ) એ મતદાતા અધિકાર યાત્રા કાઢી હતી. તેનો હેતુ બિહારમાં રહેતા ગરીબો, દલિતો અને ઈબીસીના જીવનમાં કોઈ સુધારો લાવવાનો નહોતો. તેનો હેતુ ઘૂસણખોરોને બચાવવાનો હતો. ભાજપના ભૂતપૂર્વ પ્રમુખે કહ્યું હતું કે વિરોધ પક્ષની વોટ બૅન્કની રાજનીતિના કારણે તેઓ ઘૂસણખોર કોરિડોર બનાવવાના પ્રયાસો કરી રહ્યા છે, જ્યારે નરેન્દ્ર મોદી ઔદ્યોગિક કોરિડોર બનાવી રહ્યા છે. શાહે રાહુલ ગાંધીના એ આરોપ પર પણ આકરા પ્રહારો કર્યા જેમાં તેઓ કહી રહ્યા છે કે દેશમાં વોટ ચોરી થઈ રહી છે. તેમણે પૂછ્યું હતું કે વોટ ચોરી થઈ રહી છે તો તેઓ ચૂંટણી પંચમાં ઔપચારિક ફરિયાદ કેમ નથી કરતા? જ્યારે કેન્દ્રમાં મનમોહન સિંહ, સોનિયા ગાંધી અને લાલુની સરકાર હતી ત્યારે આતંકવાદીઓ આપણી ધરતી પર ઈચ્છા મુજબ હુમલો કરતા હતા. તેનાથી વિપરીત હવે આપણે આતંકવાદીઓને તેમના ઘરોમાં જ મારી રહ્યા છીએ. ભવિષ્યમાં જો પાકિસ્તાનના આતંકવાદીઓ ફરીથી હુમલો કરવાની હિંમત કરશે તો તેમના દ્વારા ચલાવવામાં આવતી ગોળીઓનો મોર્ટાર શેલથી જવાબ આપવામાં આવશે. શું તમે જાણો છો કે આ મોર્ટાર શેલ ક્યાં બનાવવામાં આવશે? બિહારમાં, સાસારામમાં, કારણ કે મોદી અહીં ડિફેન્સ કોરિડોર બનાવવાનો પ્રયાસ કરી રહ્યા છે.

ભાજપના નેતાએ કૉંગ્રેસ અને આરજેડી પર અયોધ્યામાં રામ મંદિરના નિર્માણને ''રોકવાનો પ્રયાસ'' કરવા બદલ પણ આકરા પ્રહારો કર્યા હતા. આજે વડા પ્રધાન મોદીના સત્તામાં આવવા પર તે સ્થળે એક ગગનચૂંબી મંદિર બનાવવામાં આવ્યું છે. ભાજપના ભૂતપૂર્વ અધ્યક્ષે કહ્યું હતું કે, હું તમને વર્તમાન ચૂંટણીના પરિણામ અગાઉથી કહી શકું છું. રાજ્યમાં આ મારી ૩૭મી રેલી છે અને હું કહી શકું છું કે લાલુ અને તેમના સાથીઓ પહેલા તબક્કામાં જ સાફ થઈ જશે. તમારે યાદ રાખવું જોઈએ કે વિપક્ષ નવા વેશમાં આવ્યો છે, પરંતુ તેમના ચૂંટણી પ્રતીકો એ જ લાલ ટેન અને 'પંજો' (હાથ) છે અને તેમનું ચરિત્ર પણ એ જ છે. ■

ધડાકામાં જવાન ઘાયલ

સુકમા (છત્તીસગઢ): નક્સલવાદીઓએ છત્તીસગઢના સુકમા જિલ્લામાં મૂકેલા પ્રેસર ઈમ્પ્રુવાઇઝડ એક્સપ્લોઝિવ ડિવાઈસ (આઈઈડી)માં બ્લાસ્ટ થતાં સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (સીઆરપીએફ)નો જવાન ઘાયલ થયો હતો, એવી માહિતી અધિકારીઓએ આપી હતી. ઘટના ફુલબગડી પોલીસ સ્ટેશન હેઠળના ગોગુન્ડાની ટેકરીની નજીક બપોરે પોણાએક વાગ્યે બની

હતી. સુરક્ષા જવાનોની ટીમ અહીં એક ઑપરેશનમાં આવી હતી. આ જવાન સીપીઆરએફની ૭૪મી બેટાલિયન પ્રેસર આઈડીના સંપર્કમાં ભલથી આવ્યો હતો. ■

યુપીમાં ભૂતપૂર્વ કોર્પોરેટરની હત્યા

ઈતાહ (ઉત્તર પ્રદેશ) ઈતાહ રેલવે સ્ટેશનમાં પાટાની નજીક ભૂતપૂર્વ નગરસેવકનો મૃતદેહ મળી આવ્યો હતો. મૃતકનું નામ હમીદ અલી ઉર્ફે પપ્પુ છે. તેમની છાતી પર ગોળી વાગવાથી થતો ઘા હતો. આ સૂચવે છે કે તેમને ઠાર મરાયા છે. પોલીસે ઘટનાસ્થળે આવીને તપાસ ચાલુ કરી છે. ફોરેન્સિક ટીમ અને શ્વાનપથક ઘટનાસ્થળે પહોંચી ગયા. પોલીસ અધિકારીએ કહ્યું હતું કે પ્રાથમિક તપાસમાં માલૂમ પડ્યું છે કે ગોળી વાગવાથી અલીનું મૃત્યું થયું હતું. આ કેસ ઉકેલવા અનેક ટીમની રચના કરવામાં આવી છે. હત્યા પાછળના હેતુની તપાસ થઇ રહી છે. કેસ ઝડપથી ઉકેલી લેવામાં આવશે. (એજન્સી)■

ફિલિપાઈન્સમાં વાવાઝોડાએ વિનાશ વેર્યો

મનિલા (ફિલિપાઈન્સ) : સુપર વાવાઝોડું ફંગ વોન્ગે ફિલિપાઈન્સના ઈશાનના સમુદ્રતટને ધમરોળી નાખ્યું હતું. આ વાવાઝોડાને લીધે ભારે જાનહાનિ થઈ હતી અને ઓચિંતા પૂર, ભૂસ્ખલન અને ભરતીના ભયથી દસ લાખથી વધારે લોકોનું સ્થાળાંતર કરવું પડ્યું હતું. હવામાન ખાતાએ આગાહી કરી હતી કે ઉષ્ણકટીબંધીય ચક્રવાત અગ્નિએશિયાના બે તૃતીયાંશ દ્વિસમૂહ પર ત્રાટકશે.

ફિલિપાઈન્સ હજી તો વંટોળ કાલમેગીના આઘાતમાંથી બહાર આવી રહ્યું હતું ત્યારે પેસિફિકમાંથી નવું વાવાઝોડું ફિલિપાઈન્સ પર ત્રાટકવાનું છે. કાલમેગીમાં ૨૨૪ લોકો મરણ પામ્યા હતા. આ વાવાઝોડાએ વિયેટનામમાં પણ વિનાશ વેર્યો હતો અને પાંચ જણનું મરણ થયું હતું.

પૂર્વના પ્રાંત કેટનડુઆન્સમાં એક ગ્રામવાસીનું મરણ થયું હતું. કેટબાલોગન સિટીમાં એક જણ મરણ પામ્યો હતો.

ફિલિપાઈન્સના પ્રમુખ ફર્ડીનાન્ડ માર્કોશ જુનિયરે કાલમેગીની તવાઈને લીધે કટોકટી જાહેર કરી છે.

હાલના વાવાઝોડામાં પવનની ઝડપ એક કલાકદીઠ ૧૮૫ કિલોમીટરની છે અને વધીને ૨૩૦ થઈ શકે. વાવાઝોડું પૂર્વ કેટનડુઆન્સના પાંડન નગરથી નજીક હતું. તે વાયવ્યમાં આગળ વધીને અરોરા કે ઈશાબેલામાં સોમવારે ટકરાય એવી વકી છે. ■

યુક્રેનમાં અણુ-વીજમથક પર રશિયાના મિસાઈલ-ડ્રોન હુમલા

મોસ્કોઃ રશિયા અને યુક્રેન વચ્ચે છેલ્લાં ત્રણ વર્ષથી યુદ્ધ ચાલી રહ્યું છે. આ દરમિયાન બંને દેશોની સેનાઓ એકબીજા પર હુમલા કરતી રહી છે. રશિયાએ શુક્રવારની રાતથી શનિવારની સવાર સુધીમાં યુક્રેનમાં મોટા પાયે ડ્રોન અને મિસાઇલ હુમલા કર્યા હતા.

મીડિયા અહેવાલ અનુસાર રશિયન હુમલામાં બે પરમાણુ પાવર પ્લાન્ટ ખમેલનિત્સકી અને રિવનેને વીજળી પૂરી પાડતા સબસ્ટેશનોને નિશાન બનાવવામાં આવ્યા હતા. આ અંગે યુક્રેનના વિદેશ પ્રધાન આન્દ્રે સિબિહાએ જણાવ્યું કે આ હુમલા ભૂલથી કરવામાં આવ્યા ન હતા. રશિયાએ જાણીજોઇને યુરોપમાં પરમાણુ સુરક્ષાને જોખમમાં મૂકી છે. આ હુમલામાં ઓછામાં ઓછા સાત લોકોનાં મોત નીપજ્યાં છે. જ્યારે અનેક ઘાયલ થયા છે. નીપર શહેરમાં એક ડ્રોન રહેણાક મકાન પર તૂટી પડતાં ત્રણ લોકોના મોત થયા હતા. જ્યારે ઝાપોરિજિજયામાં ત્રણ અને ખાર્કિવમાં એક વ્યક્તિના મોતની પુષ્ટિ થઇ છે.

વડા પ્રધાન યુલિયા સ્વિરિડેન્કોએ જણાવ્યું કે હુમલાઓને કારણે કિવ, પોલ્ટાવા અને ખાર્કિવ પ્રદેશોમાં ઊર્જા માળખાને ભારે નુકસાન થયું છે. હજારો ઘરોમાં વીજળી અને પાણીનો પુરવઠો ખોરવાઇ ગયો છે. પોલ્ટાવાના અધિકારીઓએ જણાવ્યું કે પાણી પૂરું પાડવા માટે પાવર જનરેટરની મદદ લેવામાં આવી રહી છે. સરકારી ઊર્જા કંપની ત્સેંટ્રેનેર્ગોએ આ હુમલાને ફેબ્રુઆરી ૨૦૨૨માં યુદ્ધ શરૂ થયા પછીનો સૌથી મોટો હુમલો ગણાવ્યો હતો.

રશિયાના સંરક્ષણ મંત્રાલયે એક નિવેદનમાં કહ્યું કે આ હુમલો કિવ દ્વારા રશિયાની અંદર કરવામાં આવેલા ડ્રોન હુમલાના જવાબમાં કરવામાં આવ્યો હતો. યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકીએ આંતરરાષ્ટ્રીય સમુદાયને રશિયાના ઊર્જા ક્ષેત્ર પર વધુ કડક પ્રતિબંધો લાદવાની આપીલ કરી છે. ■

પહેલા પાનાનું ચાલુ

ગુજરાતમાંથી ત્રણ ત્રાસવાદી

ઉત્તર પ્રદેશના રહેવાસી છે, તેમની બનાસકાંઠા જિલ્લામાંથી ધરપકડ કરવામાં આવી હતી.

જોશીએ જણાવ્યું હતું કે આ બંનેએ રાજસ્થાનના હનુમાનગઢથી હથિયારો ખરીદ્યા હતા અને સૈયદને સપ્લાય કર્યા હતા.

પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે આરોપીઓએ લખનઊ, દિલ્હી અને અમદાવાદમાં અનેક સંવેદનશીલ સ્થળોની રેકી કરી હતી. જ્યારે શસ્ત્રો વિશે પૂછપરછ કરવામાં આવી ત્યારે તેમણે ખુલાસો કર્યો કે તેમનો હેન્ડલર પાકિસ્તાન સરહદ પાર ડ્રોન દ્વારા હથિયારોનો જથ્થો મોકલે છે, તેમ અધિકારીએ જણાવ્યું હતું.

આ ત્રણેય પર ગેરકાયદે પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ (યુએપીએ), ભારતીય ન્યાય સંહિતા અને શસ્ત્ર અધિનિયમ હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યો છે, અને સૈયદને ૧૭ નવેમ્બર સુધી એટીએસ કસ્ટડીમાં મોકલવામાં આવ્યો છે, જ્યારે અન્ય બેને રવિવારે કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. ગુજરાત એટીએસ પણ વિવિધ રાજ્યોમાં આ કેસની તપાસ કરી રહી હોવાનું તેમણે ઉમેર્યું હતું. ■

સુરતની મૅચમાં

હાફ સેન્ચુરી પૂરી કરી હતી. આકાશે આ બન્નેને પાછળ રાખી દીધા છે.

મેઘાલય એક દાવથી જીતી શકે

મેઘાલયે પ્રથમ દાવ ૬/૬૨૮ના સ્કોર પર ડિક્લેર કર્યો હતો. એમાં અર્પિત ભાટેવારા (૨૦૭ રન), રાહુલ દલાલ (૧૪૪ રન) અને કૅપ્ટન કિશન લિન્ગડો (૧૧૯ રન) તથા અજય દુહાન (૫૩ રન)ના સૌથી મોટા યોગદાનો હતા, પણ આકાશ ચૌધરી સતત આઠ છગ્ગા ફટકારીને વધુ છવાઈ ગયો હતો. અરુણાચલના ત્રણ બોલરની બોલિંગમાં ૧૦૦થી વધુ રન થયા હતા. અરુણાચલની ટીમ પ્રથમ દાવમાં ૭૩ રનમાં ઑલઆઉટ થઈ અને ફૉલો-ઑન બાદ બીજા દાવમાં એણે ૨૯ રનમાં ત્રણ વિકેટ ગુમાવી હતી. મેઘાલયની ટીમ હજી ૫૨૬ રનથી આગળ છે અને સોમવારે એક દાવથી જીતી શકે. ■

અમેરિકા અને જ્યોર્જિયામાં

હતો. તેનું નેટવર્ક હરિયાણા, પંજાબ અને દિલ્હી સુધી ફેલાયેલું છે.

તપાસ એજન્સીઓના જણાવ્યા અનુસાર હાલમાં બે ડઝનથી વધુ મોટા ગેંગસ્ટરો વિદેશની ધરતી પરથી ભારતમાં સિન્ડિકેટ ચલાવી રહ્યા છે. જેમાં ગોલ્ડી બ્રાર, કપિલ સાંગવાન, અનમોલ બિશ્નોઇ, હેરી બોક્સર, હિમાંશુ ભાઉ જેવા નામોનો સમાવેશ થાય છે. આ ગેંગસ્ટરો પોર્ટુગલ, કેનેડા, અમેરિકા, ઇંગ્લેન્ડ અને યુએઇ જેવા દેશોમાં સક્રિય છે અને ભારતમાં અપરાધનો પાયો મજબૂત કરી રહ્યા છે. ■

ગુજરાતમાંથી કરોડો રૂપિયા

પોતાના આર્થિક ફાયદા સારું યુએસબીટીના ૦.૧૦ ટકા લેખે કમિશન પેટે પણ મેળવેલા હોવાની બાબતો ધરપકડ બાદ બહાર આવી હતી.

સમગ્ર મામલે આરોપી દ્વારા મોબાઈલ ફોન તપાસતા જાણવા મળ્યું હતું કે, આ પકડાયેલા આરોપીઓ પોતાના વોલેટથી અન્ય આરોપીને આપવામાં આવેલા વોલેટ એડ્રેસમાં રૂપિયા મોકલેલા હતા. તેની માહિતી સાયબર એક્સચેન્જ પાસેથી મગાવતા આ વોલેટ પાકિસ્તાનનું જાણવા મળેલું હતું. જે વોલેટમાં કુલ રૂપિયા ૨૫ કરોડની રકમ પૈકી ૧૦ કરોડની રકમ આરોપી દ્વારા જમા કરાઈ હોવાનું પ્રકાશમાં આવ્યું હતું.

લખતર એપીએમસી માર્કેટમાં શિવમ એન્ટરપ્રાઈઝ નામની પેઢી શરૂ કરીને સાયબર ફ્રોડના રૂ.૨૦૦ કરોડ વિદેશ મોકલી આપવાના કૌભાંડમાં પોલીસે ૬ આરોપીની ધરપકડ કરી હતી. શિવમ ટ્રેડિંગના ખાતામાં આવતા નાણા રોકડ ઉપાડ મોરબીમાંથી થતાં હતાં. જેને રાકેશ વાણીયા અને રાકેશ ટેકાવાડિયા પાસેથી પૈસા ઉપાડીને વિજયને આપતા હતા. સુરતનો આરોપી વિજય રબારી આ પૈસા આંગળિયાથી મોકલતો હોવાની બાબતો સામે આવી હતી. વિજય રબારીએ પૈસા પંકજ કથીરિયાને મોકલતો હોવાની બાબત પણ ધરપકડ બાદ સામે આવી હતી. પંકજ કથીરિયા સાથે રહેલા ચેતન ગાંગાણી નાણાં પાકિસ્તાન મોકલ્યા હોવાની બાબતો પણ ધરપકડ બાદ સામે આવી હતી.

આ સાયબર ફ્રોડના પૈસા મામલે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. જેમાં સમગ્ર કનેક્શન મારફત કેવી રીતે નાણાંની લેવડદેવડ કરવામાં આવતી હતી અને કેવી રીતે પાકિસ્તાનને મદદ કરવામાં આવતી હતી તે સમગ્ર મામલે તપાસ હાથ ધરવામાં આવી છે. ત્યારે તપાસના અંતે હજુ વધુ ખુલાસા બહાર આવે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. ■

ગુજરાતના પિતા-પુત્રીની

જાગૃતિબેનને જાણ કરી હતી કે તેઓ ૧૦ દિવસમાં પાછા ફરશે. તેઓ ૩૦ કે ૩૧ ઓક્ટોબરે પાછા ફરવાની અપેક્ષા હતી, પરંતુ ૨૬ ઓક્ટોબરથી ૨ નવેમ્બર દરમિયાન મનાંગ અને આસપાસના વિસ્તારોમાં ભારે હિમવર્ષાને કારણે રસ્તાઓ બંધ થઈ ગયા હતા, જેના કારણે તેઓ પાછા ફર્યા ન હતા અને સંપર્ક અશક્ય બન્યો હતો. પતિ અને પુત્રીનો સંપર્ક ન થઈ શકતા, પત્ની જાગૃતિબેને કડોદ આઉટપોસ્ટ પોલીસને આ બાબતની જાણ કરી હતી.

કડોદ પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી અને જિલ્લા કલેક્ટરને જાણ કરી હતી. ત્યારબાદ કેન્દ્ર સરકારના

નવી બાલવાટિકાની એક મહિનામાં બે લાખ લોકોએ લીધી મુલાકાત, મનપાએ કરી કમાણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કાંકરિયા તળાવ ખાતે રિનોવેટ થયેલી બાલવાટિકા ફન કાર્નિવલ બાળકો અને તેમની સાથે માતા-પિતાને આકર્ષવામાં સફળ થયું છે. ફક્ત ઑક્ટોબરમાં જ લગભગ ૨.૭૫ લાખ મુલાકાતીઓ આવ્યા હતા અને અમદાવાદ મહાનગરપાલિકાને સારી આવક પણ થઈ હતી.

વર્ષો જૂનો કાંકરિયાની ઓળખસમો બાલવાટિકા ચિલ્ડ્રન્સ પાર્ક તાજેતરમાં પીપીપી મોડેલ હેઠળ રિનોવેટ થયો હતો, જેમાં ઘણા આકર્ષણો ઉમેરવામાં આવ્યા છે. આ પાર્કની મુલાકાત એક મહિનાના ૨૮ વર્કિંગ ડેઝમાં કુલ ૨,૭૪,૮૪૯ મુલાકાતીઓએ લીધી હતી એટલે કે રોજના ૯,૮૧૬ જણ પાર્કમાં આવ્યા હતા.

દિવાળી પછીના સમયગાળા દરમિયાન ૨૧ થી ૨૬ ઑક્ટોબર દરમિયાન દૈનિક મુલાકાતીઓની સંખ્યામાં વધારો થયો હતો. આ વર્ષે ૨૦ ઑક્ટોબરે દિવાળી હતી, ત્યારબાદ આગામી છ દિવસમાં મુલાકાતીઓની સંખ્યા ૨૦,૦૦૦ ને વટાવી ગઈ હતી.

૨૫ ઑક્ટોબર, શનિવારનો દિવસ હતો, જ્યારે ૩૨,૩૬૭ લોકો અહીં આવ્યા હતા. આ મુલાકાતીઓએ પાલિકાને કુલ રૂ. ૮૪.૫૧ લાખની કમાણી કરાવી છે, જેમાંથી અમુક રકમ ભાડાપેટે પણ પાલિકાને મળી હતી.

દરમિયાન, કાંકરિયા લેકફ્રન્ટમાં ૬.૫૨ લાખ લોકો આવ્યા હતા, જેણે રૂ. ૫૯.૯૬ લાખની થઈ કિડ્સ સિટીમાં ૫,૨૭૭ મુલાકાતી આવ્યા હતા, જેણે રૂ. ૩.૭૯ લાખ, જ્યારે લેકફ્રન્ટ ટ્રેનમાં ૬૧,૩૦૫ મુસાફરે સફર કરી રૂ. ૧૫.૦૮ લાખની આવક પાલિકાને કરાવી હતી. ■

આજથી સુરતમાં પહેલી ડિજિટલ વસ્તી ગણતરી માટેની પ્રિ-ટેસ્ટ લોંચ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત શહેરમાં આજથી ડિજિટલ વસ્તી ગણતરી માટે પ્રિ-ટેસ્ટ મુખ્ય પ્રધાનના હસ્તે વર્ચ્યુઅલી લોંચ કરવામાં આવશે. ભારત સરકાર દ્વારા વસ્તી ગણતરી માટે પહેલીવાર ટેકનોલોજીનો ઉપયોગ થઈ રહ્યો છે અને પેપરલેસ વસ્તી ગણતરી યોજવામાં આવી રહી છે.

આ ગણતરી વોર્ડ નંબર-૨માં સગરામપુરા ખાતે આજથી ૩૦ તારીખ સુધી ૨૦ દિવસ માટે થશે. આ વિસ્તાર ગીચ હોવાથી તેની પસંદગી કરવામાં આવી છે. આ પ્રિ-ટેસ્ટિંગ માટે મહાનગરપાલિકાએ ૧૫૭ કર્મીઓને ત્રણ દિવસીય તાલીમ આપી હતી.

આ વસ્તી ગણતરીમાં લગભગ ૩૫ જેટલા સવાલો પૂછવામાં આવશે, જેમાં ઉંમર, લગ્ન સંબંધી જાણકારી, રહેણાક, રહેણાક સહિત ખોરાકમાં શું લેવામાં આવે છે, તે પણ પૂછવામાં આવશે, તેમ સૂત્રોએ જણાવ્યું હતું. આવતીકાલે ૧૧.૧૫ વાગ્યે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના હસ્તે વર્ચ્યુઅલી આ પ્રિ-ટેસ્ટ લોંચ થશે, તેવી માહિતી સૂત્રોએ આપી હતી. ■

અમદાવાદ-ગાંધીનગરમાં ચાલુ મહિનામાં જ ભારત ટૅક્સી સેવાની શરૂઆત થવાના સંકેત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ટૂંક સમયમાં ગુજરાતમાં ખાનગી રાઈડ સર્વિસ ઓલા-ઉબર જેવી સહકારી ટૅક્સી સેવા ભારત ટેક્સી શરૂ થવાના સંકેત છે. દેશની રાજધાની દિલ્હી સહિત ગુજરાતમાં પણ આ સેવાનો આરંભ થઈ શકે છે. આ માટે સહકાર વિભાગ દ્વારા રોડ ઍન્ડ ટ્રાન્સપોર્ટ ડિપાર્ટમેન્ટની મંજૂરી માટેની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. તે ઉપરાંત આ માટે ડ્રાઈવરને પણ પોતાની સાથે જોડવામાં આવી રહ્યા છે. આથી ટૂંક સમયમાં આ સર્વિસનો લાભ ગાંધીનગર અને અમદાવાદને મળે તેવા સંકેત મળી રહ્યા છે જેનાથી બેફામ ભાડા, મનસ્વી અને તોછડા વ્યવહારની સામે સારો વિકલ્પ મળી રહેશે. કેન્દ્ર સરકારે ભારત ટૅક્સી નામની કેબ સર્વિસ ખાનગી સેવાઓ આપતી કંપની સામે ટક્કર ઝીલી શકશે, કારણ કે કાર માલિકો કે ડ્રાઇવરોએ કંપનીને કોઈ કમિશન ચૂકવવું પડશે નહીં, એટલે કે સમગ્ર કમાણી સીધી તેમના ખિસ્સામાં જશે. આ કારણોસર, તેઓ ઓલા, ઉબર કે અન્ય કેબ સર્વિસને બદલે ભારત ટૅક્સીની પસંદગી કરશે અને જનતાને સસ્તી અને સુરક્ષિત સેવા મળી રહશે.

ભારત ટૅક્સી એ એક સરકારી કેબ સર્વિસ છે, જેને સહકારિતા મંત્રાલય અને રાષ્ટ્રીય ઇ-ગવર્નન્સ ડિવિઝન દ્વારા તૈયાર કરવામાં આવી છે. આમાં ડ્રાઇવર પાસે પણ માલિકી હક હશે. આ માટે તાજેતરમાં સહકાર ટૅક્સી કો-ઓપરેટિવ લિમિટેડ સાથે ભાગીદારી પણ કરવામાં આવી છે. આ એક સભ્યપદ આધારિત મોડલ છે, જેનું સંચાલન સહકાર ટૅક્સી કો-ઓપરેટિવ લિમિટેડ કરશે.

ભારત ટૅક્સીની ઍપ ચાલુ મહિનાથી ડાઉનલોડ કરી શકાશે. ડિસેમ્બર ૨૦૨૫ થી માર્ચ ૨૦૨૬ સુધીમાં રાજકોટ, મુંબઈ અને પુણેમાં આ સર્વિસ શરૂ થાય તેવી સંભાવના છે. ■

ગુજરાતમાં મગફળી, મગ, અડદ અને સોયાબીનની ટેકાના ભાવે ખરીદી શરૂ

૨૨ જિલ્લામાં ૩૦૦થી વધુ ખરીદ કેન્દ્રો કાર્યરત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં મગફળી, મગ, અડદ અને સોયાબીન જેવા મુખ્ય પાકની ટેકાના ભાવે ખરીદી પ્રક્રિયાનો રવિવારથી શુભારંભ કરાયો હતો, જે ખેડૂતોની નોંધણી થઇ છે તેમને એસએમએસ કરી ખરીદ કેન્દ્રો પર બોલાવવામાં આવી રહ્યાં છે. રવિવારે સવારે ૧૦ વાગ્યાથી રાજ્યના રાજકોટ, ગીર સોમનાથ, અમરેલી સહિત ૨૨ જિલ્લાઓના ૩૦૦થી વધુ ખરીદ કેન્દ્ર પર ટેકાના ભાવે ખરીદી શરૂ કરવામાં આવી છે. ગાંધીનગરના દહેગામમાં કૃષિ પ્રધાન જીતુભાઈ વાઘાણીએ ટેકાના ભાવે ખરીદીનો શુભારંભ કરાવીને ખરીદી માટેના સમગ્ર આયોજનની તલસ્પર્શી માહિતી મેળવી હતી તેમ જ ખરીદી વ્યવસ્થાનું નિરીક્ષણ પણ કર્યું હતું.

રાજ્ય સરકારે આ વર્ષે આશરે રૂ. ૧૫,૦૦૦ કરોડથી વધુ મૂલ્યની ખેત પેદાશોની ટેકાના ભાવે ખરીદી કરવાનો લક્ષ્યાંક રાખ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ભારત સરકાર દ્વારા ખરીફ પાકનું વાવેતર થાય તે અગાઉ જ ટેકાના ભાવ જાહેર કરવામાં આવ્યા હતા. આ ખરીદી પ્રક્રિયા અંતર્ગત મગફળી માટે પ્રતિ ક્વિન્ટલ રૂ. ૭,૨૬૩, મગનો ટેકાનો ભાવ રૂ. ૮,૭૬૮, અડદ માટે પ્રતિ ક્વિન્ટલ રૂ. ૭,૮૦૦ અને સોયાબીન માટે પ્રતિ ક્વિન્ટલ રૂ. ૫,૩૨૮નો ભાવ નિર્ધારિત કરવામાં આવ્યો છે. રાજકોટ, ગીર સોમનાથ, અમરેલી સહિત કુલ ૨૨ જિલ્લાઓમાં ૩૦૦થી વધુ ખરીદ કેન્દ્રો કાર્યરત કરવામાં આવ્યા છે.

જરૂરિયાત મુજબ આ કેન્દ્રોની સંખ્યા વધારવાની પણ જોગવાઈ રાખવામાં આવી છે. ખેડૂતોના હિતમાં પારદર્શિતા જળવાઈ રહે તે માટે ખરીદ કેન્દ્રો પર સીસીટીવી કૅમેરા પણ લગાવવામાં આવ્યા છે. રાજકોટમાં જૂના માર્કેટ યાર્ડ ખાતે મગફળીની ખરીદી શરૂ થઈ છે. જિલ્લામાં કુલ ૧૧ કેન્દ્રો કાર્યરત છે અને ૯.૩૦ લાખથી વધુ ખેડૂતને રજિસ્ટ્રેશન કરાવ્યું છે.અમરેલીના બગસરા એપીએમસીમાં પૂજા-અર્ચના બાદ ખરીદીનો પ્રારંભ થયો હતો, જ્યાં શરૂઆતમાં ૨૧ ખેડૂતોને બોલાવાયા હતા અને બગસરા તાલુકામાં ૫૪૦૭ ખેડૂતોએ નોંધણી કરાવી છે. બનાસકાંઠાના વાવ અને થરાદ માર્કેટ યાર્ડમાં પણ મગફળીની ખરીદી શરૂ થઈ, જ્યાં ખેડૂતોએ સંતોષ વ્યક્ત કર્યો હતો. જૂનાગઢ જિલ્લાના કુલ ૪૨ કેન્દ્રો પૈકી ૧૭ કેન્દ્રો પર મગફળી અને સોયાબીનની ખરીદી શરૂ થઈ છે. અહીં ૧.૧૫ લાખથી વધુ ખેડૂતોએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે, જેમાં કેશોદના ૨૦,૦૩૪ ખેડૂતોનો સમાવેશ થાય છે. ■

છોટા ઉદેપુરના બોડેલીમાં દેવામાં ડૂબેલા વેપારીએ બાબાના ચમત્કારના નામે ₹ ૩૦ લાખ ગુમાવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ છોટા ઉદેપુરમાં આવેલા બોડેલીમાં રહેતા નીલેશ ઓમપ્રકાશ અગ્રવાલે દેવામાંથી છૂટવાની લાલચમાં વધુ રૂ. ૩૦ લાખ ગુમવવાનો વારો આવ્યો છે. ફરિયાદીએ શિનોર પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદ અનુસાર તેઓ અનાજ કરિયાણાનો વેપાર કરે છે અને આરોપીઓ પાસેથી માલ ખરીદતો હોવાથી તેને ઘણા સમયથી ઓળખે છે. તેમાંના એક ઝાકિરે તેને ગોપીનાથ બાબાના ચમત્કારની વાત કરી હતી અને તેમણે મારું દેવું પણ ચૂકતે કરાવી દીધું છે અને તે પૈસા ડબલ કરી આપે છે, તેવી વાત કહી હતી, જેમાં દક્ષેશ નામના અન્ય આરોપીએ તેનો સાથ આપ્યો હતો. તેમની વાત માની મેં ગોપીનાથ બાબાનો સંપર્ક સાધ્યો હતો. ગોપીનાથ બાબાએ વિધિના નામે મને સેગવા ચોકડીથી પોઈચા રોડ લઈ જવા કહ્યું હતું અને સાથે રૂ. ૩૦ લાખ રાખવા જણાવ્યું હતું. ત્યારબાદ હું પૈસા સાથે તેમને લઈ કારમાં પોઈચા તરફ ગયો ત્યારે તેમનો માણસ આવ્યો હતો અને તે પૈસા તેમને આપી દીધા હતા. ત્યારબાદ નાળિયેર અને ચૂંદડી વગેરે લઈ, નર્મદા નદીમાં ફેંકાવી બાબાએ વિધિ પૂરી કરી નાખી અને કામ થઈ જશે તેવી ખાતરી આપી હતી. જોકે પોઈચા બ્રિજથી એક કિમી દૂર પોલીસના માણસોએ ગાડી રોકી હતી અને ચેકિંગ કરતા બાબાના સામાનમાં ગાંજા જેવું કંઈક મળ્યું હોવાનું કહી મને મિત્ર દક્ષેશની હૉટેલ પાસે લઈ ગયા હતા અને રૂ. એક લાખમા પતાવટ કરવા કહ્યું હતું. આ બધુ થયા બાદ મારી સાથે છેતરપિંડી થયાની જાણ મને થઈ હતી. વેપારીએ ગોપીનાથ બાબા ઉર્ફે અય્યુબ બેલીમ, દક્ષેશ ઠાકર અને ભૈમિક ઠાકર તેમ જ ઝાકિર વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. જોકે આ મામલે પોલીસ સાથે સીધો સંપર્ક થઈ શક્યો ન હતો. ■

ખંડણીખોર કીર્તિ પટેલની 'પાસા' હેઠળ ધરપકડ, વડોદરા જેલમાં ધકેલાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત પોલીસ છેલ્લા કેટલાક સમયથી ગુનાહિત ધમકી, ખંડણી અને ખાસ કરીને સોશ્યલ મીડિયાનો દુરુપયોગ કરી ગુનાહિત પ્રવૃત્તિ આચરતા ઇસમો સામે કડક વલણ અપનાવી રહી છે. ગુનાહિત ઈતિહાસ અને વારંવાર ગુના આચરવાની ટેવ ધરાવતા રીઢા ગુનેગારોમાં વિવાદાસ્પદ કીર્તિબેન રણછોડભાઇ પટેલનું નામ મોખરે હતું. આ મામલે સુરતની કાપોદ્રા પોલીસે કીર્તિ પટેલની પાસા હેઠળ અટકાયત કરી વડોદરા મધ્યસ્થ જેલમાં ધકેલી દીધી હતી.

કીર્તિ પટેલ સામે પાસા લગાવવાનો મુખ્ય આધાર કાપોદ્રા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલો હનીટ્રેપ અને ખંડણીનો ગંભીર ગુનો છે. ગત જૂન ૨૦૨૪માં કીર્તિ પટેલ સામે કાપોદ્રા પોલીસમાં ગુનો નોંધાયો હતો. જેમાં એક ફ્લેટ બુક કરાવી કેન્સલ કર્યા બાદ વધુ રકમની માગણી કરનાર એક શખસ સાથે મળીને કીર્તિએ સુરતના એક વૃદ્ધ બિલ્ડરને હનીટ્રેપમાં ફસાવ્યા હતા. હનીટ્રેપમાં ફસાવ્યા બાદ બિલ્ડરને બ્લેકમેઇલ કરીને તેમની પાસેથી બે કરોડ રૂપિયાની ખંડણી માંગવામાં આવી હતી. આ ગુનામાં કાપોદ્રા પોલીસે અગાઉ કીર્તિ પટેલની ધરપકડ કરી હતી. જોકે, જામીન પર છૂટ્યા બાદ પણ તેની પ્રવૃત્તિઓમાં સુધારો ન આવતા, કાયદાનો ખૌફ ઊભો કરવા માટે પોલીસે પાસા હેઠળ અટકાયત કરવાનો નિર્ણય લીધો હતો.

પોલીસે કીર્તિ પટેલ વિરુદ્ધ પાસા પ્રપોઝલ તૈયાર કરતી વખતે તેના લાંબા ગુનાહિત ઇતિહાસને આધાર બનાવ્યો હતો. તેના પર ગુજરાતના વિવિધ પોલીસ સ્ટેશનોમાં કુલ નવ જેટલા ગંભીર ગુનાઓ નોંધાયેલા છે, જે તેની ગુનાહિત માનસિકતા દર્શાવે છે. ■

સુરતમાં દેહવ્યાપારના નેટવર્કનો પર્દાફાશ

બે બાંગ્લાદેશી સહિત પાંચ મહિલાને મુક્ત કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતના મહિધરપુરા વિસ્તારમાં આવેલા રેલવે સ્ટેશન નજીકના બે ગેસ્ટ હાઉસમાં ચાલી રહેલા દેહવ્યાપારના ધંધા પર એન્ટિ હ્યુમન ટ્રાફિકિંગ યુનિટ (એએચટીયુ) દ્વારા મોટા દરોડા પાડવામાં આવ્યા હતા. આ દરોડામાં બે બાંગ્લાદેશી સહિત કુલ પાંચ મહિલાઓને મુક્ત કરાવવામાં આવી છે. પોલીસે બે સંચાલકો અને ત્રણ ગ્રાહકોની ધરપકડ કરી હતી, જ્યારે અન્ય ત્રણ આરોપીઓને વોન્ટેડ જાહેર કરીને તેમની શોધખોળ હાથ ધરી હતી.

એએચટીયુને એક આધારભૂત બાતમી મળી હતી કે, સુરત રેલવે સ્ટેશન વિસ્તારમાં આવેલ પારસ ગેસ્ટહાઉસ અને વિજય ગેસ્ટ હાઉસમાં બાંગ્લાદેશી મહિલાઓને રાખીને દેહવ્યાપારનો વ્યવસાય કરાવવામાં આવી રહ્યો છે. આ બાતમીના આધારે, એએચટીયુની ટીમે મહિધરપુરા પોલીસના માણસોને સાથે રાખીને માહિતીનું વેરીફિકેશન કરાવ્યું હતું. માહિતી હકીકતલક્ષી જણાતા, સંયુક્ત પોલીસ ટીમે સુરત સેન્ટ્રલ રેલવે સ્ટેશન નજીકના આ બંને ગેસ્ટહાઉસમાં એકસાથે રેઇડ કરી હતી.

રેઇડ દરમિયાન ગેસ્ટહાઉસમાં દેહવ્યાપારના વ્યવસાયનું સંચાલન કરતા અને મહિલાઓને મળતી રકમમાંથી કમિશન મેળવતા પારસ ગેસ્ટહાઉસના સંચાલક નરેશ અમાલાભાઈ ગામીતને પોલીસે સ્થળ પરથી પકડી પાડ્યો હતો. તેની સાથે રાત્રી દરમિયાન હોટલ સંભાળવામાં અને મદદગારી કરવામાં સંડોવાયેલા અન્ય એક ઈસમની પણ ધરપકડ કરવામાં આવી હતી.

બંને ગેસ્ટહાઉસમાંથી કુલ ત્રણ ગ્રાહકોની ધરપકડ કરવામાં આવી હતી, જેઓ દેહવ્યાપાર માટે આવ્યા હતા. બે બાંગ્લાદેશી મહિલાઓ અને ત્રણ પશ્ચિમ બંગાળ (કલકત્તા)ની મહિલાઓ મળી કુલ પોલીસે પાંચેય મહિલાઓને દેહ-વ્યાપારના વ્યવસાયમાંથી મુક્ત કરાવી હતી અને તેમને યોગ્ય કાઉન્સેલિંગ પણ પૂરું પાડ્યું હતું.

રેઇડ દરમિયાન વિજય ગેસ્ટહાઉસનો સંચાલક નાસી છૂટ્યો હતો. તેને તથા અન્ય બે ઈસમોને પોલીસે વોન્ટેડ જાહેર કરીને તેમની સઘન શોધખોળ શરૂ કરી છે. પોલીસે ગુન્હાના કામે કુલ રૂ. ૫૦,૫૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો છે, ૧૦, ૫૦૦ રૂપિયાના છ મોબાઈલ, રોકતા ૧૦,૫૦૦, અન્ય વસ્તુઓ જેવી કે પોસ્ટર, કોન્ડમ, પેટીએમ ક્યુઆર કોડ, ફોન પે ક્યુઆર કોડ, અને હોટલ રજિસ્ટર કબ્જે કરવામાં આવ્યું હતું. ■

રાજકોટમાં વ્યાજખોરોએ એક કરોડના ૧૦ કરોડ માગતા યુવાન ગુમ થવા મામલે પાંચ આરોપીની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટમાં વ્યાજખોરોના વ્યાજના વિષચક્રમાં ફસાયેલા વિશાલ વીરડા નામના યુવક પાસે મૂળ રકમ કરતા અનેકગણી રકમ માગવામાં આવતા તે ઘર છોડીને જતો રહ્યો છે. જે અંગે લાપતા વિશાલના ભાઇ પર હુમલો કરવામાં આવતા પરિવાર દ્વારા પોલીસમાં ફરિયાદ કરવામાં આવી હતી. ૧ કરોડ રૂપિયાની સામે વ્યાજખોરો દ્વારા ૧૦ કરોડ રૂપિયા માગવામાં આવ્યા હોવાનો પરિવાર દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો છે. પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી મુખ્ય આરોપી વિજય મકવાણા સહિત પાંચ શખ્સોને ઝડપી પાડ્યા હતા

પ્રાપ્ત માહિતી અનુસાર, રાજકોટના વિશાલ વીરડાએ વિજય મકવાણા અને તેના ભાઈ ભાવેશ મકવાણા પાસેથી એક કરોડ રૂપિયા વ્યાજે લીધા હતા. વિશાલના પિતા વિનુભાઈ વીરડાએ જણાવ્યું હતું કે, તેમને આ અંગે કોઈ જાણ નહોતી. વિશાલે એક ચિઠ્ઠી લખીને ઘર છોડી દીધું, જેમાં તેણે ઉલ્લેખ કર્યો હતો કે વ્યાજખોરો તેને જીવવા દેતા નથી. આ ચિઠ્ઠીમાં તેણે પરિવારજનોને સંભાળ રાખવા વિનંતી કરી હતી. વિનુભાઈના મતે, એક કરોડ રૂપિયા સામે ૪૦ ટકા વ્યાજ વસૂલવામાં આવી રહ્યું હતું અને ૫૫ લાખ પરત આપ્યા હોવા છતાં, મૂળ રકમ અને વ્યાજ સહિત કુલ ૧૦ કરોડ રૂપિયાની માગણી કરવામાં આવી રહી હતી.

આ મામલે ૬ નવેમ્બરના રોજ એક ગંભીર ઘટના બની હતી. વિશાલના ભાઈ દિલીપભાઈ વીરડા, જેઓ કાલાવડ તાલુકામાં રેવન્યુ તલાટી તરીકે ફરજ બજાવે છે, તેઓ નોકરી પરથી પરત ફરી રહ્યા હતા ત્યારે વાજડી ગામ નજીક તેમની કાર રોકીને ત્રણ અજાણ્યા શખ્સોએ હુમલો કર્યો હતો. હુમલાખોરોએ દિલીપભાઈને 'તારા ભાઈ વિશાલે વિજયભાઈના પૈસા લીધા છે તે આપી દેજે' તેમ કહી માર માર્યો હતો અને તેમને ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. આ ઘટના બાદ દિલીપભાઈને ૧૦૮ મારફત હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા અને તેમણે મેટોડા પોલીસ મથકમાં કલમ ૧૦૯ હેઠળ એફઆઈઆર નોંધાવી હતી.

આ સમગ્ર મામલે રાજકોટ પોલીસે પાંચ આરોપીઓને ઝડપી પાડી વધુ તપાસ હાથ ધરી છે. વિશાલના પરત ફર્યા બાદ જ આ કેસમાં વધુ ખુલાસાઓ થવાની શક્યતા છે. ■

ગીર જંગલો આસપાસ વધી રહેલા કમર્શિયલ યુનિટ્સ મામલે હાઈ કોર્ટનું કડક વલણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગીર-સોમનાથ જિલ્લામાં એશિયાટિક સિંહોને જોવા પર્યટકોનો ધસારો વધતા હોટેલ, રિસોર્ટ્સ અને કમર્શિયલ સ્ટ્રક્ચર વધી ગયા છે અને અહીંની ઈકોસિસ્ટમ પર આની અસર પડી રહી છે ત્યારે ગુજરાત હાઈ કોર્ટે એક જનહીતની અરજીની સુનાવણી હાથ ધરી હતી. હાઈ કોર્ટે ગીર સોમનાથ, અમરેલી, જૂનાગઢ જિલ્લાના કલેક્ટરોને ગીરની આસપાસના તમામ કમર્શિયલ યુનીટ્સની તપાસ કરી વિગતવાર અહેવાલ આપવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો.

ગીર જંગલમાં અને આસપાસના ત્રણ જિલ્લામાં અંદાજે ૩૦૦ કરતા વધારે રિસોર્ટ, હોટેલ કે ફાર્મ હાઉસ આવેલા છે. ઠેરઠેર બાંધકામ, પ્રવાસીઓનો આખા વર્ષ દરમિયાનનો ધસારાને લીધે અહીનું વન્ય જીવન જોખમાઈ રહ્યું હોવાની જનહિતની અરજી દાખલ થયા બાદ તંત્ર સાબદું બન્યું છે. કોર્ટે કલેક્ટરોને સ્પષ્ટ નિર્દેશ આપ્યા હતા કે કમર્શિયલ પ્રવૃત્તિઓ કરતા તમામ યુનીટ્સની સવિસ્તર માહિતી સાથેનો અહેવાલ કોર્ટને સુપરત કરવામાં આવે. જૂનાગઢ જિલ્લાના કલેક્ટરે આ મામલે નિર્દેશો આપી તપાસ માટે ટીમ તૈયાર કરી કામગીરી શરૂ કરી દીધી હોવાનું અહેવાલો દ્વારા જાણવા મળ્યું હતું. ■

અમદાવાદ મનપાએ બે વર્ષમાં ૧૭ રિઝર્વ પ્લોટ વેચી ૧૩૦૦ કરોડની આવક ઊભી કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેર મ્યુનિસિપલ કોર્પોરેશને આવક ઊભી કરવા માટે જમીનના પ્લોટ વેચવાનું શરૂ કર્યું છે. મળતી માહિતી મુજબ, મનપા હસ્તકના રિઝર્વ પ્લોટ પૈકી ૧૭ પ્લોટ વેચી કોર્પોરેશને રૂપિયા ૧૩૦૦ કરોડની આવક ઉભી કરી છે. જે પ્લોટ વેચાયા છે એમાં ૧૩ પ્લોટ સેલ ફોર કોમર્શિયલ હેતુ તથા ૪ પ્લોટ સેલ ફોર રેસીડેન્શિયલ હેતુ માટેના હતા. ચાંદખેડાના કોમર્શિયલ હેતુ માટેના પ્લોટના વેચાણથી રૂપિયા ૫૨૫ કરોડની આવક કોર્પોરેશનને થઈ હતી.

જાન્યુઆરી-૨૪થી મે-૨૫ સુધીના સમયમાં શહેરના બોડકદેવ, મકરબા ઉપરાંત વસ્ત્રાલ, વટવા, શીલજ, નિકોલ, ચાંદખેડા, થલતેજ સહિતના અન્ય વિસ્તારમાં આવેલા કોર્પોરેશન તરફથી વખતો વખત રીઝર્વ પ્લોટ વેચવા માટે ઈ-ઓક્શન કરવામાં આવ્યું હતું. પ્લોટોના વેચાણ દરમિયાન સૌથી ઓછી આવક મોટેરામાં આવેલા ૯૬૩ ચોરસમીટર ક્ષેત્રફળના પ્લોટની રૂપિયા એક કરોડ થઈ હતી. આ પ્લોટ માટે પ્રતિ ચોરસ મીટર રૂપિયા એક લાખ બેઝ પ્રાઈસ રાખવામાં આવી હતી. જેની સામે મહત્તમ ઓફર પ્રતિ ચોરસ મીટર રૂપિયા ૧.૪૨ લાખની થઈ હતી.

શહેર મનપાએ કયા પ્લોટ કેટલી કિંમતથી વેચાયા તેના પર એક એક નજર કરીએ તો બોડકદેવ વોર્ડની ૪૬૨૬ ક્ષેત્રફળના પ્લોટની કિંમત ૧૪૮ કરોડ, તે જ પ્રકારે વટવાના ૨૬૨૩ ક્ષેત્રફળના પ્લોટની કિંમત ૧૦ કરોડ, મકરબા વોર્ડની ૬૬૫૭ ક્ષેત્રફળના પ્લોટની ૧૦૪ કરોડ, મકરબા ૩૭૪૦ ક્ષેત્રફળના પ્લોટની ૭૨ કરોડ, વટવા વોર્ડની ૩૭૧૦ ક્ષેત્રફળના પ્લોટની ૪૪ કરોડ, મુઠીયા વોર્ડની ૧૯૭૧ ક્ષેત્રફળના પ્લોટની ૨ કરોડ, નિકોલ વોર્ડની ૧૮૯૫ ક્ષેત્રફળના પ્લોટની ૧૪ કરોડ, નારોલ વોર્ડની ૯૭૦ ક્ષેત્રફળના પ્લોટની ૫.૫૦ કરોડ, ઈસનપુર વોર્ડની ૧૬૭૨ ક્ષેત્રફળના પ્લોટની કિંમત ૨૬.૨૫ કરોડ, ચાંદખેડા વોર્ડની ૬૬૧૬૮ ક્ષેત્રફળના પ્લોટની કિમત ૫૨૫ કરોડ, સરખેજ વોર્ડની ૩૭૯૯ ક્ષેત્રફળના પ્લોટની કિંમત ૨૮.૪૯ કરોડ,

નિકોલ વોર્ડની ૫૭૪૧ ક્ષેત્રફળના પ્લોટની કિંમત ૪૯.૩૭ કરોડ, બોડકદેવ વોર્ડની ૪૬૫૮ ક્ષેત્રફળના પ્લોટની કિંમત ૧૪૩ કરોડ, ચાંદખેડા વોર્ડની ૧૨૨૯૨ ક્ષેત્રફળના પ્લોટની કિંમત ૧૭ કરોડ, મોટેરા વોર્ડની ૯૬૩ ક્ષેત્રફળના પ્લોટની કિંમત ૧ કરોડ, બોડકદેવ વોર્ડના ૨૪૮૦ ક્ષેત્રફળના પ્લોટની કિંમત ૪૦.૯૨ કરોડ, બોડકદેવ વોર્ડના ૩૯૧૧ ક્ષેત્રફળના પ્લોટની કિંમત ૧૩૪.૦૦ કરોડ છે. ■

શિયાળાની શરૂઆત થતાં જ અમદાવાદની હવા બગડી

શહેરનો એક્યુઆઈ ૧૮૩ પર પહોંચ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ નવેમ્બરની શરૂઆતથી અમદાવાદમાં ઠંડક પ્રસરી છે. વહેલી સવાર અને મોડી રાતે વાતાવરણમાં ઠંડીનો અનુભવ થાય છે જ્યારે દિવસ દરમિયાન થોડી ગરમી રહે છે. જોકે શિયાળાની શરૂઆત થતા જ અમદાવાદની આબોહવા દૂષિત થઈ ગઈ છે. શહેરનો એર ક્વોલિટી ઈન્ડેક્સ (એક્યુઆઈ) ૧૮૩ પર પહોંચ્યો હતો. આ મધ્યમ કેટેગરીનો ઈન્ડેક્સ છે, પરંતુ શહેરમાં અમુક વિસ્તારોમાં ઈન્ડેક્સ ચિંતાજનક સ્તરે પહોંચ્યો હોવાના અહેવાલો છે.

હવા પ્રદૂષિત થવાનું મુખ્ય કારણ પીએમ ૨.૫ અને પીએમ ૧૦ જેવા સુક્ષ્મકણોનું વધતું જતું પ્રમાણ છે. પીએમ ૨.૫ના રજકણો ફેંફસાને અસર કરે છે અને શ્વાસની બીમારીનું કારણ બને છે. આથી શહેરોમાં હવે ડૉક્ટરો શિયાળામાં માત્ર સ્વેટર અને સ્કાફ નહીં પણ માસ્ક પહેરવાની સલાહ પણ આપી રહ્યા છે. ■

અમદાવાદમાં વૃક્ષ તોડી પડાતા રહેવાસીઓ ગમગીન, બેસણું યોજી વિરોધ કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં આવેલ સાયન્સ સિટી રોડ પર એક સોસાયટીમાં એક વૃક્ષ માટે શોકસભા યોજાઈ હતી. આ ઘટના વૃક્ષોનું નિકંદન કરતા લોકો માટે સબક સમાન છે. અનેક જગ્યાએ મોટી માત્રામાં ખુલ્લેઆમ કોઈ પણ પ્રકારના નિયમો વિના વૃક્ષો કપાવામાં આવતાં હોય છે. આવું આ સોસાયટીમાં પણ બન્યું હતું. જેનો સ્થાનિકોએ વિરોધ કર્યો હતો. અહીંની સોસાયટીના લોકોએ વિરોધ કર્યો અને શોકસભા યોજી હતી.

સાયન્સ સિટી રોડ, સોલામાં આવેલી એક સોસાયટીમાં તારીખ ૬ નવેમ્બરે સોસાયટીના જ એક સભ્ય દ્વારા સોસાયટીની મરજી વિરુદ્ધ સિંદૂરનું અતિ દુર્લભ વૃક્ષને કાપી નાખ્યું હતું. મહત્વની વાત એ છે કે, ગ્લોબલ વોર્મિંગ, કાળઝાળ ગરમી, અનિશ્ચિત સમયે આવતો વરસાદ આટલી બધી કુદરતી આફતો આવતી હોવા છતાં પણ લોકો મોટી સંખ્યામાં વૃક્ષો કાપી રહ્યાં છે. આવા અત્યંત નિંદનીય કાર્યથી દુઃખી થયેલા પર્યાવરણ પ્રેમીઓ તથા સોસાયટીના સભ્યોએ વૃક્ષ માટે બેસણાનું આયોજન કર્યું હતું.

સિંદૂરના વૃક્ષના આકસ્મિક નિધન પ્રસંગે આ સોસાયટીમાં રવિવારે સવારે ૦૯ થી ૧૦ વાગ્યા સુધીમાં બેસણું રાખવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં પર્યાવરણ પ્રેમીઓ જોડાયા હતા, એટલું જ નહીં પરંતુ સ્થાનિકો અને પ્રકૃતિ પ્રેમીઓએ આ વૃક્ષના સ્મરણમાં વૃક્ષારોપણ કરવાનો સંકલ્પ લીધો હતો. ■

રાજકોટની 'પેંડા ગૅંગ' સામે ગુજસીટોક હેઠળ કાર્યવાહી

ફાયરિંગ કેસમાં ઝડપાયેલા રાજા સહિત ૧૭ સામે ગુનો નોંધાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ શહેરમાં વધતા જતા ગુના

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

નવ વર્ષ પછી મહારાષ્ટ્રમાં વિરાર અલીબાગ કોરિડોર પર કામ શરૂ થશેઃ

ચાર કલાકની મુસાફરી ફક્ત ૯૦ મિનિટમાં થશે

મુંબઈ : છેલ્લા ૯ વર્ષથી અટકેલા વિરાર-અલીબાગ કોરિડોરનું બાંધકામ આખરે ટૂંક સમયમાં શરૂ થવા જઈ રહ્યું છે. મહારાષ્ટ્ર રાજ્ય માર્ગ વિકાસ નિગમ (એમએસઆરડીસી) એ ફરી એકવાર ૧૨૬ કિમી લાંબા આ પ્રોજેક્ટ પર કામ શરૂ કરવા માટે ટેન્ડર મંગાવવાની પ્રક્રિયા શરૂ કરી છે. સરકારની લીલીઝંડી મળ્યા પછી ટૂંક સમયમાં ટેન્ડર મગાવવામાં આવશે. ગયા મહિને, બિલ્ડ-ઓપરેટ-એન્ડ-ટ્રાન્સફર (બીઓટી) સિસ્ટમ હેઠળ પ્રોજેક્ટના પ્રથમ તબક્કાના બાંધકામના એમએસઆરડીસીના પ્રસ્તાવને સરકારની મંજૂરી મળી ગઈ હતી. સરકાર તરફથી લીલીઝંડી મળ્યા બાદ, કોર્પોરેશને આગળનું પગલું ભર્યું છે.

કોર્પોરેશને બીઓટી હેઠળના પ્રોજેક્ટ અંગે સરકારને રિપોર્ટ સુપરત કર્યો છે. રિપોર્ટ મંજૂર થયા પછી, બીઓટી નો ઉપયોગ કરીને વિરાર અલીબાગ કોરિડોરના બાંધકામ માટે ટેન્ડર મગાવવામાં આવશે. આ પ્રોજેક્ટની ખાસ વાત એ છે કે વિરાર અને અલીબાગ વચ્ચેનો મુસાફરીનો સમય ચાર કલાકથી ઘટીને લગભગ ૯૦ મિનિટ થઈ જશે.

એમએસઆરડીસીના એક વરિષ્ઠ અધિકારીના જણાવ્યા અનુસાર, બીઓટી મોડેલ હેઠળ ટેન્ડર તૈયાર કરવાની પ્રક્રિયા લગભગ પૂર્ણ થઈ ગઈ છે. રિપોર્ટને સરકારની મંજૂરી ટૂંક સમયમાં મળવાની અપેક્ષા છે. બીઓટી હેઠળ, સમગ્ર પ્રોજેક્ટ ખર્ચ સરકારને બદલે ખાનગી કંપની દ્વારા ઉઠાવવામાં આવશે. પ્રોજેક્ટ પૂર્ણ થયા પછી, ટોલ દ્વારા ખર્ચ વસૂલ કર્યા પછી, રસ્તો સરકારને સોંપવામાં આવશે.

આ પ્રોજેક્ટનો ડીપીઆર સૌપ્રથમ ૨૦૧૬ માં તૈયાર કરવામાં આવ્યો હતો. આ પ્રોજેક્ટ માટે ઘણી વખત ટેન્ડર મગાવવામાં આવ્યા હતા, પરંતુ કોઈ કંપનીએ રસ દાખવ્યો નહોતો. દરમિયાન, કંપનીઓએ થોડા મહિના પહેલા આમંત્રિત ટેન્ડરમાં ૩૬ ટકા વધુ બોલી લગાવી હતી. આ સમસ્યાના ઉકેલ માટે, એમએસઆરડીસીએ બીઓટી ધોરણે પ્રોજેક્ટ બનાવવાનો નિર્ણય લીધો છે. જમીન સંપાદન પ્રક્રિયા ઝડપી બનાવવા માટે, સરકારે ₹૨,૦૦૦ કરોડની બેંક ગેરંટી આપવાનો નિર્ણય લીધો છે. આ રકમનો ઉપયોગ પ્રોજેક્ટ માટે જમીન સંપાદન કરવા માટે કરવામાં આવશે.

૧૨૬ કિમી લાંબો આ કોરિડોર બે તબક્કામાં બનાવવામાં આવશે. પ્રથમ તબક્કો પાલઘરમાં નવઘર અને પેણમાં બાલાવલી વચ્ચે ૯૬.૪૧૦ કિમીનો રસ્તો આવરી લેશે. એકવાર પૂર્ણ થયા પછી, આ રસ્તો કલાકોને બદલે મિનિટોમાં એમએમઆરના કોઈપણ ભાગ સુધી પહોંચવાનું શક્ય બનાવશે. કારણ કે આ રસ્તો એનપીટી, નવી મુંબઈ એરપોર્ટ, મુંબઈ-અમદાવાદ, મુંબઈ-નાશિક, મુંબઈ-પુણે એક્સપ્રેસવે, મુંબઈ-ગોવા હાઈવે, પનવેલ-ઉંગઝ અને અટલ સેતુ સાથે જોડવામાં આવશે.

પુણે જમીન સોદા કેસમાં કાયદા મુજબ કાર્યવાહી, કોઈને બચાવાશે નહીંઃ ફડણવીસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે શનિવારે જણાવ્યું હતું કે નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારના પુત્ર પાર્થ પવાર સાથે જોડાયેલી કંપની સાથે સંકળાયેલા પુણે જમીન સોદા કેસમાં કાયદા મુજબ કાર્યવાહી કરવામાં આવી રહી છે અને કોઈને બચાવવાનો કોઈ પ્રશ્ન જ નથી.

'સહી કરનારાઓ અને વિક્રેતાઓ સામે એફઆઈઆર દાખલ કરવામાં આવી છે, અને તપાસમાં દોષી ઠરનારાઓ સામે ગુનો નોંધવામાં આવશે. કાયદા મુજબ કાર્યવાહી કરવામાં આવી રહી છે,' એમ ફડણવીસે ગઢચિરોલીમાં પત્રકારોને જણાવ્યું હતું.

નવી મુંબઈ અને થાણે ખાડીમાં ફ્લેમિંગોનું મોડું આગમન

થાણેઃ નવી મુંબઈના વેટલેન્ડ્સ અને થાણે ક્રીકમાં ફ્લેમિંગોના વાર્ષિક આગમનમાં થયેલો વિલંબ, વધતા પર્યાવરણીય તાણની ગંભીર ચેતવણી છે, એમ નિષ્ણાતોએ જણાવ્યું હતું.

આ વર્ષે લાંબા સમય સુધી ચાલેલું ચોમાસું અને ચોમાસા પછીના વરસાદને કારણભૂત માનવામાં આવે છે, જે દર્શાવે છે કે કેવી રીતે આબોહવા પરિવર્તન (ક્લાઈમેટ ચેન્જ)ના પડકારો સ્થાનિક ઇકોસિસ્ટમને ખલેલ પહોંચાડી રહ્યા છે, એમ તેમણે ઉમેર્યું હતું. ''ફ્લેમિંગો ફક્ત એક ચમત્કાર જ નથી. તેઓ સ્વસ્થ પર્યાવરણના રાજદૂત છે. તેમની ઘટતી સંખ્યા દર્શાવે છે કે ઇકોસિસ્ટમ સંઘર્ષ કરી રહી છે. વેટલેન્ડ્સ એ રક્ષણાત્મક આબોહવાની માળખાગત સુવિધા છે. ફિલ્ટર-ફીડર તરીકે, ફ્લેમિંગો બાયોટર્બેશન દ્વારા ઇકોસિસ્ટમના સ્વાસ્થ્યને જાળવી રાખે છે, જે કાદવને ઓક્સિજન આપે છે અને પોષક તત્વોને સંતુલિત કરે છે,'' નેટકનેક્ટ ફાઉન્ડેશનના ડિરેક્ટર બીએન કુમારે જણાવ્યું હતું.

રામસર અને યુએનઇપી જેવી વૈશ્વિક સંસ્થાઓ આ દરિયાકાંઠાના વેટલેન્ડ્સ અને મેન્ગ્રોવ્સને મહત્ત્વપૂર્ણ ''બ્લુ કાર્બન'' સિંક તરીકે ઓળખે છે, જે મોટા પ્રમાણમાં કાર્બન સંગ્રહિત કરે છે અને પૂરનું જોખમ ઘટાડે છે, અને આ વિસ્તારોનો નાશ કરવાથી સંગ્રહિત કાર્બન મુક્ત થાય છે અને કુદરતી આફતોમાં વધારો થાય છે. તેમણે કહ્યું કે આ વિજ્ઞાનને અવગણી શકાય નહીં, તેમણે ઉમેર્યું કે અધિકારીઓએ કાટમાળ ફેંકવાનું બંધ કરવું જોઈએ અને વેટલેન્ડ્સને રિક્લેમેશન માટે તૈયાર રિયલ એસ્ટેટ કરતાં મહત્ત્વપૂર્ણ આબોહવા સંપત્તિ તરીકે ગણવા જોઈએ.

ધારાસભ્યની કારે દાદર સ્ટેશન પર કલાકો સુધી રસ્તો રોક્યો

જાગૃત નાગરિકની ફરિયાદ બાદ પોલીસે દંડ ફટકાર્યો

ગુરુવારે સવારે એક ધારાસભ્યની લક્ઝરી એસયુવી કારે દાદર પૂર્વ રેલવે સ્ટેશનના પ્રવેશદ્વારને કલાકો સુધી અવરોધિત કર્યો હતો. મોટી કાર સ્ટેશનની બાજુમાં સ્વામિનારાયણ મંદિર તરફ જતા રસ્તા પર પાર્ક કરવામાં આવી હતી જે સ્ટેશનમાં પ્રવેશતા અને બહાર નીકળતા મુસાફરોને વચ્ચે આવતી હતી. પરંતુ એક જાગૃત નાગરિકે પરિસ્થિતિ અંગે ફરિયાદ કરતા ધારાસભ્યને દંડ થયો હતો.

આ ઘટનાના સાક્ષી નાગરિક કાર્યકર્તા અજિત રાણેએ જણાવ્યું હતું કે લેન્ડ રોવર ડિફેન્ડર કાર સવારે ૯ વાગ્યાથી સ્ટેશનની બહાર બેસ્ટ બસ સ્ટોપ પાસે ઉભી હતી. ''જો કોઈ સામાન્ય માણસની કાર ત્યાં પાર્ક કરવામાં આવી હોત, તો તેને દંડ કરવામાં આવ્યો હોત અથવા થોડીવારમાં ટો કરીને લઇ ગયા હોત. પરંતુ જ્યારે શક્તિશાળી લોકોની વાત આવે છે, ત્યારે બધા નિયમો નેવે મુકાઈ જાય છે.'' તેમણે સોશ્યલ મીડિયા પર પોસ્ટ કરી. જ્યારે ડ્રાઈવર આવ્યો, ત્યારે રાણેએ તેની સાથે વાત કરી અને જાણ્યું કે આ કાર નાંદેડના એક ધારાસભ્યની છે. એક વરિષ્ઠ ટ્રાફિક અધિકારીને સ્થળ પર બોલાવવામાં આવ્યા હતા, ત્યારબાદ વાહનની વિગતો મેળવવામાં આવી હતી, અને દંડ ફટકારવામાં આવ્યો હતો. રાણેએ કહ્યું,''આ જ વાત સામાન્ય નાગરિકોને નિરાશ કરે છે. રાજકારણીઓ અને તેમના સહયોગીઓ કાયદાનો ભંગ કરે, ત્યારે પોલીસ અલગ માપદંડ અપનાવે છે. જે અધિકારીઓ લોકો પર કડક નિયમો લાગુ કરે છે તેઓ શક્તિશાળી લોકોની વાત આવે ત્યારે નિયમો લાગુ કરતા ખચકાટ અનુભવે છે.''

નવમાં પાનાનું ચાલુ

ચૂંટણી પંચના

પર રાજ્ય ચૂંટણી પંચ કડક નજર રાખશે. આ ઉપરાંત મોટા પ્રમાણમાં પૈસા એક જગ્યાએથી બીજી જગ્યાએ પહોંચાડનારા હવાલા કૌભાંડકારો પણ પંચના રડાર પર હશે, એમ કમિશનના સૂત્રોએ જણાવ્યું હતું.

સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની પૃષ્ઠભૂમિમાં, ચૂંટણીઓમાં થતી અનિયમિતતાઓ રોકવા માટે ચૂંટણી પંચે માર્ગદર્શિકા તૈયાર કરી છે, પરંતુ માત્ર તેના પર જ ન અટકતાં તેનું અસરકારક અમલ કરવા માટે પોલીસ, એક્સાઇઝ અને અન્ય સંબંધિત વિભાગો દ્વારા કોઈ ગેરરીતિ જોવા મળશે તો કડક પગલાં લેવામાં આવશે, એવી ચેતવણી પણ પંચે આપી હતી.

ચૂંટણીના સમયગાળા દરમિયાન દારૂની દુકાનોમાં દારૂનું વેચાણ ત્રણ કે ચાર ગણું વધ્યું હશે તો આવી દુકાનોની તપાસ કરવામાં આવશે અને દુકાનદારો પાસેથી વિગતો લેવામાં આવશે કે વેચાણ આટલું બધું કંઇ રીતે વધ્યું? શું કોઈ નવા ગ્રાહકોએ એક જ સમયે મોટી માત્રામાં દારૂ ખરીદ્યો છે? કે શું એક વ્યક્તિએ મોટી માત્રામાં દારૂ ખરીદ્યો છે? રાજકીય પક્ષના કાર્યકરોએ મોટી માત્રામાં દારૂ ખરીદ્યો હોવાનું ધ્યાનમાં આવતાની સાથે જ સંબંધિત કાર્યકરની તપાસ કરવામાં આવશે અને કાર્યવાહી પણ કરવામાં આવશે.

જે બૅંકો અને ક્રેડિટ સોસાયટીઓમાંથી ચૂંટણી દરમિયાન મોટી રકમ ઉપાડવાનું શરૂ થયું છે, તેમની પૂછપરછ કરવામાં આવશે.

બૅંકો અને ક્રેડિટ સોસાયટીઓના નાણાકીય વ્યવહારો પર પોલીસ, ગુપ્તચર અને અન્ય એજન્સીઓ દ્વારા નજર રાખવામાં આવશે. ખાસ કરીને રાજકીય નેતાઓની ક્રેડિટ સંસ્થાઓ રડાર પર રહેશે. કઈ વ્યક્તિ કે સંસ્થાના ખાતામાંથી દરરોજ કે સતત પૈસા ઉપાડવામાં આવી રહ્યા છે અને તે ચૂંટણી સાથે સંબંધિત છે કે કેમ તેની પણ માહિતી માગવામાં આવશે.

આ ઉપરાંત હવાલા દ્વારા લાખો અને કરોડો રૂપિયા એક જગ્યાએથી બીજી જગ્યાએ ટ્રાન્સફર કરવામાં આવે છે. આ ધંધામાં સામેલ લોકો પર પણ નજર રાખવામાં આવશે અને તેઓ રાજકીય પક્ષો અને રાજકીય નેતાઓ પાસેથી પૈસા ક્યાં ટ્રાન્સફર કરી રહ્યા છે તે જોવા માટે માહિતી એકત્રિત કરવામાં આવશે.

મહારાષ્ટ્રની સરહદે આવેલા રાજ્યોમાં ગુજરાત, મધ્ય પ્રદેશ, કર્ણાટક, તેલંગાણા અને છત્તીસગઢમાંથી નાણાંની દાણચોરી થઈ રહી છે કે નહીં તેના પર પણ નજર રાખવા માટે ચેકપોસ્ટ અને ફ્લાઈંગ સ્ક્વોડ સક્રિય રહેશે.

ઠાકરે પરિવાર

સુરક્ષા અધિકારીઓને તેની જાણ કરી હતી.

મળતી માહિતી મુજબ, આ ઘટના બાદ ઠાકરે જૂથે આરોપ લગાવ્યો હતો કે આ ડ્રોન દ્વારા ઉદ્ધવ ઠાકરેને મળવા આવતા લોકોની જાસૂસી કરવામાં આવી રહી છે. શિવસેના (ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરે) ના નેતા અંબાદાસ દાનવેએ જણાવ્યું હતું કે માતોશ્રી સંકુલ હાઈ સિક્યુરિટી ઝોન આવે છે. તેમ છતાં, આવા ડ્રોન ઉડવા એ સુરક્ષાની દ્રષ્ટિએ ખૂબ જ ગંભીર મુદ્દો છે. શું કોઈ માતોશ્રી પર જાસૂસી કરી રહ્યું છે? આની તપાસ થવી જોઈએ.

જોકે, ઠાકરે જૂથ આ સ્પષ્ટતાથી સંતુષ્ટ જણાતું નથી. તેમનું કહેવું છે કે ડ્રોન સર્વેની પરવાનગી હોય કે ન હોય, માતોશ્રી ઉપર કે તેની આસપાસ આવા ડ્રોન ઉડાવવા પર સખત પ્રતિબંધ હોવો જોઈએ.

શિવસેના (યુબીટી) નેતા આદિત્ય ઠાકરેએ આ અંગે તીખી પ્રતિક્રિયા આપી છે. ''શું બીકેસી સર્વેના નામે અમારા ઘર પર નજર રાખવામાં આવી રહી છે?'' તેમણે સીધો પ્રશ્ન પૂછયો. સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર લખતા ઠાકરેએ ગોપનીયતા અને સુરક્ષાનો મુદ્દો ઉપાડ્યો. ''કેવા પ્રકારનો સર્વે હતો જે કોઈના ઘરમાં ઘૂસીને તેમને જોતા જ તરત જ ભાગી જવાની પરવાનગી આપે છે?'' તેમણે પૂછ્યું. શું તેઓએ અમારા ઘરનું સર્વેક્ષણ કર્યું હતું કે આખા બીકેસીનું?

એમએમઆરડીએ આ ડ્રોન બીકેસી વિસ્તારમાં સર્વે માટે હતું અને તેને મુંબઈ પોલીસની પરવાનગી મળી હોવાનો દાવો કર્યો હતો. જોકે, ઠાકરેએ આ ખુલાસાને નકારી કાઢ્યો અને પૂછ્યું, ''જો પોલીસ પરવાનગી હતી, તો રહેવાસીઓને પહેલા જાણ કરવામાં કેમ ન આવી? ''

નોંધનીય છે કે ડ્રોન નીતિ મુજબ, મુંબઈના ઘણા વિસ્તારો, ખાસ કરીને વીઆઈપી અને સરકારી રહેણાક વિસ્તારો, રેડ ઝોનમાં આવે છે, જ્યાં ખાસ પરવાનગી વિના ડ્રોન ઉડાડવા પર સંપૂર્ણપણે પ્રતિબંધ છે. આ ઘટના બાદ માતોશ્રીની આસપાસ સુરક્ષા વ્યવસ્થા કડક કરી દેવામાં આવી છે. સ્થાનિક પોલીસે ડ્રોન ક્યાં અને કયા હેતુ માટે ઉડાડવામાં આવ્યું હતું તે નક્કી કરવા માટે આસપાસના વિસ્તારના સીસીટીવી ફૂટેજની પણ તપાસ શરૂ કરી દીધી છે. હાલ તપાસ ચાલુ છે. સુરક્ષા એજન્સીઓ કોઈપણ સંભવિત જોખમ અથવા જાસૂસીની શક્યતાને નકારી રહી નથી.

મહાયુતિમાં

પદાધિકારીઓ અને મહત્વપૂર્ણ કાર્યકરોની એક બેઠક યોજી હતી જેથી જૂથવાદ અને સાથી પક્ષો સાથેના ઘર્ષણને ઓછું કરી શકાય. બેઠકમાં તેમના મંતવ્યો માંગવામાં આવ્યા હતા. દરમિયાન, ચાકણમાં શિંદે જૂથના વિજયા જાધવ આ વખતે એનસીપીમાં જોડાયા છે.

સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીનું રણશિંગુ ફૂંકાઇ ગયું છે. પહેલા તબક્કામાં નગર પરિષદ અને નગર પંચાયત, બીજા તબક્કામાં જિલ્લા પરિષદ અને પંચાયત સમિતિ અને અંતે મહાનગરપાલિકાની ચૂંટણી યોજાશે.

રાજ્યમાં ભલે મહાવિકાસ આઘાડી અથવા મહાયુતિ અસ્તિત્વમાં હોય, તેમ છતાં સ્થાનિક સ્તરે નગરપાલિકા અને જિલ્લા પરિષદની ચૂંટણીઓ માટે આ આઘાડી અથવા મહાયુતિ કેટલી સક્રિય રહેશે, તે વિશે શંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. હાલમાં, કોઈ પણ પક્ષે સ્થાનિક સ્તરે પોતાના દમ પર લડવું કે ગઠબંધનમાં લડવું તે અંગે કોઈ સંકેત આપ્યો નથી. તેથી, હવે શું કરવું તે અંગે ઉમેદવારોમાં એક મોટો પ્રશ્ન ઉભો થયો છે. આ સંદર્ભમાં,

ભાજપે કોઈની મદદ વગર નગરપાલિકા અને જિલ્લા પરિષદની ચૂંટણીમાં જીત કેવી રીતે મેળવવી તેના પર ધ્યાન કેન્દ્રિત કરીને પ્રયાસો શરૂ કરી દીધા છે.

કેટલાક સ્થળોએ આરક્ષણને કારણે ઘણા લોકોના ગણિત બગડ્યા છે. બીજી તરફ, ભાજપમાં ઇનકમિંગ ચાલુ છે. પોતાના જ વોર્ડ અને જૂથના સ્વપક્ષના હરીફ જો બીજા પક્ષમાં ગયા હોય અને ભવિષ્યમાં મહાયુતિ તરીકે લડવાનું નક્કી થાય, તો આપણને ઉમેદવારી મળશે કે નહીં, એની ઈચ્છુકોને ચિંતા છે.

આ ઉપરાંત, પક્ષમાં સ્થાનિક સ્તરે જૂથવાદ પણ ઉભરી રહ્યો છે. બે-ત્રણ દિવસ પહેલાં જ, નાયબ મુખ્યપ્રધાન અજિત પવારની અધ્યક્ષતામાં રાજ્યના રાષ્ટ્રવાદીના જિલ્લા પ્રમુખો અને મહત્ત્વના પદાધિકારીઓની મુંબઈમાં યોજાયેલી બેઠકમાં પુણે જિલ્લાના ખેડ, આળંદી, શિરુર, દૌંડ, જુન્નર અને ભોર તાલુકાના કેટલાક પ્રશ્નો પર વિગતવાર ચર્ચા કરવા માટે સંબંધિત પદાધિકારીઓએ પવાર પાસે સમય માંગ્યો હતો.

દરમિયાન, એવું માનવામાં આવે છે કે અજિત પવારે સ્થાનિક સ્તરે ભાજપ સાથે જોડાણ કરવાનો નિર્ણય લેવાના આદેશો આપ્યા છે. મહાગઠબંધન સરકાર ત્રણ પક્ષોની છે. તેથી, ફાળવવામાં આવેલી બેઠકો ઓછી છે. જેમને નામાંકિત કરી શકાતા નથી તેમને જિલ્લા આયોજન સમિતિ સહિત અન્ય સમિતિઓમાં સમાવવામાં આવશે, એમ નાયબ મુખ્યપ્રધાન અજિત પવારે જણાવ્યું હતું.

ભાજપ સાથે

ઓબીસીને ઉમેદવારી આપવી જોઈએ, અને જો મૂળ ઓબીસી પ્રમાણપત્ર ધરાવતો ઉમેદવાર ન મળે તો કુણબી પ્રમાણપત્ર ધરાવતા ઉમેદવાર વિશે વિચાર કરવાની સૂચના આપી હોવાની માહિતી સૂત્રોએ આપી હતી.

બેઠકમાં શરદ પવારે સૂચના આપી હતી કે તેઓ કોઈપણ સંજોગોમાં ભાજપ સાથે નહીં જાય. આમ અજિત પવાર માટે એનસીપી સાથે ગઠબંધન કરવાનો માર્ગ મોકળો થઈ ગયો છે. વધુમાં તેમણે કહ્યું હતું કે, આગામી ચૂંટણીમાં, મૂળ ઓબીસી ઉમેદવારોને પ્રાધાન્ય આપવું જોઈએ. જો મૂળ ઓબીસી પ્રમાણપત્ર ધરાવતો ઉમેદવાર ઉપલબ્ધ ન હોય, તો કુણબી પ્રમાણપત્ર ધરાવતા ઉમેદવારોને તે જગ્યાએ ઉમેદવારી આપવી જોઈએ. જ્યાં ઓબીસી શ્રેણી માટે અનામત હોય ત્યાં મૂળ ઓબીસીને ઉમેદવારી આપવી જોઈએ.

શરદચંદ્ર પવારના નેતૃત્વ હેઠળની રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીને લોકસભા ચૂંટણીમાં સારી સફળતા મળી હતી. એનસીપીએ ૧૦ લોકસભા બેઠકો પર ચૂંટણી લડી હતી. તેમાંથી એનસીપીએ આઠ બેઠક જીતી હતી. ત્યારબાદ થયેલી વિધાનસભા ચૂંટણીમાં શરદ પવારની પાર્ટીએ ૧૦ બેઠક જીતી હતી. હવે શરદચંદ્ર પવારના નેતૃત્વ હેઠળની એનસીપી પાર્ટીએ આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ માટે તૈયારીઓ શરૂ કરી દીધી છે.

દરમિયાન, ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરે પાર્ટીએ પણ મહા વિકાસ આઘાડીમાં શિવસેનાને સૂચના આપી હતી કે એકનાથ શિંદેની શિવસેના સાથે ક્યાંય પણ જોડાણ ન થાય તેની ખાતરી કરે.

પવાર કાકા અને ભત્રીજા ભેગા થશે?

પુણેઃ આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં પવાર કાકા અને ભત્રીજા સાથે આવશે, એવા સંકેત શરદ પવારની એનસીપીના ધારાસભ્ય રોહિત પવારે આપ્યો હતો.

ત્યારબાદ, શરદ પવારની એનસીપીએ પિંપરી-ચિંચવડનો ગઢ જીતવા માટે એક પગલું આગળ વધાર્યું છે. 'અમે ભાજપ પર અમારો ગુસ્સો વ્યક્ત કરવા અને તેમને સત્તા પરથી દૂર કરવા માટે એક પગલું પાછળ હટીશું. બેઠકોની વહેંચણીમાં નમતું લઈશું, અને વરિષ્ઠોને આવો પ્રસ્તાવ પણ મોકલીશું, એમ કહીને શરદ પવારની રાષ્ટ્રવાદી કૉંગ્રેસે અજિત પવારની એનસીપી સાથે ગઠબંધન કરવાની તૈયારી બતાવી છે. શરદ પવારની એનસીપીના પિંપરી ચિંચવડ શહેર પ્રમુખ તુષાર કામઠેએ આ અંગે વિગતવાર ટિપ્પણી કરી છે.

તુષાર કામઠેએ કહ્યું કે, 'ભાજપને રોકવા માટે, આપણે શાહુ, ફૂલે અને આંબેડકરના વિચારોને અનુસરતી પાર્ટીઓ સાથે ગઠબંધન કરી શકીએ છીએ. આપણે આપણા વિચારોને અનુસરતી પાર્ટીઓ સાથે ગઠબંધન કરી શકીએ. મહાવિકાસ આઘાડીમાં કયો પક્ષ આપણી સાથે રાખવો તેનો નિર્ણય ભલે વરિષ્ઠ લોકો દ્વારા લેવામાં આવે, પરંતુ ભાજપ વિરુદ્ધ આપણી સાથે આવનારાઓને પણ આપણે સાથે રાખવા તૈયાર છીએ.'

પારસી મરણ

ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.

જૈન મરણ

વાગડ વિ.ઓ.જૈન

ગામ લાકડીયાના સ્વ. માનુબેન લધુભાઇ થોભણ ગાલાના પુત્રવધુ સ્વ. જગશીના ધર્મપત્ની મંજુ લાબેન (ઉં. વ. ૬૫) ગુરુવાર, ૬.૧૧.૨૫ના મુંબઇ મધ્યે અવસાન પામેલ છે. જયંતીલાલ, શાંતિલાલ, પ્રકાશ, મુકેશ, લક્ષ્મી, ડૉ. અનિતાના માતુશ્રી. પુષ્પા, હેમલતા, ભારતી, પીનલ, હિતેશ, ભાવિકના સાસુ. રચના, સ્મિત, ડૉ. વિની, દર્શન, અનન્યાના દાદીમા. હિર્ષમી, પ્રિયાંશી, આરવના નાનીમા. પ્રાર્થના સભા : સોમવાર, તા. ૧૦.૧૧.૨૫, ૩.૩૦ થી ૫. પ્રાર્થના સ્થળ : લાયન્સ કમ્યુનિટી હોલ, ૯૩ બી, ગારોડીયા નગર, ઘાટકોપર (ઈસ્ટ), લૌકીક વ્યવહાર બંધ છે.

કચ્છી વિશા ઓશવાળ જૈન

નાના ભાડિયાના અ.સૌ. દયાવંતી ચુનીલાલ છેડા (ઉં.વ.૮૦) ૬.૧૧.૨૫ના અવસાન પામ્યા છે. ચુનીલાલ રવજીના ધર્મપત્ની. સોનબાઈ રવજી દેવશીના પુત્રવધુ. દિલેશ, કેકીનના માતુશ્રી. મણીબેન તલકશી ગોગરીના સુપુત્રી. મહેન્દ્ર, જગદીશ, લક્ષ્મી ભાઈલાલ વિસનજી, જયવંતી જયંતિલાલ વિસનજી, કુસુમ ચુનીલાલ ગાંગજીના બેન. પ્રા. યોગી સભાગૃહ, દાદર. ટા. ૩.૩૦ થી ૫.

સોરઠ વિશાશ્રીમાળી જૈન

રાણપુર (સોરઠ) નિવાસી હાલ મુલુંડ વેસ્ટ, અ. સૌ. જયશ્રીબેન(જ્યોતિ) નરેન્દ્રભાઈ ભાયાણી (ઉં.વ. ૭૦) તા. ૯/૧૧/૨૫ને રવિવારે અરિહંતશરણ પામેલ છે, નેહા નીરવ વોરા અને હિરલ ભાવીન ભાયાણીના માતુશ્રી. જ્યોતિબેન-છબીલભાઈ, બિન્તાબેન-પ્રફુલભાઈ, જયશ્રીબેન-જીતેન્દ્રભાઈ, ચંદનબેન-મનસુખલાલ, જ્યોતિબેન-નરેશકુમારના ભાભી. પિયરપક્ષે સોરઠ વંથલી નિવાસી હાલ ભાયંદર નિર્મલાબેન દીપચંદ વોરા- વિનોદભાઈ, રમેશભાઈના બેન. ચિ. તેજલ, કનીકા, શિખા, સ્હાન, હૃદયના દાદી-નાની. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે એડ્રેસ - ૨૦૪ સંગીતા એન્ક્લેવ, દત્ત મંદિર રોડની સામે, હીરાનગર, સર્વોદય નગર, મુલુંડ (વેસ્ટ).

ઘોઘારી વિશા શ્રીમાળી જૈન

સિહોર નિવાસી હાલ ઘાટકોપર, હિંમતલાલ લલ્લુભાઈ શાહના પુત્ર નરેન્દ્રભાઈના ધર્મપત્ની વિણાબેન (ઉં.વ.૬૪) ૦૮/૧૧/૨૫ના શનિવારના અરીહંત શરણ પામેલ છે. તે બીનલ સંદીપકુમાર, વિધી હર્ષકુમાર, અંકીતના માતૃશ્રી. તે પ્રતિભા કિશોરભાઇ, કલ્પનાબેન ઉદયકુમાર શાહના ભાભી. તથા અલ્પા પ્રિતેશકુમાર તથા કિરણના કાકી. એમના આત્મશ્રેયાર્થે ૧૦/૧૧/૨૫ના સોમવારે સાંજના ૪ થી ૮ સાદડી રાખેલ છે. સ્થળઃ બ્રહ્મા ભુવન, હંસોટી એપાર્ટમેન્ટની સામે, કામાગલી,ઘાટકોપર વેસ્ટ મુંબઈ ૮૬.

દશા શ્રીમાળી દેરાવાસી જૈન

વેરાવળ નિવાસી અ. સૌ. ગીતાબેન રમણલાલ શાહ (ઉં.વ.૭૮) ૨૮.૧૦.૨૫ના અરિહંત શરણ પામેલ છે. તે રમણલાલ પાનાચંદ શાહના ધર્મપત્ની. ભાવેશ, તૃપ્તિના માતૃશ્રી. તથા ટંકારા નિવાસી સ્વ. તારાબેન પ્રભાશંકર ઘેલાભાઈ ગાંધીના દીકરી. સ્વ. માલાબેન અનંતરાય મહેતા, સ્વ. અશોકભાઈ પ્રભાશંકર ગાંધીના બેન. અને સુધાબેન અશોકભાઈ ગાંધીના નણંદ લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

હિન્દુ મરણ

જોડિયા ભગવતીબેન નવલરામ બુદ્ધભટ્ટી તે કિશનભાઇ બુધ્ધભટ્ટી (દિવ્યદ્રષ્ટિ)ના બેન. રાધેશભાઈ, જયદેવભાઈ, મયુરભાઈના ફૈબાનું ૭/૧૧/૨૫ના રોજ અવસાન થયેલ છે, તેમની પ્રાર્થના સભા તાઃ૧૦.૧૧.૨૫ સોમવારના ૪-૩૦ થી ૫-૩૦ તેમના નિવાસ્થાનઃ બ્રાહ્મણશેરી પરા જોડીયા (જી.જામનગર) ખાતે રાખેલ છે.

કપોળ

ખોપાળા વાળા સ્વ. મંજુલાબેન અનંતરાય દેસાઈના સુપુત્ર દીપક (ઉં.વ. ૬૭) હાલ વિલે પાર્લે તે પ્રતિમાબેનના પતિ. તે હિરલબેન દર્શનકુમાર દાડીઆ તથા ચિ. સિદ્ધના પિતાશ્રી. તે સ્વ. રંજનબેન જીતેન્દ્રકુમાર, અ.સૌ. સોનાલી હિતેન સંઘવી, ચિ. આશિતાબેન અમિતકુમાર શાહ, ચિ. ઝરણાબેન ધ્રુવકુમાર કાપડીઆ તથા ચિ. પાયલના ભાઈ. તે ગં.સ્વ. ભાનુમતી નરેન્દ્રભાઈ સંઘવી, તે સ્વ. શોભાબેન સુરેન્દ્રભાઈ સંઘવીના ભાણેજ. તે સસરા પક્ષે જૂના સાવરવાળા વ્રજલાલ હરિલાલ મહેતાના જમાઈ. તે ત્રિશિકાના નાના તા. ૯/૧૧/૨૫ના રવિવારે શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૧/૧૧/૨૫ના રોજ, સાંજે ૫ થી ૭. ઠે. વિશ્વેશ્વર ભવન, પહેલો માળ, સન્યાસ આશ્રમ, વિલેપાર્લે (પશ્ચિમ).

ઘોઘારી દશા શ્રીમાળી

મહુવા નિવાસી હાલ કાંદિવલી સ્વ. મનહરલાલ ફૂલચંદ મહેતા (ઉં. વ. ૯૩) તે ભાનુમતી મનહરલાલ મહેતાના પતિ. તે સ્વ. હીરાલાલ ઠાકરશી શેઠના જમાઇ. તે બીના, નીતા, જતીન, અનીલ, સોનલના પિતાશ્રી. અ. સૌ. હેમલ, અ. સૌ. રાખી ભરતકુમાર દોશી, બીપીનકુમાર મોદી, રાજેશકુમાર કોઠારીના સસરા. તે રોમીત, ભૂમિ, એકતા, પૂનમના દાદા. તે સ્વ. બાબુભાઇ, સ્વ. ચીમનભાઇ, સ્વ. જુગલભાઇ, સ્વ. ચતુરાબેન, સ્વ. જસુબેનના ભાઇ તા. ૮-૧૧-૨૫ના અક્ષરધામ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

વિશા સોરઠીયા વણિક

સાગરદેવ અરવિંદભાઇ શાહ (ઉં. વ. ૩૪) ગામ ઘેડ માધવપુર પોરબંદર હાલ મુંબઇ તા. ૮-૧૧-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. ફૂલવંતીબેન નરોતમદાસ શાહના પૌત્ર. ગં. સ્વ. હંસાબેન અરવિંદભાઇ શાહના પુત્ર તથા ગં. સ્વ. મધુમતીબેન મહેન્દ્રભાઇ શાહના ભત્રીજા. લૌકિક વ્યવહાર બંધ છે.

ઔદિચ્ય સહસ્ત્ર સાઠા બ્રાહ્મણ

ટીંટોઇ નિવાસી હાલ દહીંસર હરિપ્રસાદ મણિલાલ રાવલ (

ધર્મતેજ



મનન

હેમંત વાળા
feedback@bombaysamachar.com

સનાતની સંસ્કૃતિની પરિપક્વતા...

કહેવાય છે કે સનાતની સિવાયની અન્ય પ્રત્યેક સંસ્કૃતિ કોઈ એક આધાર, કોઈ એક પુસ્તક, કોઈ એક વિચારધારા, કોઈ એક દ્રઢ માન્યતાને કેન્દ્રમાં રાખી વિકાસ પામી છે. સનાતની સંસ્કૃતિમાં તો આખું પુસ્તકાલય છે, જે પણ ધારણ કરે તે આધાર સમાન છે, જે વિચારધારા આધ્યાત્મિક માર્ગ પર પ્રગતિની સંભાવના યુક્ત હોય, તે માન્ય છે, તે માન્યતા સ્વીકૃત છે. જ્યાં સુધી આધ્યાત્મિક પ્રગતિ શક્ય છે ત્યાં સુધી બધું જ સ્વીકાર્ય છે.

સનાતની સંસ્કૃતિમાં કોઈ એક જ વાત કેન્દ્રસ્થાને નથી. અહીંયા વેદ ચાર છે તો ઉપનિષદ એકસો આઠ છે.

અહીં વેદ અને ઉપનિષદ જેવી શ્રુતિનો સમાવેશ પણ છે અને મનુ કે યાજ્ઞવલ્ક્ય જેવી સ્મૃતિનું પણ મહત્ત્વ છે. અહીં રામાયણ અને મહાભારત સમાન ઇતિહાસનો ઉલ્લેખ પણ થાય છે અને સાથે સાથે કેટલીક દ્રષ્ટાંત કથાથી નાની નાની વાતો ઝીણવટતા અને સચોટતાથી સમજાવાય છે. અહીંયા આધ્યાત્મિક પૂર્ણતાનું પણ મહત્ત્વ છે અને સંદર્ભિક સામાજિક નૈતિક મૂલ્યો પણ એટલાં જ અગત્યનાં ગણાય છે. અહીંયા પ્રત્યેક પુરાણ કોઈ એક કેન્દ્રને આધારે વર્ણવાય છે અને સાથે સાથે બધાં અઢાર પુરાણો વચ્ચે અદ્‌ભુત સામ્યતા પણ છે. અહીં વાલ્મીકિ કૃત રામાયણની જે સ્થાન મળ્યું છે તે જ સ્થાન રામચરિતમાનસને પણ આપવામાં આવ્યું છે.

અહીં ધર્મને સ્પષ્ટ રીતે પરિભાષિત કરાય છે અને સાથે સાથે તેના અનુસરણમાં સ્વતંત્રતા પણ આપવામાં આવે છે. સનાતની સંસ્કૃતિમાં એકમાત્ર બ્રહ્મની વાત થાય છે અને સાથે સાથે વ્યક્તિને પોતાની રુચિ અનુસાર જે તે ઈશ્વરના સ્વરૂપને આરાધવાની સ્વતંત્રતા પણ આપવામાં આવે છે. અહીં અદ્વૈતવાદ સ્વીકૃત છે અને તેટલો જ સ્વીકૃત દ્વૈતવાદ છે. અહીં દેવતાઓની આરાધના પણ માન્ય છે, એકમાત્ર બ્રહ્મની ધારણા પણ સ્વીકૃત છે, અર્ધ-દૈવી અસ્તિત્વની પૂજા માટેની વિધિ પણ નિર્ધારિત કરાઈ છે અને સાથે સાથે સ્વયંને પરમ ગણી તે દિશામાં પણ આગળ વધવાની મુક્તતા છે. સનાતની સંસ્કૃતિમાં સદગુરુને પણ ઈશ્વરનું સ્થાન અપાયું છે. અહીં શ્રીરામ એક પ્રકારની આદર્શ પરિસ્થિતિ માટે ઉદાહરણ તથા સિદ્ધાંત સ્થાપિત કરતાં જણાય છે તો ગીતાકાર શ્રીકૃષ્ણ ધર્મની સ્થાપના માટે અનુકૂળ વ્યવહારને પણ માન્ય રાખે છે. અહીં ધર્મના સિદ્ધાંતો અનુસાર જીવન વ્યતીત કરવા માટે પ્રોત્સાહન અપાય છે તો આપત્ધર્મની ધારણા પણ પ્રચલિત છે.

સનાતની સંસ્કૃતિમાં ભક્તિને જેમ એક અગત્યના માર્ગ તરીકે સ્વીકૃતિ મળી છે તેવી જ સ્વીકૃતિ કર્મયોગ, સાધના અને જ્ઞાનયોગને પણ મળી છે. કોઈપણ સાત્વિક સંભાવનાની અહીં બાદબાકી નથી. કોઈપણ સાત્વિક માર્ગ માટે અહીં નકારાત્મક વલણ નથી. ભક્તિના પણ અહીં નવ સ્વરૂપ સ્વીકાર્ય છે, ભક્તિ આમ જ કરાય તે પ્રકારની કોઈ શરત નથી. અષ્ટાંગ યોગ માટે આઠ ચરણ સ્થાપિત થયાં છે, પરંતુ વ્યક્તિ પોતાની ક્ષમતા તથા પુરુષાર્થને આધારે વિશેષ પ્રકારની ગતિથી તે માર્ગમાં આગળ વધી શકે છે.

અહીં નવદંપતીને ધર્મમાં આશક્તિ સાથે શ્રેયની અભિલાષાના આશીર્વાદ પણ અપાય છે. પુરુષાર્થમાં જેમ ધર્મ અને મોક્ષને મહત્ત્વ અપાયું છે તેમ અર્થ અને કામની પણ સ્વીકૃતિ છે. જન્મ અને મૃત્યુના ચક્રમાંથી મુક્તિ જેટલી મહત્ત્વની છે તેટલું જ મહત્ત્વ યોગ દ્વારા શારીરિક, માનસિક અને આધ્યાત્મિક સ્વાસ્થ્યનું પણ છે. અહીં વાનપ્રસ્થાશ્રમ તથા સંન્યાસાશ્રમ જેટલું જ મહત્ત્વ ગૃહસ્થાશ્રમ તથા બ્રહ્મચર્યાશ્રમનું પણ છે. જીવનના પ્રત્યેક તબક્કાનું અહીં જેમ મહત્ત્વ છે તેમ સૃષ્ટિનાં દરેક શ્રેણીના અસ્તિત્વમાં દિવ્યતાની સંભાવના છે તેમ ગીતાના વિભૂતિ યોગ દ્વારા સ્થાપિત કરાયું છે. માનવી અમુક રીતે શ્રેષ્ઠ હોઈ શકે પરંતુ વૃક્ષોમાં પીપળાની વાત પણ એટલી જ ગૌરવપૂર્ણ છે તેમ કહી શકાય.

આધ્યાત્મિકતા સાથે સનાતનની સંસ્કૃતિ વ્યવહારમાં પણ ચોક્કસ પ્રકારની ગુણવત્તાનો આગ્રહ રાખે છે. દુનિયાની આ સૌથી પૌરાણિક તેમજ પરિપક્વ સંસ્કૃતિમાં જણાવાયું છે કે પરિસ્થિતિ અને સમય વિપરીત હોય ત્યારે ધીરજ અને સંયમ જાળવી રાખવા જોઈએ. સહનશીલ બની અન્યની ભૂલ ક્ષમા કરવાની વૃત્તિ રાખવી જોઈએ. આધ્યાત્મિકતાના માર્ગમાં પ્રગતિ માટે ઇન્દ્રિયો પર સંયમ રાખવો જરૂરી છે અને ઇન્દ્રિયોના વિષયથી, તે પ્રકારનાં પ્રલોભનોથી દૂર રહેવું જોઈએ. અસ્તેય એટલે કે અન્યની સંપત્તિને અયોગ્ય રીતે પ્રાપ્ત ન કરવી જોઈએ. આ સંસ્કૃતિમાં દરેક પ્રકારની શુદ્ધિ અને પવિત્રતાનો આગ્રહ રખાય છે. અહીં સત્ય, ધર્મ, અક્રોધ અને ન્યાયનું આગવું મહત્વ છે. સનાતનની સંસ્કૃતિમાં જ્ઞાનને સૌથી પવિત્ર ઘટના તરીકે માનવામાં આવે છે. આ જ્ઞાન થકી જ સૃષ્ટિમાં પ્રવર્તમાન સત્ય ઉજાગર થઈ શકે. જે સંસ્કૃતિમાં આ પ્રમાણેના નૈતિક તેમ જ ધાર્મિક ધારાધોરણ માટે આગ્રહ રખાતો હોય તે સંસ્કૃતિ, સ્વાભાવિક રીતે માનવ સમુદાયના સકારાત્મક ઘડતર માટે મહત્વની ભૂમિકા ભજવી શકે.

ફળનો પ્રસાદ પણ અહીં માન્ય છે અને પાનનો પણ. તીર્થયાત્રાનું અહીં મહત્ત્વ છે તો માતાપિતાની પ્રદક્ષિણા પણ તેટલું જ, તેવું જ પરિણામ આપી શકે તેમ સ્થાપિત કરાયું છે. અહીં શારીરિક અને ભૌતિક ક્રિયાનું જેટલું મહત્ત્વ છે તેટલું જ મહત્ત્વ માનસિક આચારનું છે. અહીં આરતીના દીવાના પ્રકાશનું જેટલું મહત્ત્વ છે તેટલું જ મહત્ત્વ આત્માના પ્રકાશનું છે. અહીં ઘંટનો નાદ જે પ્રમાણે સ્વીકૃત છે તે પ્રમાણે અનાહત નાદ પણ પ્રશંસા પામે છે. એકંદરે એમ કહી શકાય કે માનવીય સમાજની, સૃષ્ટિના સમીકરણની તથા સ્થૂળ તેમ જ સૂક્ષ્મ અસ્તિત્વના વિશ્વની એવી એક પણ સકારાત્મક, ધાર્મિક તેમજ આધ્યાત્મિક ઘટના નથી જેને સનાતનની સંસ્કૃતિમાં માન્યતા ન મળી હોય. વળી એ પણ સમજવું જરૂરી છે કે. આધ્યાત્મની વ્યાખ્યા ગીતામાં જેટલી સ્પષ્ટતાથી કહેવામાં આવી છે તે સ્વયં એક અદ્‌ભુત સાત્વિક ઘટના છે. ગીતામાં કહેવાયું છે કે તે પરબ્રહ્મના સ્વભાવને આધ્યાત્મક કહેવાય. સનાતનની સંસ્કૃતિમાં આટલી બધી સ્વતંત્રતા સાથે આ પ્રકારનું સચોટ નિરૂપણ આ સંસ્કૃતિની અકલ્પનીય પરિપક્વતા દર્શાવે છે. ■

અધ્યાત્મ જગતના ઈન્ટરવ્યૂમાં તો એક જ પ્રશ્ન પુછાય, શું તમે પ્રેમ કરો છો?

માનસ મંથન

મોરારિબાપુ
feedback@bombaysamachar.com

કહે છે કે એક ખ્રિસ્તી બાળક રવિવારે ચર્ચમાં ગયો. પાદરી દરેક રવિવારે ત્યાં પ્રવચન કરતો હતો. પ્રાર્થના શરૂ થઈ, તો હોલ આખો ભરેલો હતો. પણ ધર્મગુરુ જે હતા, એની દ્રષ્ટિ કેવળ બાળક પર હતી. કારણ એ પ્રાર્થનામાં એટલું ડૂબી ગયું હતું. મોટા મોટા વિદ્વાનને આકર્ષિત કર્યા. બધાં પ્રાર્થના પછી એની પાસે ગયા. ધર્મગુરુએ પૂછ્યું એ બાળકને કે તને કઈ પ્રાર્થના આવડે છે? તું તો હજી બાળક છે અને તું એટલો પ્રાર્થનામાં એકાગ્ર થઈ ગયો? હું સાંઠ વર્ષનો કદી એ સ્થિતિમાં ન ગયો. તું કઈ પ્રાર્થના કહી રહ્યો હતો. તો એણે કહ્યું કે 'ફાધર, મને કોઈ પ્રાર્થના નથી આવડતી. મને ફક્ત ABCD આવડે છે. હું ભગવાનને કહેતો હતો જયારે આખી ABCD બોલી રહ્યો હતો કે મને પ્રાર્થના નથી આવડતી, પણ પ્રાર્થના તો ABCD માંથી જ નિશ્ચિત થાય છે ને, એ તું બનાવી લેજે.' હે ઈશ્વર, જે તને ખુશ કરે તે પ્રાર્થના તું એમાંથી બનાવજે! મારાં ભાઈ-બહેનો, શું તમને એવું નથી લાગતું કે પાદરીની પ્રાર્થના ઈશ્વરને પહોંચે તે પહેલા આ પ્રેમપૂર્ણ બાળકની પ્રાર્થના પહોંચી હશે?

હું તમને એક વાત કહું. એક યુવકે એક વધુ પ્રશ્ન પૂછ્યો છે. 'બાપુ, When T.V. media people come to see you and ask so many questions for you interview, your answers are very spiritual and enlightening. I understand it because I was an English teacher. કાલે ઇન્ટરવ્યૂમાં પણ પૂછાયું કે સાંભળ્યું છે કે બાપુ તમે અંગ્રેજીના શિક્ષક હતા. મેં કહ્યું કે સદ્‌ભાગ્ય વશ માનો કે વિદ્યાર્થીઓના દુર્ભાગ્યવશ માન તો પૂછી રહ્યો છે એક યુવક, કે આ ટી.વી. ને મિડિયાવાળા તમારો ઇન્ટરવ્યૂ લે છે, સવાલો પૂછે છે, તો એણે પૂછ્યું છે, 'બાપુ, If you were to interview us, what questions would you ask us. એટલે હું તમારો ઇન્ટરવ્યુ લઉં,તમે અમારો ઇન્ટરવ્યુ લ્યો તો કેવા સવાલ પૂછો?'

મેં આજ સુધી કોઈને પ્રશ્ન પૂછ્યો જ નથી. હું જેનાં ચરણોમાં બેસીને રામકથા શીખી રહ્યો હતો, એ દાદાજીને જયારે જયારે બહુ સમજમાં ન આવે ત્યારે કદી પૂછ્યું હશે. દાદાજી પ્રશ્નોથી બહુ નારાજ થતા હતા. હં... ગુસ્સો નહોતા કરતા પણ મુખાકૃતિ પરથી હું સમજી જતો હતો કે રામાયણની યાત્રામાં પ્રશ્નોને સ્થાન નથી. એ કહેતા કે ભરોસો રાખ. હું નહીં સમજાવી શક્યો, તો માનસ સ્વયં સમજાવી દેશે. ચલ આગળ,ચલ આગળ. એ મારો ક્રમ રહ્યો. છતાં મેં કથામાં કદી કદી યાદ કર્યું હતું કે હું અહીં રોકાઈ ગયો હતો, બાળકના રૂપે મેં પૂછ્યું હતું ત્યારે કદી જવાબ આપ્યો હતો. કદી વિનોદમાં પૂછી લઉં, એ વાત જુદી છે, બાકી મારો પ્રશ્ન પૂછવાનો સ્વભાવ નથી. છતાં આપ કહો છો કે તમે અમારો ઇન્ટરવ્યુ લ્યો તો શું પ્રશ્ન પૂછો? તો એક જ પશ્ન પૂછું કે તમે પ્રેમ કરો છો? પ્રેમ કરો. અને તમારા પોતાનાથી શરૂઆત કરો. તમે તમારી પત્નીને પ્રેમ ન કરી શકો તો બ્રહ્મને શું ખાક પ્રેમ કરી શકશો? એક મુખવાળીને પ્રેમ ન કરી શકો તો એ તો ચાર મુખવાળો છે. ક્યાં મુખથી પ્રેમ કરશો?

તમે તમારા બાળકોને પ્રેમ નથી કરતા, તમારા પતિને પ્રેમ નથી કરતાં, પરમાત્માને પ્રેમ કરવાની લાંબી ચૌડી બહેસમાં પડ્યા છો. જ્યાં છો, ત્યાંથી યાત્રા શરૂ કરાય.

फूल पर तितलिया आ गई है.
उस पर तो भरोसा करो, वो भी आ जाएगा।
अफसोस मत करो ।
समय पर सावन आत्मा है, वो भी आएगा।
अफसोस मत करो ।
वसंत में कोकिला कूउँ करती है ।
वो भी कभी वाल्मीकिकी तरह बोलेगा ।
अफसोस मत करो ।

એ માર્ગ ધૈર્યનો છે, એ માર્ગ પરીક્ષાનો નથી, પ્રતિક્ષાનો છે. એમાં પરીક્ષા નથી હોતી. પ્રતિક્ષા કરો. અને આ પ્રતિક્ષામાં કદી કદી જન્મોજન્મ લેવા પડે તો યે ખોટનો ધંધો નથી. આ પ્રતિક્ષાનો માર્ગ છે. ગોપીઓ વૃંદાવનમાં, ગોવિંદ મથુરામાં, કેટલું અંતર હતું? આટલો પ્રેમ કરવાવાળી ગોપી ન મથુરા ગઈ, પહેલાં તો દહીં વેચવા જતી હતી, કૃષ્ણ ગયા પછી નહીં ગઈ. ન ગોવિંદ આવ્યો, ન ગોપી ગઈ. એકબીજા એકબીજાની પ્રતિક્ષામાં રડતાં રહ્યાં, રડતાં રહ્યાં. શું યશોદાને નહીં થયું હોય કે હું એકવાર જાઉં. શું એ નંદને નહીં કહી શકતી કે આપ પુરુષ છો, મને એકવાર લઈ ચાલો. એના માથા પર એકવાર હાથ ઘૂમાવી આવું, નહીં થયું હોય? કેવળ પ્રતિક્ષા, પ્રતિક્ષા.

પ્રતિક્ષાનો માર્ગ છે એ માનસમાં તો લખ્યું છે, કદી કદી

जन्म जन्म मुनि जतन कराहीं । अंत राम कहि आवत नहीं ।।

ગીતા પણ ઘણા જન્મો પછી જ્ઞાનની ઉપલબ્ધિનો ઉદ્‌ઘોષ કરે છે. મને જો પૂછવાનું હોય તો હું પૂછું કે પ્રેમ કરો છો ? ઘરથી શરૂ કરો. ઘરનાં વૃક્ષો, છોડવાઓથી શરૂ કરો. તમારા ઘરમાં, બ્રિટનમાં રહો છો, તો અહીં ચૂહા નથી, અમારે ઇન્ડિયામાં તો કેટલા અમારા ઘરમાં રહે છે. ઉંદર પણ રહે છે, માખીઓ પણ રહે છે, બધા પરિવારના સદસ્યોની જેમ રહે છે. એ તો આપણે બોલીએ છીએ કે ઉંદરો ક્યાંથી આવી ગયા? પણ ઉંદરની ભાષા આપણે નથી જાણતાં. એ અંદર અંદર વાતો કરતા હશે કે આ કોણ ઘરમાં ચાળીસ વર્ષોથી બેઠાં છે, આ કોણ અંદર આવી ગયાં? ઉંદર ને ઉંદરડી અંદર અંદર વાતો કરતાં હશે. બધાંની પોતાની દુનિયા છે બાપ! તમે અભિમાન નહીં કરો. સૌને પ્રેમ કરો.

(સંકલન : જયદેવ માંકડ) ■

સૌનાં હૃદયમાં બેઠેલા મુનિ શ્રીશુકદેવજીને હું નમસ્કાર કરું છું...

અલૌકિક દર્શન

ભાણદેવ
feedback@bombaysamachar.com

શુકદેવજી ગર્ભાવસ્થામાંથી બહાર તો આવ્યા, પરંતુ વ્યાસાશ્રમમાં માતાપિતા પાસે રહ્યા નહીં. જન્મીને તરત ચાલવા જ મંડ્યા. જાતકર્મ, ચૂડાકર્મ, ઉપનયન-સંસ્કાર આદિ સંસ્કારો વિના જ શુકદેવજીને પરિવ્રાજકની જેમ ચાલતા થયેલા જોઈને ભગવાન વ્યાસ વ્યાકુળ બની ગયા. ભગવાન વ્યાસ પુત્રના વિરહમાં કાતર બની ગયા. ભગવાન વ્યાસ આગળ અને વ્યાસપત્ની અરણીદેવી પાછળ, એમ બંને પુત્ર પ્રત્યેના વાત્સલ્યભાવથી પ્રેરાઈને કાતરભાવે પુત્રની પાછળ દોડી રહ્યાં છે. થોડી વાર પછી અરણીદેવી પાછાં ફરે છે. વ્યાસજી અનુગમન કરે છે.

ભગવાન વ્યાસજી 'પુત્ર ! પુત્ર !' કહીને બૂમો પાડી રહ્યા છે.

'यं प्रव्रजन्तमनुपेतमपेतकृत्यं द्वैपायनो विरहकातर आजुहाव ।
पुत्रेति तन्मयतया तरवोऽभिनेदु-
स्तं सर्वभूतहृदयं
मुनिमानतोऽस्मि।।'

श्रीमद्‌भागवत : ૧-૨-૨

'જે સમયે શુકદેવજીનો ઉપનયન-સંસ્કાર પણ થયો ન હતો, વૈદિક-લૌકિક કર્મોના અનુષ્ઠાનનો અવસર પણ આવ્યો ન હતો તે સમયે તેમને સંન્યાસના ઉદ્દેશથી જતા જોઈને તેમના પિતા ભગવાન વ્યાસજી વિરહથી કાતર બનીને પોકારવા લાગ્યા, 'પુત્ર ! પુત્ર !' તે પ્રસંગે તન્મયતા હોવાને કારણે શ્રી શુકદેવજી તરફથી વૃક્ષોએ પ્રત્યુત્તર આપ્યો. આવા સૌનાં હૃદયમાં બેઠેલા મુનિ શ્રીશુકદેવજીને હું નમસ્કાર કરું છું.'

'શ્રીમદ્‌ભાગવત'ના આ એક શ્લોક દ્વારા શ્રીશુકદેવજીનો ઘણો પરિચય મળે છે.

હજુ ઉપનયન આદિ કોઈ સંસ્કાર પણ થયા નથી તે અવસ્થામાં શુકદેવજી સંન્યાસ માટે તત્પર થઈને ગૃહત્યાગ કરીને નીકળે છે. તે પ્રસંગે વિરહકાતર વ્યાસજી 'પુત્ર! પુત્ર!' એમ કહેતાં-કહેતાં તેમની પાછળ દોડે છે. શુકદેવજી તો પ્રત્યુત્તર આપવા માટે પણ રોકાતા નથી. તેમણે તો માનવીય સંબંધો અને માનવીય લાગણીઓનો સ્વીકાર જ કર્યો નથી. બ્રહ્મભાવમાં સ્થિર થઈ જવાને કારણે શુકદેવજીની ચેતના સર્વ ભૂતોની ચેતના સાથે તલ્લીન બની ગઈ છે, તેથી ભગવાન વ્યાસને શુકદેવજી પ્રત્યુત્તર આપતા નથી, પરંતુ તેમના વતી વૃક્ષો પ્રત્યુત્તર આપે છે.

સર્વ પ્રાણીઓ સાથે એકાત્મભાવ સિદ્ધ થવો તે અધ્યાત્મની એક ઘણી વિશિષ્ટ અનુભૂતિ છે. અદ્વૈતસિદ્ધિની અવસ્થા તે કોઈ કલ્પના નથી, માત્ર દાર્શનિક સિદ્ધાંત નથી, તે ઘણી ગહન અને સઘન આધ્યાત્મિક અનુભૂતિ છે, ચેતનાની વિશિષ્ટ અવસ્થા છે. આ અવસ્થામાં સ્થિત થનાર વ્યક્તિની ચેતના સર્વ પ્રાણીઓની ચેતના સાથે અદ્વૈતભાવમાં પ્રતિષ્ઠિત થાય છે. શુકદેવજી આ અદ્વૈતભાવમાં પ્રતિષ્ઠિત થયા હતા, તેથી તેમની ચેતના વૃક્ષોની ચેતના સાથે તલ્લીન બની ગઈ છે. આમ હોવાથી શુકદેવજીને બદલે વૃક્ષો પ્રત્યુત્તર આપે છે. ભક્તરાજ ધ્રુવજીની ચેતના પણ આવી રીતે સમષ્ટિચેતના સાથે એકરૂપ બની થઈ હતી તેવું વર્ણન 'શ્રીમદ્‌ભાગવત' (૪-૮-૮૦થી ૮૨)માં છે.

શ્રી શુકદેવજી-મહારાજ આગળ અને ભગવાન વ્યાસજી તેમની પાછળ ચાલી રહ્યા છે. તેમના ચાલવાના ક્રમમાં તેઓ બંને એક સરોવર પાસેથી પસાર થયા. સરોવરમાં દેવાંગનાઓ સ્નાન કરતી હતી. શુકદેવજી મહારાજ ત્યાંથી પસાર થયા તો પણ આ સ્ત્રીઓને તેમની હાજરીથી કશો સંકોચ ન થયો. તેઓ નિર્વસ્ત્ર અવસ્થામાં હતી અને તેમ જ રહી, પરંતુ તેમની પાછળ થોડી વારમાં ભગવાન વ્યાસજી આવ્યા ત્યારે સ્ત્રીઓને સંકોચ થયો અને તેમણે પોતાનાં વસ્ત્રો ધારણ કરી લીધાં. સ્ત્રીઓના આવા વ્યવહારને જોઈને ભગવાન વ્યાસજીને નવાઈ લાગી. તેમણે પૂછ્યું : 'મારા યુવાન પુત્રની હાજરીથી તમને કશો સંકોચ ન થયો અને મારી વૃદ્ધની હાજરીથી સંકોચ થયો તેનું કારણ શું?'

સ્ત્રીઓએ જવાબ આપ્યો :

'ભગવન્! શુકદેવજી યુવાન પુરુષ હોવા છતાં તેમના મનમાં સ્ત્રી-પુરુષનો કોઈ ભેદ જ નથી, જ્યારે આપ સચ્ચારિત્ર્યશીલ પુરુષ હોવા છતાં, વયોવૃદ્ધ હોવા છતાં આપના મનમાં સ્ત્રી-પુરુષનો ભેદ તો છે જ. એક વર્ષના બાળકમાં કામભાવનો સર્વથા અભાવ હોય છે, તેમ શુકદેવજીમાં કામભાવનો સર્વથા અભાવ છે, પરંતુ આપ કામભાવથી સર્વથા અજાણ નથી. આ ભિન્નતાને કારણે અમને શુકદેવજીનો સંકોચ ન થયો, પરંતુ આપનો સંકોચ થયો.'

બ્રહ્મચર્યને માનવસ્વરૂપે જન્મ લેવાનું મન થયું અને શુકદેવજીનો જન્મ થયો. બ્રહ્મચર્ય તેના સર્વોત્કૃષ્ટ સ્વરૂપે શુકદેવજીમાં સિદ્ધ થયું છે. આપણા દેશમાં 'શુકદેવ' શબ્દ નૈષ્ઠિક બ્રહ્મચારી પર્યાયવાચક બની ગયો છે. શુકદેવ એટલે જાણે બ્રહ્મચર્યની ચરમસીમા.

ગૃહત્યાગ કરીને નીકળી ગયેલા શુકદેવજી પાછા ન જ ફર્યા. પરમહંસવૃત્તિથી અવધૂત-અવસ્થામાં તેઓ યથેચ્છ વિહરણ કરતા રહ્યા. જો પવનને બાંધી શકાય તો શુકદેવજીને ઘરમાં રોકી શકાય. ભિક્ષા લેવા જાય ત્યારે પણ ગાય દોહવામાં જેટલો સમય લાગે તેથી વધુ શુકદેવજી ક્યાંય રોકાતા નથી.

નારદજીની સૂચનાથી ભગવાન વ્યાસજીએ તેમના અનુપમ ગ્રંથ 'શ્રીમદ્‌ભાગવત'ની રચના કરી છે. 'શ્રીમદ્‌ભાગવત'ના પાનેપાને જ્ઞાન, પ્રેમ અને યોગ પરોવાયેલાં છે. આવા અધ્યાત્મગ્રંથની રચનાથી ભગવાન શ્રીવ્યાસજીને પરમ સંતોષ થયો છે, પરંતુ હવે પ્રશ્ન એ છે કે આવો મહાન ગ્રંથ ભણાવવો કોને? આ ગ્રંથની શિક્ષા આપવી કોને? શિષ્યો તો અનેક છે, પરંતુ વ્યાસજી 'શ્રીમદ્‌ભાગવત' માટે કોઈને લાયક ગણતા નથી. વ્યાસજી વિચારે છે કે જો મારો પુત્ર શુકદેવ આ ગ્રંથનું શિક્ષણ પામે, આ ગ્રંથ સ્વીકારે તો 'ભાગવત'થી શુકદેવજીનું અને શુકદેવજીને આવો મહાન ગ્રંથ ભણે તેટલો સમય એક સ્થાન પર રોકવા કેવી રીતે ? ભગવાન વ્યાસજીના મનમાં આ મૂંઝવણ હતી, પરંતુ તેનો ઉકેલ પણ મળી ગયો.

એક વાર શિષ્યોએ ભગવાન વ્યાસજીને ફરિયાદ કરી કે અરણ્યમાં અમે લાકડાં લેવા જઈએ છીએ ત્યારે અમને હિંસક પ્રાણીઓની બીક લાગે છે. ભગવાન વ્યાસજીએ તેમને કહ્યું:

'હું તમને 'શ્રીમદ્‌ભાગવત'ના બે શ્લોકો શીખવું છું. તમે આ શ્લોકો કંઠસ્થ કરી લો, જ્યારે હિંસક પ્રાણી આવે ત્યારે તમારે આ શ્લોકોનું ગાન કરવું. આ સાંભળીને હિંસક પ્રાણીઓ ચાલ્યાં જશે.' આટલું કહીને ભગવાન વ્યાસજીએ પોતાના શિષ્યોને આ શ્લોકો શીખવ્યા:

'बर्हापीडं नटवरवपुः कर्णयोः
कर्णिकारम् ।
बिभ्रद्‌वासः कनककपिशं वैजयन्तीं
च मालाम् ।।
रन्ध्रान् वेणोरधरसुधया पुरयन्
गोपवृन्दै-
र्वृन्दारण्यं स्वपदरमणं प्राविशद्
गीतकीर्तिः।।'

श्रीमद्‌भागवतः ૧૦-૨૧-૫

'મયૂરપિચ્છવાળો મુગટ, બંને કાનમાં કરેણનાં પુષ્પો, સુવર્ણ-સમાન પીતાંબર તથા વૈજયંતીમાળા ધારણ કરેલા, ઉત્તમ નટ જેવા દેહવાળા, જેમની કીર્તિ સર્વત્ર ગવાય છે તેવા ભગવાન શ્રીકૃષ્ણ પોતાના નીચલા હોઠના અમૃતથી વાંસળીનાં છિદ્રોને ભરતા ગોવાળિયાઓના ટોળા સાથે પોતાનાં ચરણચિહ્નોથી રમણીય બનેલા વૃંદાવનમાં પ્રવેશ્યા.'

'अहो बकी यं. स्तनकालकूटं
जिघ्रांसयापाययद्‌प्य साध्वी ।
लेभे गतिं धात्र्युचितां ततोऽन्यं
कं वा दयालुं शरणं व्रजेम ।।'

श्रीमद्‌भागवतः ૩-૨-૨૩

'પાપિણી પૂતનાએ પોતાનાં સ્તનોમાં હળાહળ વિષ લગાડીને શ્રીકૃષ્ણને મારી નાખવાની ઈચ્છાથી તેમને સ્તનપાન કરાવ્યું હતું, તેને પણ ભગવાને તે પરમ ગતિ આપી જે ગતિ ધાત્રી માટે ઉચિત ગણાય. આવા શ્રીકૃષ્ણ સિવાય બીજા કોણ દયાળુ છે કે જેમનું અમે શરણ ગ્રહણ કરીએ?' (ક્રમશઃ)■

અલખનો ઓટલો

ડૉ. નિરંજન રાજ્યગુરુ
feedback@bombaysamachar.com

વસ્તુ વીરલે વખાણી સંત

લોક વ્યવહારમાં 'હું ભજન કરૂં છું', 'ભગવાનને ભજી લેવા', 'ભજન કરે ઈ જીતે મનવા', 'ભજન ભેદ હે ન્યારા', 'ભજનનો આહાર'... વગેરે શબ્દો સાંભળવા મળતા રહે છે તેની સાથે જ લોકસમુદાયના ચિત્તમાં રામસાગર, ઢોલક કે તબલાં, મંજીરાં, શરણાઈ, બેન્જો, વાયોલીન, ઓર્ગન જેવાં અનેક પ્રાચીન અને આધુનિક વાજીંત્રોના સાંનિધ્યમાં દેશી ભજનિકો કે અર્વાચીન લોકસંગીતના કલાકારો દ્વારા તાલબદ્ધ રીતે જાહેરમાં કે રેડિયો-ટીવીમાં ગવાતાં ભજનો-સંતવાણીનો જ ખ્યાલ આવે છે. કોઈપણ ધર્મના ઉપાસ્ય-આરાધ્ય દેવી-દેવતા સમક્ષ મંદિરોમાં કે સંતસ્થાનો, સાધુઓના આશ્રમો, ઝૂંપડીઓમાં, ગામના ચોરે કે કોઈપણ જાહેર સ્થળે સ્તુતિ, ધૂન, કીર્તન, પ્રાર્થનાઓ લલકારવામાં આવે તેને પણ 'હરિ ભજન' માનવામાં આવે છે. આમ ભક્તિસંગીત સાથે જ ભજનને જોડવામાં આવે છે. પણ 'ભજન' કે 'ભજવું'નો મૂળ, તાત્ત્વિક, ગૂઢ, અલૌકિક, રહસ્યાત્મક કે આધ્યાત્મિક અર્થ બહુ ઓછાને સમજાય છે. 'ભજન'નો તત્ત્વાર્થ તો એકત્વના દર્શનમાં જ સમાયો છે.

વાસ્તવિક રીતે અંતરાત્માના એકાત્મભાવમાં સ્થિર થવું એનું નામ 'ભજન'. પ્રત્યેક દર્શન, શ્રવણ, અનુભવમાં એટલે કે નૂરત ને સુરતમાં કોઈપણ જાતના પ્રપંચ વિના જે સ્થિર રહીને જે પ્રવૃત્તિ કરે છે તેનું નામ જ છે 'ભજન'... સમૂહમાં તાળીઓના તાલ સાથે ગળાં ફૂલાવી ફૂલાવીને લોકોને રીઝવવા ગાવું, નાચવું, પોતાના કંઠની કરામતો દેખાડવી એને 'ભજન' કેમ કહી શકાય? ભજન એ હરગીજ પ્રદર્શનની ચીજ નથી. એ તો એકાન્તમાં પોતાના આત્મા સાથે થયેલ ઐક્યને સાધવા માટેનું આત્મચિંતન છે. એ ભાવનો આવેશ નથી. જે નામમાં અનામીને, વ્યક્તમાં અવ્યક્તને, દ્રશ્યમાં અદ્રશ્યને, સાકારમાં નિરાકારને, સગુણમાં નિર્ગુણને ને રૂપમાં અરૂપને નિહાળે છે તે શુદ્ધ આત્મા જ ભજનમાં રત રહે છે

'ભજન' તો સંતોને થયેલી ગૂઢ રહસ્યાત્મક અનુભૂતિનો શબ્દ અભિવ્યક્તિમાં રજૂ થયેલો માત્ર પડછાયો છે. મૂળ અનુભવ તો ક્યારેય શબ્દો દ્વારા વ્યક્ત થઈ શક્તો નથી. ભજનનો ધરમ એટલે અભેપદ અને ભજનનો મરમ એટલે અભેદ દર્શન. ધર્મ એ વ્યવસ્થા છે અને અધ્યાત્મ કે મરમ એ અવસ્થા છે.

નશ્વરને ઓળખાવે અને ઈશ્વર સાથે સંબંધ બાંધવાનું સૂચવે તે ધરમ અને અને એમાં રમમાણ થઈ જવું તે મરમ ભજન એ ગાવા-સંભળાવવાની ચીજ નથી, ભજન તો એક સાધના પ્રક્રિયા છે. ભજનનો શબ્દ ઝીલવા અને ભજનમાં જીવવાની આંતર સાધના એટલે ભજન. ભજન કરવું એટલે મીઠા ને કેળવાયેલા કંઠથી ભજન લલકારવું તે નહીં. ભજન કરવું એટલે જે પરમ તત્ત્વનું કે પુરુષોત્તમનું આરાધના કરતા હોઈએ તેની સાથે એક તાર થઈ જવું.

અત્યંત પ્રાચીનકાળથી આપણા ઋષિ-મુનિઓમાં નાદાનુસંધાન અથવા તો સુરત શબ્દ યોગ રૂપે આત્મસાધનાની પરંપરા હતી જ. ત્યારબાદ બૌદ્ધસિદ્ધો અને નાથયોગીઓમાં પણ તંત્ર તથા યોગસાધનાના એક અંગ તરીકે, સાધનાના એક માર્ગ તરીકે શબ્દબ્રહ્મ અને નાદબ્રહ્મની ઉપાસનાના અંશો જોવા મળે છે.

સંતસાધનાની પરિભાષાના કોઈ માત્ર એકાદ શબ્દ વિશે પણ બસો-અઢીસો જુદા જુદા શબ્દકોશો, અન્ય કોશગ્રંથો કે જુદીજુદી ભાષાઓના અભ્યાસગ્રંથોમાંથી નોંધ કરવા બેસીએ તો પણ એ એકમાત્ર શબ્દ વિશે આઠ-દસ પાનાં ભરાય એટલી સામગ્રી સાંપડે.

આજ લગી આપણે હજારીપ્રસાદ દ્વિવેદી, પરશુરામ ચતુર્વેદી, રાહુલ સાંકૃત્યાયન, ધર્માનંદ કૌશાંબી, આચાર્ય ક્ષિતિમોહન સેન, નાગેન્દ્રનાથ ઉપાધ્યાય....વગેરે દસ બાર લેખકોનાં હિન્દી કે ગુજરાતીકરણ પામેલાં ગ્રંથોના આધારે જ આપણો અભ્યાસ કરતા રહ્યા છીએ, પણ મૂળ ભારતીય સનાતનધર્મના વેદ, ઉપનિષદ, બ્રાહ્મણગ્રંથો, પુરાણો, મહાકાવ્યો, તંત્રગ્રંથો, બૌદ્ધોની જાતકકથાઓ, દોહાકોશ, ચર્યાપદો, ગોરખબાની, મૂળ કબીરવાણીના તમામ અભ્યાસગ્રંથો અને એમાં અપાયેલાં સાધનાત્મક પારિભાષિક શબ્દાવલિઓના અર્થો સુધી આપણે ક્યાં પહોંચી શક્યાં છીએ??

વસ્તુ વીરલે વખાણી સંતો વસ્તુ વીરલે વખાણી રે હો...જી...
કોટિક ભાણ મારે ભીતર પ્રગટયા,
આ તો અગમ ઘરની એંધાણી રે હો.. જી..
આનંદ ઉપન્યો, અલબેલા જોયા, ખરી થઈ છે ઓળખાણી...
મારા સંતો વસ્તુ વીરલે વખાણી રે...હો..જી...
અનંત પદ મારા ગુરુએ બતાવ્યું.
જ્યાં જાત ને ભાત સમાણી રે હો..જી...
આદિને અંત એકે ય ન મળે, અલખ પુરુષની નિશાની...
નાભિ કમળથી આનંદ ઝિયો,
અચાનક લહેર ઉભરાણી રે હો...જી...
બ્રહ્મ ગુફાના ભેદ જ્યારે ભાંગ્યા, ત્યાં જઈ સુરતા ઠેરાણી...
મારા સંતો વસ્તુ વીરલે વખાણી રે....હો..જી...
જેને સતગુરુ પૂરા નથી ભેટ્યા,
તેનું સરવે થિયું ધૂળધાણી રે હો ...જી...
ધડ ઉપર જેને મસ્તક ન મળે, તેણે આ વસ્તુ માણી...
આ ઘટમાં હરિ સભર ભર્યો છે,
માંયલો મરમ લીધો માણી રે હો..જી...
રામદાસ ચરણે ભણે ભાદુદાસ, લહેરમાં લહેરું સમાણી...
મારા સંતો વસ્તુ વીરલે વખાણી રે....હો..જી... ૦૦૦૦ ■

ફોકસ પ્લસ

ડૉ. બળવંત જાની
feedback@bombaysamachar.com

આપો અમને અધિક વેદના એ આપની પ્રીતિ

શ્રીમદ્ ભાગવત પુરાણનો મુખ્ય વિષય ભક્તિ છે, જેમાં કૃષ્ણને તમામ દેવોના દેવ તરીકે ચિત્રીત કરવામાં આવ્યા છે. અગાઉ આપણે આ ગ્રંથ વિશે ઘણું જાણ્યું હવે આગળ... મૂળભૂત રીતે વિવિધ, દૃષ્ટાંત કથાનકોને માધ્યમ બનાવીને ભક્તને પ્રાપ્ત પીડા અને અંતે મોક્ષરૂપ આ પ્રસન્નતા રૂપી ક્ષણની પ્રાપ્તિ મહાભારતનો જે સૂર હતો કુંતિ દ્વારા 'આપો અમને અધિક વેદના એ આપની પ્રીતિ.' એ કથન અહીં મહાભારત પુરાણમાં આગવી રીતે, અનોખી રીતે ભક્તિકથાને અનુસંગે પુનઃસ્થાપિત થયું છે. પ્રથમ સ્કંધના ગોકર્ણના ઉપાખ્યાન, અને ધંધુકારીના સમૂદાયમાં એ નિહિત છે. બીજા સ્કંધમાં ચોવીશ અવતારોનું સંક્ષિપ્ત કથન, અશ્વત્થામાના અસ્ત્રથી પરિક્ષિતનું રક્ષણ, પરિક્ષિતનું ચરિત્ર, એમના રાજ્યારોહણથી કળિયુગનું આગમન. ભારતીય કાળગણનાનો યુગાબ્ધ ત્યારથી આરંભાયો અત્યારે ૫૧૮૭નું વર્ષ છે. આપણા પ્રાચીનતાનું ઉદાહરણ વૈદિકકાળ, પુરાણકાળ છે. યુગ દસ્તાવેજી આધાર આપણી ઇ. પૂર્વેની કાળગણાના છે.

બીજો સ્કંધ ભારે તાત્ત્વિક વિધિ-વિધાન અને વ્રત ઉપાસનાનો છે. ભગવત ભક્તિના મહિમાનું કથન છે. સર્વથી નાનો માત્ર દશ અધ્યાયમાં ભક્તિ તત્ત્વની મીમાંસા ભક્તિ તત્ત્વ સાથે સંલગ્ન વિવિધ ચરિત્રો ઉદ્ધવ-વિદુર સંવાદરૂપે શ્રીકૃષ્ણનું રૂપ વર્ણન બ્રહ્માની કથા, વિષ્ણુની નાભીમાંથી કમળ દ્વાર એમનું પ્રાગટય. વિવિધ અવતારો ખાસ તો વરાહ અને હિરણ્યકશિપુ-હિચુયાક્ષની કથાસૃષ્ટિ, કર્દમ ઋષિ-દેવહૂતિ, કપિલ પ્રાગટયનું કથાનક તાત્ત્વિક સાંખ્ય શાસ્ત્રોપદેશ અહીં વર્ણવાયેલ છે.

ચોથા સ્કંધ મનુભગવાન-શતરૂપા, શિવ-દક્ષ વૈમનસ્ય, પૃથુસ્તુતિ-સનતકુમારોનો જ્ઞાનોપદેશ પુરંજનની કથા. ચંડકોપ અને કાળ કન્યાના ઉપાખ્યાન દ્વારા સ્ત્રીજીવત યોગથી સંસાર આદિનું આલેખન છે. પાંચમા સ્કંધમાં ઋષભદેવના એકસો પુત્રો. ભરત-ભરતવંશી રાજવી તથા ભરતખંડ ભૂભાગનું, ગ્રહ - નક્ષત્ર માળાનું બ્રહ્માંડનું આલેખન છે. છઠ્ઠા સ્કંધમાંના અજામિલ, વત્રાસૂર, ચિત્રકેતુના ચરિત્રોની કથાસૃષ્ટિ આખરે તો પીડા-કષ્ટ અને અંતે એમાંથી પ્રસન્નતા-મોક્ષગતિ પ્રાપ્તિની વિગતોને રસપ્રદ રીતે આલેખતી હોઇને ભાવક-ભકતને એના વાચન શ્રવણમાં રસ પડે છે. સાતમો સ્કંધ પ્રહલાદની ભક્તિનો નામસ્મરણની પ્રાપ્તિનો મહિમા કહ્યો છે. એમાં વ્યાસ મુનિએ ભારે રસળતી શૈલીમાં વર્ણાશ્રમ વ્યવસ્થા માનવ-જીવનના આયુષ્યકાળની વિવિધ આશ્રમ વ્યવસ્થા પણ વણી લીધી છે.

આઠમો સ્કંધ ગજેન્દ્ર મોક્ષના કથાનકનો છે. એમાં પણ પીડા અને અંતે પ્રસન્નતાની ક્ષણ છે. સમુદ્ર મંથનનું કથાનક પણ અને બલિરાજાનું કથાનક પણ એ જ મૂળ ભાવને પોષક અને સંવર્ધક છે. નવમો સ્કંધ કદ્રષ, રચ્યન અને અંબરીષની કથા દ્વારા મૂળ ભાવને સંકોરે છે. હરિશ્ચંદ્રનું, સગરનું આખ્યાન કથાનક અને અંતે રામનું ચરિત્ર,પરશુરામનું ચરિત્ર, નહુષપુત્ર યયાતિ એનો વૈરાગ્યબોધ આખરે ભારતબોધનો પરિચય કરાવે છે. ભરતવંથ અને એમાંથી યદુવંશની કથાસૃષ્ટિ દ્વારા જગતની ઉત્પતિ પછી થયેલા વિકાસની વિગતને કથે છે.

દશમો સ્કંધ શ્રીમદ્ ભાગવતનું હાર્દ છે. કહે કે પ્રાણ છે. એના બે ખંડ છે. પૂર્વાધના ૪૯ અધ્યાય અને ઉત્તરાર્ધના ૪૧ અધ્યાય મળીને ૯૦ અધ્યાયમાં કૃષ્ણ ચરિત્રને ગુંથી લીધું છે. એમાં પણ મૂળ સૂર તો પીડા-દુખ અને કષ્ટનો જ છે. કૃષ્ણજન્મ સમય પછી પુત્રસુખ સ્નેહથી વંચિત દેવકીના રૂદનથી આરંભ, યશોદાને કૃષ્ણની લીલાઓ પીડા ગ્રસ્ત કરે. પોતાનું સંતાન અન્યને સુખ-આનંદ અર્પે પોતાને નહીં એ પીડાની અનુભૂતિ, ગોપાંગનાઓ પણ ક્ષણ માટે મળેલું સુખ પુનઃપ્રાપ્ત થાય એ માટે રાહ જુએ-વ્યથા અનુભવે-અભાવની પીડા-વ્યથા વિરહભાવ એમાંથી પ્રગટે છે. રાસલીલા-ગોપી ગીત એનું ઉત્કૃષ્ટ શૃંગ છે. પછી પાછુ ગોપાંગના, યશોદા, ગોપબાળને કૃષ્ણનો વિરહ. એની પીડા, અંતે યશોદા પાસેથી દેવકીએ પ્રાપ્ત કરેલા કૃષ્ણથી પણ દેવકી સતત અવગણના-વંચના અનુભવે છે. મથુરામાં પરાક્રમમાં રત, કુવલયાપીડ, કુબ્જા, મલ્લ વગેરે સાથે રત છે. દેવકીને આનું ભારે મોટું કષ્ટ છે, પીડા છે. કૃષ્ણના વિવિધ સંદર્ભે અને મથુરા ત્યાગીને દ્વારિકા ગમન, ત્યાં અષ્ટ પટરાણીને પણ ભારે સંઘર્ષ-કષ્ટ વેઠીને પ્રાપ્ત કરી. રુક્મિણી સાથેનો આંતરકલહ, પ્રદ્યુમ્ન, એના પુત્ર અનિરુદ્ધનું અપહરણ સુદામા કથાનક, કૃષ્ણ દ્વારા દંતવકત્ર અને વિદુરથનો વધ. બલરામ દ્વારા સૂજ્ઞ અને બલ્લવનો વધ. જેવી કથા સૃષ્ટિ પીડા-કષ્ટ-દુઃખની જ વાચક છે. પણ અંતે એમાંથી તાવણીમાંથી ચરિત્ર દુઃખાનુભવને બદલે પ્રસન્નતા તો કશાક અમીટ સુખ પ્રાપ્તિનો અનુભવ કરે છે. એટલે ભાગવત પુરાણ પીડાથી પ્રસન્નતા 'કેઓસ ટૂ કોસમોસ' નો અનુભવ કરાવતી કૃતિ તરીકેનું મોટું ભારતીય મૂલ્ય ભારતબોધનું કથન કરતી જણાઇ છે.

એકાદશ સ્કંધ યદુકૂળના વિનાશની અને વસુદેવને નારદજીએ કહેલા ધર્માપદેશના આલેખનનો છે. અહીં માયા, મોહનું નિરૂપણ છે. કૃષ્ણે સ્વધામ જવા ચાહતા હોઇને ઉદ્ધવને પ્રાર્થનાસ્તુતિ કરી. બદ્ધ, મુક્ત, સાધુ તથા ભક્તના લક્ષણો વર્ણવીને સત્ય ગુણ તથા દુષ્ટના સંયોગથી પ્રાપ્ત અર્વસ્થિતિનું કથન કહ્યું. બારમો સ્કંધ સૃષ્ટિની ભાવિ અવસ્થિતિ, કળિયુગ કાળના લક્ષણો ચાર પ્રકારના પ્રલય, પરિક્ષિતના મૃત્યુ ભયનું નિવારણ અહીં કેન્દ્રમાં છે. માનવીને મૃત્યુના ભયમાંથી મુક્તિ અપાવતી, મોક્ષ અપાવતી કૃતિ ભાગવત પુરાણ આવા કારણે ભારે મૂલ્યવાન ગણાઇ. એની મહત્તા સ્વીકારાઇ. એને કાળનો કાટ ચડયો નથી. એ કાળજયી કૃતિના સ્થાન અને માનને પામી છે. ■

ફોકસ

કવિતા યાજ્ઞિક
feedback@bombaysamachar.com

આ મંદિરમાં ભગવાન બધાનો સમય સાચવી લે છે!

કહેવાય છે કે આપણે જો સમય ન સાચવીએ તો સમય આપણને ન સાચવે. પરંતુ ઈશ્વરની કૃપા થાય તો ગમે તેવો સમય પણ સચવાઈ જાય, જેવો નરસિંહ મહેતાનો સચવાયો. એટલુંજ નહીં, આપણો પ્રતિકૂળ સમય પણ ઈશ્વરકૃપાથી અનુકૂળ થઇ શકે છે, જેવો દ્રૌપદીનો થયો હતો. આપણે આ કૃપાને જ ચમત્કાર કહીએ છીએ. આ સમયની વાત એટલે યાદ આવી, કેમકે એક એવું ચમત્કારિક મંદિર છે, જ્યાં ભગવાનને જ ઘડી વાલે બાબાના નામથી ઓળખવામાં આવે છે. એવું તે શું છે એ મંદિરમાં કે ભગવાન જ ઘડિયાળ વાળા કહેવાયા? ચાલો, જાણીએ.

ઉજ્જૈનથી લગભગ ૪૫ કિલોમીટર દૂર મધ્ય પ્રદેશના ઉન્હેલ તાલુકામાં એક નાનકડું ગામ છે, જેનું નામ છે ગુરાદિયા સાંગા. આ ગામની સીમમાં એક વૃક્ષ છે. આ વૃક્ષના મૂળ સિવાયના બધા ભાગો પર તમને માત્ર અને માત્ર ઘડિયાળો ટીંગાતી જોવા મળશે. પહેલી નજરે એવું લાગી શકે કે કદાચ કોઈએ ઘડિયાળની દુકાન તો નથી શરૂ કરીને! પણ ના, આ કોઈ ઘડિયાળની દુકાન નથી, ઘડીવાલે બાબાનું મંદિર છે.

જોકે, અહીંયા મંદિર જેવું કશું બાંધકામ જોવા મળતું નથી. માત્ર વૃક્ષની નીચે એક પ્રતિમા છે, અને વૃક્ષની ઉપર અને આસપાસ હજારો ઘડિયાળો જોવા મળશે. અહીંયા જે પ્રતિમા છે તે સગસ મહારાજ કરોંદીયા સરકાર તરીકે ઓળખાય છે.

સગસ મહારાજ કરોંદીયા સરકાર મંદિર ખૂબ નાનું છે અને એક જૂના વડના ઝાડ નીચે આવેલું છે. મંદિરનો વિસ્તાર ફક્ત ૬ ફૂટ બાય ૪ ફૂટનો છે જ્યાં ઘડિયાળોનો ડુંગર ખડકાયો હોય તેવું દૃશ્ય છે, તેથી ટૂંક સમયમાં ભક્તોએ ઉપર વડના ઝાડની ડાળીઓ પર ઘડિયાળો બાંધવાનું શરૂ કર્યું. આજે, આ વૃક્ષ પર ૨૦૦૦થી વધુ ઘડિયાળો બાંધેલી છે. વધુમાં, ભક્તોએ હવે વાંસના થાંભલાના ટેકાથી દોરી પર ઘડિયાળો બાંધીને મંદિરની આસપાસ ઘડિયાળોની દીવાલ બનાવી છે.

સગસ મહારાજની એ પ્રતિમા છેલ્લા લગભગ દસેક વર્ષોથી આ સ્થાને મોજુદ છે. ગામનાં લોકો તેની પૂજા કરતા હતા. એક વખત એક વ્યક્તિએ અહીં સગસ મહારાજ પાસે માનતા માની. તેની મનોકામના પુરી થતાં તેણે ભગવાનના ચરણે પોતાની કાંડા ઘડિયાળ અર્પણ કરી. ત્યારથી લોકો અહીં આવીને લોકો માનતા લેતા અને ભગવાનના ચરણે ઘડિયાળ અર્પણ કરતા થયા. તેમની પ્રાર્થનાઓનો જવાબ મળતાં, ઘડીવાલે બાબા વિશે વાત ફેલાઈ ગઈ, કે તેઓ એવા સંત છે જેમને ઘડિયાળ ચઢાવવામાં આવે તો તેમની ઇચ્છાઓ પૂર્ણ કરે છે. ટૂંક સમયમાં જ નજીકના ગામડાઓના લોકો સગસ બાબાજીના મંદિરમાં આવવા લાગ્યા, એ શ્રદ્ધા સાથે કે ઘડીવાલે બાબા 'તેમના ખરાબ સમયને સારા સમયમાં બદલી નાખશે.'

દસેક વર્ષ જૂના આ મંદિરમાં આ પ્રથા છેલ્લા ચાર-પાંચ વર્ષોથી જ શરૂ થઇ છે. પણ એટલા ટૂંકા ગાળામાં જ ત્યાં હજારોની સંખ્યામાં ઘડિયાળોનો જમાવડો થઇ ગયો છે. જાણે ઘડિયાળોનો ડુંગર જ જોઈ લો! માત્ર થોડા જ સમયમાં આ સ્થળની ખ્યાતિ એટલી વધી ગઈ છે કે ભીડ વધવા લાગી છે, અને આ સ્થળની માન્યતા કોઈ મંદિરથી કમ નથી. મુલાકાતીઓની જરૂરિયાતો પૂરી કરવા માટે આ સ્થળની આસપાસ દુકાનો પણ બની ગઈ છે. પરંતુ અહીં ન તો કોઈ પૂજારી છે કે ન તો કોઈ ધાર્મિક વિધિનું પાલન કરવામાં આવે છે. માત્ર શ્રદ્ધાળુઓ અહીં આવે છે, પ્રાર્થના કરે છે, અને પ્રભુના ચરણે ઘડિયાળ અર્પણ કરે છે. ઘડિયાળો ઉપરાંત, લોકો વૃક્ષને પરંપરાગત પ્રથા પ્રમાણે નારિયેળ અને અગરબત્તી તો ચઢાવે છે, પણ સિગારેટ અને ચિલમ પણ ચઢાવે છે, બોલો!

સગસ મહારાજ અથવા ઘડીવાલે બાબાની જાદુઈ શક્તિઓએ ભક્તોમાં શ્રદ્ધા દિવસેને દિવસે વધુ ગહન બનાવી છે. આ પવિત્ર સ્થળની વારંવાર મુલાકાત લેનારા લોકો માટે સમય ખરેખર બદલાઈ ગયો છે. ભક્તોને પૂછવા પર, તેઓ દાવો કરે છે કે ઘડીવાલે બાબાને ઘડિયાળ અને પ્રાર્થના અર્પણ કર્યા પછી તેમની સમસ્યાઓ ઉકેલાઈ જાય છે. કેટલાક દાવો કરે છે કે તેમના બાળકની બીમારી, કૌટુંબિક સમસ્યાઓ હલ થઈ, કેટલાકને સુખી લગ્નજીવનનો આશીર્વાદ મળ્યા, વગેરે.

ઝાડ નીચે અથવા તેની નજીક ઊભા રહેવાનો પ્રયાસ કરો તો અસંખ્ય ઘડિયાળોના ટીક-ટીક અવાજો તમને એ વાતનો અહેસાસ કરાવશે કે સમય કોઈની રાહ જોતો નથી. હવે જ્યારે ભગવાન મહાકાલેશ્વરના દર્શન કરવા ઉજ્જૈન જાઓ, ત્યારે આ અનોખા ઘડીવાલે બાબાના દર્શન કરવાનો પણ લહાવો લેવા જેવો છે. ■

આચમન

અનવર વલિયાણી
feedback@bombaysamachar.com

શિવલિંગ અનેક વિશેષ એનર્જીનો ભંડાર!

ધર્મતેજ પૂર્તિને નિયમિત વાચતા અને પોતાનો પ્રતિભાવ દર્શાવી લેખકોને પ્રોત્સાહિત કરતા વહાલા જિજ્ઞાસુ - શ્રદ્ધાળુ વાચક મિત્રો!

- શું તમે એ કદી જાણવાનો પ્રયત્ન કર્યો છે કે શિવલિંગ એ સામાન્ય પથ્થરથી જુદો કઈ રીતે પડે છે?

- શું માત્ર પ્રાણપ્રતિષ્ઠા કરવાથી જ એ પથ્થર પથ્થર ન રહેતા એક દેહધારી બની જાય છે?

- શું તે શિવલિંગમાં એવું કોઈ તત્ત્વ હોય છે કે જે આપણી પૂજા - પ્રાર્થના - અર્ચનાને અનંત બ્રહ્માંડમાં પહોંચાડી આપણને તેની પ્રતિક્રિયારૂપે વિશેષ ફળની પ્રાપ્તિ થાય છે?

- આ અને આવા પ્રશ્નો મનેકમને સહેજે થાય તે સ્વાભાવિક છે અને એથી જ આ લખનાર લેખકે તે વિશેના અભ્યાસુઓ પાસેથી તેમ જ પ્રમાણભૂત લેખો, લખાણો પરથી જે જાણકારી હાંસલ કરી છે તે વાચક મિત્રોને બોધ આપનારી બની રહેવા પામશે.

- ભૌતિક કારણોમાં એવું જાણવા મળે છે કે શિવજીએ વિષપાન કર્યું હોવાથી તેમના શરીરમાં દાહ થતો હોવાથી જળાભિષેક કરવામાં આવે છે.

- ઉપરાંત વિવિધ પ્રકારે અભિષેક કરવાથી વિવિધ ફળની પ્રાપ્તિ પાછળ જે તે ક્ષેત્રમાં નકારાત્મક ઊર્જાને હણીને સકારાત્મક ઊર્જા ફેલાય છે તેવું આપવામાં આવે છે.

જ્યારે આધ્યાત્મિક રીતે એવું જણાવવામાં આવે છે કે માથા પર આજ્ઞાચક્ર હોય છે, જેમાં શરીરમાં રહેલી નાડીઓ જેવી કે ઈડા અને પિંગળા મળતી હોવાથી તેમાંથી ઊર્જાનું વહન થાય છે, જે વ્યક્તિની સમજવાની અને વિચારવાની ક્ષમતાને સંચાલિત કરે છે જેને શિવસ્થાન કહેવામાં આવે છે. તેથી મન શાંત રહે તે માટે શિવને અભિષેક કરવામાં આવે છે.

આ વાતને વિજ્ઞાનની મદદથી જાણવાની કોશિશ કરવામાં આવી. તો જાણકારો દ્વારા ભારતભરમાં રેડિયો એક્ટિવ સ્થળોનો મેપ તૈયાર કરવામાં આવ્યો ત્યારે આશ્ચર્ય વચ્ચે જ્યાં જ્યાં શિવાલયો હતાં ત્યાં ત્યાં રેડિયો એક્ટિવ હોવાનું જાણવા મળ્યું. આથી એમ કહેવાય કોઈ અતિશયોક્તિ નથી કે શિવલિંગ અનેક વિશેષ એનર્જીનો ભંડાર છે, ન્યૂક્લિયર રિએકટર્સ તેથી જ તો તેના પર જળ ચઢાવવામાં આવે છે જેથી તે શાંત રહે.



મહાદેવના તમામ પ્રિય પદાર્થો જેવા કે...
* બીલીપત્ર, * આંકડો, * ધતૂરો, * ભાંગ * જાસુદ
- તમામ ન્યૂક્લિયર એનર્જી શોષનારાં તત્ત્વો છે.

વહાલા શ્રદ્ધાળુ - જિજ્ઞાસુ વાચક મિત્રો!

આ વસ્તુ જ બતાવે છે કે હિંદુ ધર્મ કેટલો આગળ છે. તેમાં કેટલી હદે વિજ્ઞાન સમાવિષ્ટ છે. શિવલિંગને શા માટે અપૂજ ન રખાય તે આના પરથી જાણવા મળે છે. સાથોસાથ શિવને ચઢાવેલું કેમ સામાન્ય માનવીએ ન ખાવું જોઈએ તે વાત પણ સમજી શકાય છે. કારણ કે તે રેડિયો એક્ટિવ તત્ત્વો ધરાવતું હોય છે. આપણે ત્યાં કહેવામાં આવે છે કે શિવને ચઢાવેલું એ શિવ નિર્માલ્ય થઈ જાય છે. તે પછી સામાન્ય માનવીથી લઈ શકાય નહીં.

* શિવલિંગને ચઢાવેલું પાણી પણ રિએક્ટિવ થઈ જાય છે, તેથી જ જળ નીકળતી નાળને લાંઘવામાં આવતી નથી.

* ભાભા એટમિક રિએકટરની ડિઝાઈન પણ શિવલિંગ જેવી જ છે.

* શિવલિંગ પર ચઢાવેલું જળ નદીના વહેતા પાણીમાં વહીને ઔષધિનું રૂપ લે છે.

* શિવ પર ચઢતી વસ્તુઓએ એવા એવા વિચિત્ર અને કદાચ હજી વિજ્ઞાન શોધી પણ શક્યું નથી, તેવા રોગોનો મૂળમાંથી ઈલાજ કરે છે, તેથી જ તે અલભ્ય હોવાથી તે શિવ પર ચડાવીને તેનું આ રીતે પેઢી દર પેઢી સંવર્ધન કરવામાં આવે છે.

- આપણી પરંપરાઓની પાછળ કેટલું ઊંડું વિજ્ઞાન છુપાયેલું છે, જેને ધર્મ સાથે જોડી આવનારી માનવ પેઢીઓ અનંત વર્ષો સુધી સુખી રહે તે ભાવના ઉજાગર થયા વગર રહેતી નથી.

અર્થાત્ : હે શિવ, તમારાં તત્ત્વોનો પાર અમે પામી શકતા નથી. ભવોભવ અમે શિવદર્શન કરતાં રહીએ.

પ્રેરણાસ્ત્રોતઃ

જ્યાં સુધી શિવ દર્શન અને શિવ પૂજન થતું રહેશે ત્યાં સુધી માનવ કલ્યાણનો માર્ગ પ્રશસ્ત થતો રહેશે. આ નિર્વિવાદ સત્ય છે. હર હર મહાદેવ. ■



લોભ-નરકનું એક દ્વાર...

ચિંતન

હેમુ ભીખુ
feedback@bombaysamachar.com

લોભ એટલે પોતાને જે ઈચ્છિત છે તે પ્રાપ્ત કરવાની અતિશય ઈચ્છા. આ ઈચ્છા અતિરેકની સીમાને પણ પાર કરી દે. આ ઇચ્છિત બાબત સાધન-સંપત્તિ હોઈ શકે, પદ હોઈ શકે પ્રતિષ્ઠા હોઈ શકે, વાસના હોઈ શકે કે અહંકારનું પોષણ પણ હોઈ શકે. આ એક આત્યંતિક અતૃપ્તિપૂર્ણ અવસ્થા છે. આ એવી અવસ્થા છે કે જેનો કોઈ છેડો ન હોય, બસ તે આગળ વધતી જ જાય. જે પ્રાપ્ય છે, જે હાજર છે તેના વિશે અપૂરતાપણાનો ભાવ એટલે લોભ. કોઈપણ માધ્યમ દ્વારા ક્ષમતા, પરિસ્થિતિ અને સિદ્ધાંતની ઉપરવટ જઈને અપેક્ષિત બાબત પામવાનો ભાવ એટલે લોભ. સંતોષનો સંપૂર્ણ અભાવ એટલે લોભ, પરંતુ સંતોષનું વિરોધી લોભ નથી.

આધ્યાત્મિક પરિપ્રેક્ષ્યમાં લોભના મૂળમાં અજ્ઞાન હોય છે તેમ કહી શકાય. આનંદ અને સંતોષ, કેવાં પ્રકારની નિત્ય પરિસ્થિતિમાં છે તે વિશેનું અજ્ઞાન લોભ તરફ દોરી જાય. દરેક પ્રાપ્તિ ન્યાયને આધારે સ્થાપિત થતી હોય છે તે સિદ્ધાંતની અસ્વીકૃતિ લોભનું મૂળ બની શકે. કામના તથા તૃષ્ણા ક્યારેય પૂરેપૂરી સંતોષી ન શકાય તેની પ્રતીતિ થઈ હોવા છતાં વધુને વધુ મેળવવા પ્રયત્ન કરવો એ લોભનો સ્વભાવ છે. ગીતામાં દૈવી સંપત્તિની યાદીની શરૂઆત 'અભય'થી થાય છે. જ્યારે ભય અને અસુરક્ષાની ચિંતા હેઠળ માનવી વધુને વધુ એકત્રિત કરવા પ્રેરાય ત્યારે તે આસુરી સંપત્તિ છે તેમ કહેવાય. લોભ એ આસુરી સંપત્તિના ક્ષેત્રનો વિષય છે.

દરેક વ્યક્તિને પોતાનાં કર્મ પ્રમાણે જે તે બાબત પ્રાપ્ત થતી રહે છે, અહીં તુલના કે સરખામણીનો પ્રશ્ન ન હોય. અહીં સ્પર્ધા પણ ન હોય. જ્યારે તુલના, સરખામણી કે સ્પર્ધાનો ભાવ મનમાં પ્રવેશે ત્યારે એક પ્રકારનો અસંતોષ જાગે અને લોભને પ્રવૃત્ત થવાની પ્રેરણા મળે. લોભ માટે ક્યારેક અહંકાર પણ પ્રેરણા સ્વરૂપ હોય છે.

આધ્યાત્મિક દ્રષ્ટિકોણ પ્રમાણે અહંકાર તો સર્વનાશની શરૂઆત છે. લોભ માટે તૃષ્ણાની પણ વાત થઈ શકે. એમ કહેવામાં અતિશયોક્તિ નથી કે તૃષ્ણા એ લોભનું બીજ છે, પરંતુ આ બધાં પાછળ અજ્ઞાનતા અને અવિદ્યા આધારભૂત છે તેમ કહી શકાય. આ થયો આધ્યાત્મિક દ્રષ્ટિકોણ.

લોભને કારણે જે બિનજરૂરી સરખામણી સ્પર્ધા કે ઈર્ષા થાય તેને કારણે માનસિક અસંતોષ જાગે, મન અસ્વસ્થતા અનુભવે, ક્યાંક ઉદ્વેગ જાગી ઊઠે અને આ બધાંનું પરિણામ શરીરની તંદુરસ્તી પર પણ પડે. મન અને શરીર અસ્વસ્થ હોય તો વ્યવહારમાં અનિયમિતતા અને અનિચ્છનીય બાબતો પ્રગટ થતી રહે, જેને કારણે સામાજિક સંબંધમાં તણાવ પણ ઉભો થઈ શકે. જ્યારે લોભ અમુક સ્વરૂપ ધારણ કરે ત્યારે અનૈતિક સાધનો દ્વારા લોભ-પુર્તીતાના પ્રયત્નો થાય. અહીં વ્યક્તિનું નૈતિક પતન શરૂ થાય. લોભ કેન્દ્રિત પ્રવૃત્તિ જો સફળ થાય તો સમાજમાં નકારાત્મક ભાવ પણ સ્થાપિત થઈ શકે. અન્યનાં હિત કરતાં સ્વ-હિતને પ્રાધાન્ય આપવાની પ્રક્રિયામાં ક્યાંક અન્યને અન્યાય થવાની સંભાવના તો રહે જ. જો લોભ મર્યાદા મૂકે તો જીવનમાં કેટલીક વિકૃતિઓ પણ આવી શકે. આધ્યાત્મિક પ્રગતિ માટે લોભ અડચણ તો છે જ, પરંતુ વ્યક્તિગત અને સામાજિક જિંદગીમાં પણ લોભ મુશ્કેલી સર્જી શકે. તે બધાં પછી પણ અંતે સંતોષ મળે નહીં, શાંતિ પ્રાપ્ત થાય નહીં, સુખ અનુભવાય નહીં.

નકારાત્મક ભાવ તરીકે લોભનો ઉલ્લેખ શાસ્ત્રોમાં જોવાં મળે છે. ભગવદ્ ગીતામાં લોભને, કામ અને ક્રોધની સાથે નરકનું એક દ્વાર ગણવામાં આવ્યું છે, જે આત્મા પર ચઢેલાં આવરણને વધુ દ્રઢ બનાવી શકે. શાસ્ત્રોમાં લોભનો ઉલ્લેખ આસુરી વૃત્તિમાં કરવામાં આવે છે. અહીં એમ પણ જણાવાય છે કે ધર્મના પાલનમાં લોભ એ સૌથી મોટો અવરોધ છે. ક્યાંક લોભને દુર્ગુણ તરીકે ગણાવી, તે મનુષ્યને અસંતોષી અને ભ્રમિત કરનાર તરીકે દર્શાવાયો છે. વેદાંત દર્શન પ્રમાણે લોભ મનને અશુદ્ધ બનાવી દે છે જેને કારણે આત્મ-સાક્ષાત્કાર સંભાવના ક્ષીણ થતી જાય છે.

કેટલાક ડાબેરી વિચારધારા વાળા લોકો લોભને યોગ્ય ગણવાની ચેષ્ટા કરતાં હોય છે. તેમની દ્રષ્ટિએ લોભને કારણે જીવનમાં આગળ વધવાની, પ્રગતિ માટેની પ્રેરણા મળી શકે, સ્પર્ધાત્મક માહોલને બળ મળે, નવી સંભાવનાઓ માટેની તક સર્જાય, સતત સુધારાની શક્યતા રહે અને વ્યક્તિગત સંતોષ પણ મળી શકે. સમજવાની વાત એ છે કે આ બધું પ્રાપ્ત કરવા માટે લોભ નહીં પરંતુ 'પડકાર'ની આવશ્યકતા હોય છે. પડકાર અને લોભ બંને ભિન્ન બાબત છે. પડકાર એ જીવનની સકારાત્મક ઘટના છે, જ્યારે લોભ નકારાત્મક. અનિયંત્રિત લોભને કારણે તો અન્યનું શોષણ, અનૈતિકતા, અધર્મ, નિષ્ઠા હીનતા જેવી બાબતો મહત્ત્વની બનતી જાય.

રસપ્રદ બાબત એ છે કે સનાતનની સંસ્કૃતિમાં ભક્તિ માટેનો 'લોભ' યોગ્ય છે તેમ જણાવ્યું છે. જ્ઞાન માટે, ઈશ્વરની આરાધના માટે, સત્સંગ તથા કથા-કીર્તનનાં સાનિધ્ય માટે, ઈશ્વરને વધુને વધુ પામવા માટે, અંતિમ શ્વાસની અંતિમ ક્ષણ સુધી ઈશ્વરને નિરખવા માટે, શ્રીકૃષ્ણની અદભુત અને સંપૂર્ણ મધુરતા અનુભવવા માટે, સાધનામાં વધુને વધુ એકાગ્રતા સિદ્ધ થઈ શકે તે માટે લોભ હોવો જોઈએ. સનાતની સંસ્કૃતિમાં એમ કહેવામાં આવે છે કે સાંસારિક લોભ છોડો, પણ ભગવાન માટે લોભી બનો.

આ થઈ ભક્તિ-લક્ષી વાત, પરંતુ વ્યવહારિક અને સામાજિક પરિપ્રેક્ષ્યમાં, લોભને નકારાત્મક ગણવામાં આવે છે, કારણ કે લોભ એટલે અતિશય, અનિચ્છનીય, અપ્રમાણસર અને અતૃપ્તિપૂર્ણ ઈચ્છા, જેનાં મૂળમાં અજ્ઞાન, અવિદ્યા અને અસંતોષ છે, જે અંતે તે આત્મિક-પતનનું કારણ બને. આથી જ શાસ્ત્રોમાં લોભને નરકનું દ્વાર અને દરેક પાપનું મૂળ ગણાવવામાં આવ્યું છે. ■

આત્મનિયંત્રણ

ગીતા મહિમા

સારંગપ્રીત
feedback@bombaysamachar.com

ગત અંકમાં મનની પ્રસન્નતાને માનસિક તપ બતાવીને હવે ભગવાન કૃષ્ણ આત્મનિયંત્રણને મનનું તપ કહી સંબોધે છે, તે સમજીએ.

આપણું મન સતત બદલાતી ઇચ્છાઓનો ભંડાર છે. ક્ષણે ક્ષણે મન કંઈક નવી ઇચ્છાઓ માંગે છે ખાવાની, બોલવાની, ખર્ચવાની, જવાબ આપવાની પણ દરેક વખતે દરેક ઇચ્છાને સંતોષ આપવો એ જ્ઞાનીની નિશાની નથી. આજના સમયમાં જ્યારે તાકાત કરતાં પણ વધુ ભાવનાઓ હાવી થઈ રહી છે, ત્યારે તેના નિયંત્રણ માટે બહારથી નહીં પણ અંદરથી નિયંત્રણની જરૂર છે. હા, આ પોતાનું નિયંત્રણ એટલે કે આત્મનિયંત્રણ!

એટલે જ તો સ્વામી વિવેકાનંદજીએ પણ કહ્યું, મનુષ્યની સફળતા એમાં નથી કે તે શું મેળવી શકે છે, પરંતુ એમાં છે કે તે પોતાના પર કેટલો કાબૂ મેળવી શકે છે.

આત્મનિયંત્રણ એટલે કે પોતાની ભાવનાઓ, ઇચ્છાઓ અને ક્રિયાઓ પર નિયંત્રણ રાખવાની ક્ષમતા. આજના યુગમાં અહીં જ માણસ વિફળ થતો જાય છે ટૂંકા ગાળાની ઇચ્છાઓ માટે લાંબા ગાળાની સફળતા કે શાંતિનો ત્યાગ કરે છે. ઉદાહરણ તરીકે જો કોઈ વિદ્યાર્થી પાસે આત્મનિયંત્રણ ન હોય તો તે મોબાઇલ કે મનોરંજનમાં વ્યસ્ત રહીને અભ્યાસથી દૂરસ્થ રહી જાય છે. આત્મનિયંત્રણના અભાવે તે પોતાની હાનિકારક વિચારસરણીને 'હા' અને લાભદાયક સંકલ્પોને 'ના' કહે છે.

આપણાં ભારતીય શાસ્ત્રોમાં આત્મનિયંત્રણને આધ્યાત્મિક ઊંચાઈની શરૂઆત માનવામાં આવે છે. ભગવાન શ્રીકૃષ્ણે ભગવદ્ગીતામાં કહ્યું છે: આત્મસંયમ યુક્ત મનુષ્યને સુખ, શાંતિ અને મુક્તિ પ્રાપ્ત થાય છે. આવું આત્મનિયંત્રણ માત્ર ધર્મના ક્ષેત્રમાં નહીં, પણ વ્યવસાય, શિક્ષણ અને વ્યક્તિગત સંબંધો માટે અત્યંત જરૂરી છે, શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય માટે પણ જરૂરી છે. નિયમિત ખોરાક, ઊંઘ અને વ્યાયામની ટેવ આત્મનિયંત્રણથી જ વિકસે છે. જેથી કરીને વધુ ખાવા, અયોગ્ય જીવનશૈલી

કે નુકસાનકારક વ્યસનોમાંથી બચી શકાય. જેમ કોઈને મીઠાઈ ખૂબ ગમતી હોય, પણ તેને ડાયાબિટીસ છે. હવે જો એ પોતાને નિયંત્રિત કરે અને યોગ્ય ખોરાક લે, નિયમિત ચાલે, તો તેની તબિયત સારી રહેશે. સંયમ વગર તે બીમાર પડી શકે છે. આમ, આત્મનિયંત્રણ એટલે શરીર સાથે સાચી મિત્રતા !

જે વ્યક્તિએ પોતાની ભાવનાઓ ઉપર નિયંત્રણ મેળવ્યું હોય, તો તે ગુસ્સો, ઈર્ષ્યા કે વચનથી કોઈને દુઃખ આપવાનું ટાળે છે. પરિણામે સંબંધો વધુ મજબૂત અને શાંતિપૂર્ણ બને છે. ઘણી વખત એવું બને છે કે કોઈ નજીકની વ્યક્તિ અપમાનજનક વાત કહે. જો એ વખતે ગુસ્સાથી જવાબ આપીએ તો સંબંધ બગડી જાય, પણ જો આપણે શાંત રહી વિચારીએ, તો એકબીજાને સમજી શકાય અને સંબંધ બચી જાય. આત્મનિયંત્રણ સંબંધોને બગાડવા નહીં દે.

વ્યવસાયના ક્ષેત્રમાં પણ જો માણસ સંયમ રાખી લે ઉદાહરણ તરીકે બિઝનેસ મીટિંગમાં કોઈને ગુસ્સામાં જવાબ ન આપે, અથવા તો ખર્ચમાં પોતાને રોકી શકે તો લાંબા ગાળે એને વધુ લાભ મળી શકે છે. ફિજૂલખર્ચ અને વણજરૂરી વહીવટ પર સંયમ રાખવાથી વ્યક્તિ સારી રીતે બચત અને આયોજન કરી શકે છે, જે આર્થિક રીતે સ્થિર જીવન તરફ દોરી જાય છે.

આત્મનિયંત્રણથી તન-મન પર નિયંત્રણ મળે છે, જેના કારણે વ્યક્તિ આંતરિક રીતે શાંત, સ્થિર અને પ્રસન્ન રહે છે. ધીરજ અને સંયમ આત્મનિયંત્રણથી જ આવે છે. આવી સંયમ ધરાવતી વ્યક્તિ સમયસર યોગ્ય નિર્ણય લઈ શકે છે. કોઈ પણ પરિસ્થિતિમાં ધીરજ રાખીને યોગ્ય વિચાર કરવો એ સફળતાનું મોટું પગથિયું છે. ચાણક્યના શબ્દોને આ સંદર્ભમાં વિચારીએ-જેની પાસે ઇન્દ્રિય સંયમ છે, તેની પાસે રાજસત્તા અને ધનનો યોગ્ય ઉપયોગ કરવાની શક્તિ હોય છે.

આખરે આત્મનિયંત્રણ કોઈ દબાણ નથી, પણ તે તો માનસિક મુક્તિ છે. જેમ જેમ માણસ પોતાને નિયંત્રિત કરવાનું શીખે છે, તેમ તેમ બહારની પરિસ્થિતિઓ પણ એને બંધન નથી કરતી. સંયમ એ માત્ર વિચાર નહિ, પણ સંસ્કાર છે. મહંતસ્વામી મહારાજ કહે છે કે આત્મનિયંત્રણ એ જીવનનું મૂલ્યવાન સાધન છે, જે માણસને અંદરથી મજબૂત બનાવે છે. એ વિકાસનું બીજ છે. જે માણસ પોતાના મનને જીતે છે, એ આખી દુનિયાને જીતે છે.

મહાત્મા ગાંધી, સ્વામી વિવેકાનંદ, એ.પી.જે.અબદુલ કલામ બધાએ આત્મનિયંત્રણને જીવનનો મૂળમંત્ર બનાવ્યો. જેમણે આત્મનિયંત્રણથી પોતાનું જીવન ઘડ્યું, જગમાં તેઓ ઉત્તમ દાખલો બેસાડી ગયા. લોકો આજે પણ તેમને અનુસરે છે.

આજના ઝડપી યુગમાં, જ્યાં પ્રાયઃ વ્યક્તિને મનને આધિન થઈ સુવિધાની દોડમાં સામેલ થવું છે, ત્યાં સફળતાની સાચી ચાવી એ આત્મનિયંત્રણ જ છે. ■

જે દિવસે હું પોતાને દેવોના ઋષિ તરીકે માનીશ એ દિવસથી મને અભિમાન આવી જશે ને હું મારા હરિથી દૂર થઈ જઇશ

શિવ રહસ્ય

ભરત પટેલ
feedback@bombaysamachar.com

નટરાજ સ્વરૂપે સ્થાપિત થયા બાદ માતા પાર્વતી અને ભગવાન શિવ કૈલાસ તરફ પ્રયાણ કરે છે. પ્રવાસ દરમિયાન દક્ષિણ ભારતના અવન્તીનગરના એક મંદિરમાં એક નીલા નામની સ્ત્રી આરાધના કરતી દેખાય છે. માતા પાર્વતી ભગવાન શિવને પૂછે છે 'સ્વામી આ નીલા આટલી દુઃખી કેમ છે?' ભગવાન શિવ તેમને કહે છે કે 'આ નીલા મારા પરમ ભક્ત નીલાંકરની પત્ની છે. શિવરાત્રીના પવિત્ર દિવસે નીલાંકર અવન્તીનગરના શિવાલયમાં શિવપૂજામાં મગ્ન હતો. એકાએક નીલાને ઉધરસ આવી અને શિવલિંગ પર થૂંક ઉડયું એટલે નીલાંકરે નીલાનો ત્યાગ કર્યો.' માતા પાર્વતીએ કહ્યું, 'સ્વામિ, તો શું તમે નીલા માટે કંઈ નહીં કરો?' ભગવાન શિવ માતા પાર્વતીને કહે છે, પ્રિયે નીલા પણ મારી ભક્ત છે અવશ્ય હું એને આ સંકટમાંથી બહાર કાઢીશ.' માતા પાર્વતી અને ભગવાન શિવ રૂપ બદલીને નીલા સમક્ષ પ્રગટ થાય છે. ભગવાન શિવ કહે છે, 'અરે બહેન તમારા પતિએ તમારો ત્યાગ કર્યો ત્યારે હું અહીંયા જ હતો, તમે ત્યારથી અહીં જ છો એવું લાગે છે, શું તમે તમારા પતિને સફાઈ આપવાની કોશિશ કરી? ઘરે જઈ જે થયું એ સાચી હકીકત તમારા પતિને જણાવો.' અજાણ્યા પતિ-પત્નીના કહેવાથી નીલા ઘરે પહોંચે છે. નીલાંકર એને સાંભળવા માગતો નથી, પણ અજાણ્યા પતિ-પત્નીની વાતથી સંમત થયેલી નીલા અડગ હતી તેણે કહ્યું, 'સ્વામિ હું તમને એ જણાવવા આવી છું કે, શિવલિંગ પર કરોળિયો પડયો એટલે મારે એ જગ્યા થૂંકથી સાફ કરવી પડી હતી. નહીં તો હું આવી અક્ષમ્ય ભૂલ કઈ રીતે કરું.' નીલાંકર પત્નીના અંતઃકરણની અતળ ઊંડાઈને માપી ન શક્યો અને પત્નીએ શિવલિંગને અપવિત્ર કર્યું છે તેવું કહી તેને માફી ન આપી. નીલા ફરી શિવાલય આવી શિવ આરાધના ચાલુ કરી. અદૃશ્ય રહી વસ્તુ સ્થિતિને જોઈ રહેલાં માતા પાર્વતી અને ભગવાન શિવ નીલાને માન-સન્માન અપાવવા તૈયાર જ હતા.

નીલાકંરને ભરનીંદરમાં કોઈ દિવ્ય પ્રકાશની પ્રતીતિ થઈ. આ દિવ્ય પ્રકાશપૂંજ વચ્ચે કલાત્મક શિવલિંગ હતું. શિવલિંગમાંથી અવાજ સંભળાઈ રહ્યો હતો, 'નીલાંકર! તારી પત્નીના થૂંકને લીધે શિવલિંગ અપવિત્ર નથી બન્યું, જે જગ્યાએ થૂંક પડયું હતું કે ભાગ નિહાળીને જરા જોઈ જો, એટલો ભાગ કેટલો ચકચકિત થઈ ગયો છે. તારા પત્ની નીલા નિર્દોષ છે, એનો સ્વીકાર કર.' નીલાંકરે મંદિર તરફ દોટ મૂકી, મંદિરમાં જઈને જોયું તો પત્ની શિવપૂજામાં મગ્ન હતી અને શિવલિંગનો એ ભાગ ખરેખર ચકચકિત દેખાઈ રહ્યો હતો. નીલાંકરે કહ્યું, 'નીલા મને માફ કર, હું ક્રોધિત અવસ્થામાં હતો. તારામાં રહેલા માતાના વાત્સલ્યપ્રેમને હું સમજી ન શક્યો. ઘરે ચાલ.' પતિને જ પરમેશ્વર માનતી નીલા નીલાંકર સાથે ઘરે જવા તૈયાર થઈ.

એ જ સમયે ભગવાન શિવ અને માતા પાર્વતી ત્યાં પ્રગટ થયા અને તેમને આશીર્વાદ આપ્યા.

* * * *

ભગવાન શિવ અને માતા પાર્વતી નીલાંકર અને નીલાને આશીર્વાદ આપી કૈલાસ તરફ પ્રયાણ કરે છે. કૈલાસ પહોંચતાં જ જુએ છે કે દેવર્ષિ નારદ ત્યાં પહેલેથી જ ઉપસ્થિત છે.

ભગવાન શિવઃ 'પ્રણામ પ્રભુ, ઘણા સમયે કૈલાસ તરફ આવી રહ્યો હતો આકાશ માર્ગે મેં અસુરગુરુ શુક્રાચાર્યને જોયા. તેઓ કોઈક વિમાસણમાં હોય એવું લાગે છે. તેમની મનઃસ્થિતિ બરાબર લાગતી નથી. તેઓ પોતાના જ આશ્રમમાં દિગ્મૂઢ થઈ અહીં તહીં ફેરા મારી રહ્યા છે. મેં વિચાર્યું કે શુક્રાચાર્ય મારી અન્ય કોઈની વાત સાંભળશે કે માનશે નહીં, એ તમારા પરમ ભક્ત પણ છે. શું તમે એમને સહાય નહીં કરો...'

ભગવાન શિવઃ 'દેવર્ષિ તમે લોક કલ્યાણના કાર્યમાં વ્યસ્ત રહો છો એ તો મને ખબર છે, પણ શું તમારે અસુરગુરુ શુક્રાચાર્યને મળીને તેમને સાંત્વન ન આપવું જોઈએ?'

દેવર્ષિ નારદઃ 'પ્રભુ જેવી તમારી ઇચ્છા. હું કોશિશ કરીશ કે શુક્રાચાર્ય ફરી તેમની દૈનિક કાર્યશૈલીમાં પરોવાઈ જાય.'

* * * *

સામે પક્ષે થાકી હારેલા અસુરગુરુ શુક્રાચાર્ય વિચારે છે કે, 'હું દૈત્યગુરુ હોવા છતાં અસુરો માટે કંઈ કરી શક્યો નથી. મારા માર્ગદર્શન અને આશીર્વાદ મેળવીને અસુર સમ્રાટો પોતાનું સામ્રાજ્ય વિસ્તારી શક્યાં નથી અને અંતે તેમનો વધ પણ રોકી શક્યો નથી, હું પૂર્ણપણે નાકામ છું, મારું જીવન નકામું છે, આ નકામા



જીવનના શરીરનો ત્યાગ કરવો આવશ્યક છે.'

અંતે આવું વિચારી રહેલા અસુરગુરુ શુક્રાચાર્ય પોતાના યજ્ઞ કુંડમાં આહુતિ આપી અગ્નિને પ્રજ્વલિત કરે છે. યોગ્ય માત્રામાં અગ્નિ પ્રજ્વલિત થતાં અસુરગુરુ શુક્રાચાર્ય પોતાના શરીરને ભસ્મ કરવા યજ્ઞકુંડમાં કૂદકો મારવા તૈયાર થાય છે.

અસુરગુરુ શુક્રાચાર્યઃ 'હે અગ્નિ! દરેક બાબતે પરાજિત અને દૈત્ય સંસ્કૃતિની રક્ષા ન કરી શકનાર આ દંભી, પાપી અને અર્થહિન શુક્રાચાર્યના શરિરનો સ્વીકાર કરો.'

એ જ સમયે આ જોઈ રહેલા દેવર્ષિ નારદ તેમની સમક્ષ પ્રગટ થાય છે.

દેવર્ષિ નારદઃ 'હે દૈત્યગુરુ શુક્રાચાર્ય આપ આવો અનર્થ ના કરો.'

અસુરગુરુ શુક્રાચાર્યઃ 'હે દેવર્ષિ તમે મને ના રોકો.'

દેવર્ષિ નારદઃ 'હે દૈત્યગુરુ શુક્રાચાર્ય હું તો જનકલ્યાણ અને લોકહિતના કાર્યો માટે અહીંથી પસાર થઈ રહ્યો હતો, તમને આવું પગલું ભરતા જોઈ રોકાઈ ગયો.'

અસુરગુરુ શુક્રાચાર્યઃ 'હે દેવર્ષિ મારો આત્મદાહ અને જનકલ્યાણ-લોકહિતના કાર્યો સાથે કોઈ સંબંધ નથી તો તમે મને કેમ રોકી રહ્યા છો?'

દેવર્ષિ નારદઃ 'સપ્તઋષિમાં શ્રેષ્ઠ ભૃગુઋષિના પુત્ર શુક્રાચાર્ય શું તમને ખબર નથી કે અગ્નિના માધ્યમથી મૃત્યુને પ્રાપ્ત કરી શું તમે અગ્નિના મૂળ સ્વરૂપને બદલી નાખવા માગો છો?'

અસુરગુરુ શુક્રાચાર્યઃ 'હે દેવર્ષિ, અનેક વીર અસુરોના મૃત્યુથી મારી આત્મા પશ્ચાતાપના ભાવથી ગ્રસિત થઈ ગઈ છે.'

દેવર્ષિ નારદઃ 'હે શુક્રાચાર્ય તમે ભગવાન શિવના મહાન ભક્ત છો, જે વ્યક્તિને ભગવાન શિવનો સ્પર્શ થયો હોય તેને અગ્નિ બાળી શકે? કદાપિ નહીં તમને સ્પર્શીને એ અગ્નિની પ્રચંડતા ચંદન જેવી શિતળ થઇ જશે. અગ્નિમાં અગ્નિત્વ જ ન રહે તો લોકહિતના કાર્યોમાં રૂકાવટ નહીં આવે?

અસુરગુરુ શુક્રાચાર્યઃ 'હું દૈત્યોના ઉદ્ધાર માટે કંઈ ન કરી શકું તો મારા જીવનનો ઉદ્દેશ શું? જો આ અગ્નિ મને બાળી નહીં શકે તો હું પ્રાણવાયુને રોકીને ઇચ્છિત મૃત્યુ પ્રાપ્ત કરીશ.'

દેવર્ષિ નારદઃ 'હે શુક્રાચાર્ય તમે પ્રાણવાયુ રોકશો તો સંસારમાં મોટું સંકટ આવી પડશે.'

અસુરગુરુ શુક્રાચાર્યઃ 'કોઈ માર્ગ દેખાતો નથી. હું શું કરું? બધું સમાપ્ત થઈ ગયું છે.'

દેવર્ષિ નારદઃ 'હે શુક્રાચાર્ય, જો બધું સમાપ્ત થઈ ગયું હોય, કોઈ માર્ગ દેખાતો ન હોય તો ફક્ત એક કર્મ શેષ રહી જાય છે.'

અસુરગુરુ શુક્રાચાર્યઃ 'તમે કયા કર્મની વાત કરો છો દેવર્ષિ?'

દેવર્ષિ નારદઃ 'પ્રભુ નામ સ્મરણ! ભગવાન શિવ તેમના ભક્તોના કલ્યાણ માટે હંમેશાં તત્પર હોય છે. તમારા મનની ભાવનાઓ તમારા આરાધ્ય ભગવાન શિવ સુધી પહોંચી જ ગઈ હશે. તમે એમની શરણમાં જાઓ. તમારી નિરાશા અવશ્ય દૂર થશે.'

અસુરગુરુ શુક્રાચાર્યઃ 'તમે દેવર્ષિ થઈને દૈત્યોના કલ્યાણની વાત કરો છો?'

દેવર્ષિ નારદઃ 'હું પોતાને દેવર્ષિ માનતો જ નથી અને જે દિવસે હું પોતાને દેવોના ઋષિ તરીકે માનીશ એ દિવસથી મને પણ અભિમાન આવી જશે. હું મારા હરિથી દૂર થઈ જઇશ.'

અસુરગુરુ શુક્રાચાર્યઃ 'દેવર્ષિ મને માફ કરો. હું હંમેશાં તમને ઓળખવામાં ભૂલ કરું છું.'

(ક્રમશઃ)■

આ ચાર ભેગા થાય તો અનર્થનું કારણ બને છે...

વિશેષ

રાજેશ યાજ્ઞિક
feedback@bombaysamachar.com

આપણાં શાસ્ત્રોની ખાસિયત છે કે એ થોડામાં ઘણું કહી જાય છે. આપણાં શાસ્ત્રોમાં મોટાભાગનો ઉપદેશ સૂત્રાત્મક રીતે શ્લોકોમાં સમાયેલો જોવા મળે છે. આવો એક સૂત્રાત્મક ઉપદેશ સનક ઋષિએ નારદ મુનિને આપતા કહ્યું, યૌવન, ધનસંપત્તિ, પ્રભુત્વ અને અવિવેક એ દરેક અનર્થનું કારણ બની શકે છે. અને જ્યારે એ ચારેય ભેગા થાય પછી પૂછવું જ શું?!

યૌવન એ જીવનનો સૌથી ઉત્તમ સમય છે. શરીરમાં શક્તિ હોય છે, જગતને જીતવાની ઈચ્છા પણ હોય છે. ઝવેરચંદ મેઘાણી કહે છે,

ઘટમાં ઘોડા થનગને આતમ વીંઝે પાંખ
અણદીઠેલી ભોમ પર યૌવન માંડે આંખ

યૌવનના બળથી વ્યક્તિ ધનસંપત્તિ કમાઈ શકે છે, સંપત્તિવાન અને બળવાન વ્યક્તિ સમાજમાં પોતાનું પ્રભુત્વ સ્થાપિત કરી શકે છે. પણ આ ત્રણ ભેગા થયા પછી જો ચોથો અવિવેક તેમાં ભળે તો પેલા

ત્રણેયનો નાશ કરવાનું કારણ બની જાય છે.

યૌવન જો આડે પાટે ચડી જાય તો અવળાં કર્મોને બળે આત્માની પાંખો કપાઈ જાય. યુવાનીના મદમાં જો વ્યક્તિ એવું વિચારવા લાગે કે હું તો જે ઇચ્છુ તે કરી શકું તેમ છું, મારામાં અસીમ શક્તિ છે. તો એ અહંકારના પ્રતાપે એ લોકોને ગણકારવાનું બંધ કરી દે છે. પોતાના કરતાં સહુને નિર્બળ સમજવા લાગે છે. પણ એ ભૂલી જાય છે કે, કોઈ રોગ તેના શરીરમાં ઘર કરશે તો તેની યુવાનીની બધી તાકાત હણાઈ જતા વાર નહિ લાગે. આજે આપણે સમાજમાં અવળે રસ્તે ચડેલી યુવાનીનાં અનેક ઉદાહરણો જોઈએ છીએ. આવા યુવાનો પોતાનું જીવન તો પાપના રસ્તે ચડીને બરબાદ કરે જ છે, પરંતુ પોતાના પરિવારનું જીવન પણ નર્ક બનાવે છે. તેઓ સમાજ માટે એક બોજ બની જાય છે.

જેની પાસે ધનસંપત્તિ પ્રચુર હોય છે તે પણ અહંકારથી યુક્ત થઇ જાય છે. આ પૃથ્વી પર મારા જેવો ચડિયાતો કોઈ નથી, મારી પાસે એટલી સંપત્તિ છે કે ક્યારેય ખૂટશે નહીં. પણ કાળની એવી થપાટ વાગશે કે કરોડપતિમાંથી ક્યારે રોડપતિ થઇ જશે તે ખબર નહિ પડે.

ઉચ્ચ પદ પર બેઠેલા લોકો પોતાના પ્રભુત્વના અહંકારમાં અટવાઈ જાય છે. પુણ્યકર્મના બળે, મળેલી સત્તાના મદમાં તે એવું વિચારવા લાગે છે કે હું સર્વનો પાલનહાર છું, સહુ આવીને મને નમન કરે છે, મારા જેવું કોઈ નથી. રાજકારણમાં ઊંચા પદ પર બેઠેલા હોય કે ધર્મના ક્ષેત્રે હજારો લોકો જેમના અનુયાયી હોય. અહંકાર કોઈને પણ છોડતો નથી. તેમાં અવિવેક ઉમેરાય એટલે મનુષ્યમાં દોષદૃષ્ટિ પેદા થાય છે.

અન્યના ગુણોને પણ દોષપૂર્ણ દ્રષ્ટિએ જોવાની વૃત્તિને અસૂયા કહી છે. જે વ્યક્તિમાં અસૂયાની સાથે અહંકાર આવી જાય તે વ્યક્તિ નાશના માર્ગે આગળ વધે છે. તેનામાં અન્ય લોકોનો વિરોધ પેદા થાય છે. પોતાના દેહનો નાશ અને સર્વ સંપત્તિનો અંત થાય છે. ઋષિ સનક કહે છે, અસૂયાથી ભરેલા ચિત્તવાળા પુરુષ પાસે જો સંપત્તિ આવી જાય તો ઘાસની ગંજીમાં લાગેલી આગમાં વાયુનો સંયોગ થવા જેવી સ્થિતિ નિર્માણ થાય છે. તેમની વાણી કઠોર થઇ જાય છે. તેમના પ્રિયજન, સંતાનો અને ભાઈભાંડુ પણ તેમના શત્રુ બની જાય છે.

સનક ઋષિ નારદ મુનિને કહે છે કે જે મનુષ્ય પોતાના કલ્યાણનો નાશ કરવા માગતો હોય તેણે જ બીજાનું કલ્યાણ જોઈને અસૂયા કરવી જોઈએ. અસૂયા થવાથી બીજાઓ સાથે દ્વેષ ઘણો વધી જાય છે. હજારો ગુણોનો માલિક વ્યક્તિ જો એક પણ દુર્ગુણ ધરાવતો હોય તો નાવમાં પડેલા છેદથી જેમ નાવ ડૂબી જાય છે, તેમ એ એક દુર્ગુણ તેના માટે પતનની પાઈલોટ કાર બની શકે છે. સર્વ સંપત્તિઓથી યુક્ત મનુષ્ય પણ ગુણહીન હોય તો નિંદનીય બને છે. તેથી સનક ઋષિ કહે છે કે અસૂયા જેવી કોઈ અપકીર્તિ નથી.

નાનાં સૂત્રાત્મક વાક્યો દ્વારા સનક ઋષિએ જે ઉપદેશ આપ્યો છે તે એ જ કે સંપત્તિ મળે તો તેને પુણ્યનો પ્રસાદ માનવો, યુવાનીના બળને ઈશ્વરની કૃપા માનવી, પ્રભુત્વ પ્રાપ્ત થાય તો તેને સદ્કાર્યનું સૌભાગ્ય માનવું અને વિવેકપૂર્ણ વર્તન કરવું. ■

વર્લ્ડ ચૅમ્પિયન ક્રિકેટર રાધા યાદવના પિતા કાંદિવલીમાં શાકભાજી વેચતા હતા, પુત્રીએ એકઝાટકે ₹ આઠ કરોડ લાવી આપ્યા!

મુંબઈ: મુંબઈમાં રહેતી પચીસ વર્ષની લેફ્ટ-આર્મ સ્પિનર રાધા યાદવના પિતા પ્રકાશ યાદવ એક સમયે કાંદિવલી (પશ્ચિમ)માં ગુજરાતીઓની મોટી વસતી ધરાવતા મહાવીર નગર વિસ્તારમાં શાકભાજી અને દૂધનો ધંધો કરતા હતા અને એ પ્રવૃત્તિ વખતે પિતાએ કલ્પના પણ નહીં કરી હોય કે એક દિવસ તેમની પુત્રી રાધા ઇનામમાં એકઝાટકે આઠ કરોડ રૂપિયા જીતી લાવશે.

રાધા યાદવના પિતા થોડાં વર્ષ પહેલાં કાંદિવલીના મહાવીરનગર વિસ્તારમાં શાકભાજીનો ધંધો કરતા હતા. બીજી નવેમ્બરે તેમની દીકરી વર્લ્ડ ચૅમ્પિયન પ્લેયર બની ત્યાર બાદ તેઓ ડી. વાય. પાટીલ સ્ટેડિયમના મેદાન પર માથા પર ટ્રોફી લઈને નાચ્યા હતા.

રવિવાર, બીજી નવેમ્બરે નવી મુંબઈમાં સાઉથ આફ્રિકાને વર્લ્ડ કપની ફાઇનલમાં હરાવીને નવી વર્લ્ડ ચૅમ્પિયન બનેલી ભારતની આ વિશ્વ વિજેતા ટીમમાં રાધા યાદવ સામેલ હતી. આ વર્લ્ડ ચૅમ્પિયન ટીમને આઇસીસી તરફથી અંદાજે ૪૦ કરોડ રૂપિયાનું સર્વોચ્ચ ઇનામ મળ્યું હતું અને બીસીસીઆઇએ આ વિજેતા ટીમ માટે ૫૧ કરોડ રૂપિયાનું વિશેષ ઇનામ જાહેર કર્યું હતું. કુલ મળીને ભારતની વર્લ્ડ ચૅમ્પિયન મહિલા ટીમને ૯૧ કરોડ રૂપિયા ઇનામ તરીકે મળ્યા. ટીમની ૧૬ ખેલાડીઓ વચ્ચે આ મસમોટી રકમ વહેંચાતાં દરેકના ભાગે આશરે ૫.૭૦ કરોડ રૂપિયા આવે. મહારાષ્ટ્ર સરકારે આ વિજેતા ટીમની મુંબઈની ત્રણેય પ્લેયરને (દરેકને) ૨.૨૫ કરોડ રૂપિયાનું ઇનામ આપ્યું છે અને એમાં સ્મૃતિ મંધાના તથા જેમિમા રૉડ્રિગ્સ ઉપરાંત રાધા યાદવ પણ સામેલ છે. આ ૨.૨૫ કરોડ રૂપિયા ગણતરીમાં લેતાં રાધા યાદવ વર્લ્ડ કપમાંથી કુલ આશરે આઠ કરોડ રૂપિયા કમાઈ લાવી એમ કહી શકાય.

ઉલ્લેખનીય છે કે વર્લ્ડ ચૅમ્પિયન ટીમની પ્રત્યેક ખેલાડીને આઇસીસી અને બીસીસીઆઇ તરફથી આશરે ૫.૭૦ કરોડ રૂપિયા મળ્યા છે. ટૂંકમાં, દરેક ખેલાડી એક જ મહિનામાં કરોડપતિ બની ગઈ છે. નવી મુંબઈમાં બીજી નવેમ્બરની રાત્રે રાધા યાદવના પિતા પ્રકાશ યાદવ માથા પર ટ્રોફી લઈને નાચ્યા હતા.

રાધા યાદવના પિતા પ્રકાશ યાદવ મૂળ ઉત્તર પ્રદેશના છે. થોડાં વર્ષો પહેલાં તેઓ પરિવારનું ગુજરાન ચલાવવા કાંદિવલી (વેસ્ટ)માં પોતાની હાઉસિંગ સોસાયટીની બહાર શાકભાજી તથા દૂધ વેચતા હતા. ૨૦૨૦માં રાધા યાદવ વડોદરામાં રહેતી હતી. તે ત્યારે ક્રિકેટની સઘન તાલીમ લઈ રહી હતી. રાધા ઑલરાઉન્ડર છે અને તે ૨૦૧૮માં પહેલી વાર ભારત વતી રમી હતી. તે ભારત વતી ૧૦૦થી પણ વધુ મૅચ રમી ચૂકી છે અને કુલ ૧૧૬ વિકેટ લીધી છે. રાધાને ૨૦૨૩માં સૌપ્રથમ વિમેન્સ પ્રીમિયર લીગ (ડબ્લ્યૂપીએલ)માં દિલ્હી કૅપિટલ્સે ૪૦ લાખ રૂપિયામાં મેળવી હતી. ખરેખર તો તેનું ભાગ્ય ત્યારથી જ ચમકી ગયું હતું. તેણે થોડાં વર્ષો પહેલાં જ પિતાને શાકભાજીનો ધંધો છોડી દેવા કહ્યું હતું. પછીથી તેના પિતાએ પુત્રીના નામે કરિયાણાની દુકાન ખોલી હતી અને હવે તો તેની પુત્રીએ કરોડો રૂપિયા કમાઈને માતા-પિતા તથા મોટી બહેન, બે ભાઈ સહિતના પરિવારને ન્યાલ કરી દીધો છે. રાધાએ ઑસ્ટ્રેલિયા સામેની સેમિ ફાઇનલમાં ડેન્જરસ બૅટર એલીસ પેરી (૭૭ રન)ને ક્લીન બોલ્ડ કરી હતી. ઑસ્ટ્રેલિયાના ૩૩૮ રનના જવાબમાં ભારતે ૪૮.૩ ઓવરમાં ૫/૩૪૧ના સ્કોર સાથે વિજય મેળવી લીધો હતો. ■

અન્ય કેટલીક વર્લ્ડ ચૅમ્પિયન ખેલાડીના પિતા વિશે જાણો...

હરમનપ્રીત કૌર: કૅપ્ટન હરમનપ્રીતના પિતા હરમન્દરસિંહ પંજાબમાં ભુલ્લરની અદાલતમાં ક્લર્ક હતા. તેઓ પોતે ક્રિકેટર બનવા માગતા હતા, પરંતુ આર્થિક સ્થિતિ સારી ન હોવાથી નોકરી કરવા લાગ્યા હતા અને દીકરીને ક્રિકેટર બનાવી. ક્રિકેટમાં સફળ થવાની પિતાની અધૂરી ઇચ્છા દીકરી હરમનપ્રીતે પૂરી કરી છે.

અમનજોત કૌર: ઑલરાઉન્ડર અમનજોતના પિતા ભુપેન્દ્ર સિંહ સુથાર છે. પુત્રી માટે સૌથી પહેલું બૅટ તેમણે બનાવ્યું હતું. તેઓ પંજાબમાં મોહાલીથી ચંડીગઢ સુધી તેને ક્રિકેટની તાલીમ અપાવવા સ્કૂટર પર લઈ જતા હતા.

શેફાલી વર્મા: સાઉથ આફ્રિકા સામેની ફાઇનલમાં ૮૭ રન કરવા ઉપરાંત કટોકટીના સમયે બે વિકેટ લેનાર શેફાલી વર્મા હરિયાણાની છે અને તેના પિતા સંજીવ વર્મા ઝવેરી છે.

જેમિમા રૉડ્રિગ્સ: ઑસ્ટ્રેલિયા સામેની સેમિ ફાઇનલમાં ૧૩૪ બૉલમાં અણનમ મૅચ-વિનિંગ ૧૨૭ રન કરનાર જેમિમાના પિતા ઇવાન રૉડ્રિગ્સ ક્રિકેટ કોચ છે.

દીપ્તિ શર્મા: પ્લેયર ઑફ ધ ટૂર્નામેન્ટ દીપ્તિ શર્માના પિતા કાનપુરમાં નાનો બિઝનેસ ચલાવે છે.

ઉમા ચેટ્રી: આસામની વિકેટકીપર ઉમા ચેટ્રીને વર્લ્ડ કપમાં રિચા ઘોષના સ્થાને એક જ મૅચ રમવા મળી અને બાંગ્લાદેશ સામેની એ મૅચ વરસાદને કારણે પૂરી નહોતી રમાઈ. ઉમાના પિતા ખેડૂત છે. ■

સૂર્યકુમારે પાકિસ્તાનના નકવી માટે કરી ટકોર

હાશ! છેવટે ટ્રોફીને સ્પર્શ કરવાનો સારો અહેસાસ તો કરવા મળ્યો

બ્રિસ્બેન: સપ્ટેમ્બરના એશિયા કપમાં પાકિસ્તાનના કૅપ્ટન સલમાન આગા સાથે હાથ ન મિલાવીને ભારતના ટી-૨૦ કૅપ્ટન સૂર્યકુમાર યાદવે આખા પાકિસ્તાનનું નાક કાપ્યું હતું અને એ 'હૅન્ડશેક વિવાદ' તથા 'ટ્રોફી વિવાદ' પાકિસ્તાન માટે મોટી નામોશી લઈને આવ્યો હતો અને એ સ્પર્ધા પૂરી થયાને મહિનો થઈ ગયો ત્યાર પછી પણ સૂર્યકુમારે પાકિસ્તાનને વધુ બદનામ કરવાની તક જતી નથી કરી. બ્રિસ્બેનમાં ઑસ્ટ્રેલિયા સામેની સિરીઝ ૨-૧થી જીત્યા પછી ટ્રોફી સ્વીકાર્યા બાદ સૂર્યાએ પાકિસ્તાન બોર્ડના ચૅરમૅન મોહસિન નકવીને નિશાન બનાવવાના ઇરાદાથી પત્રકારોને કહ્યું, 'હાશ! છેવટે હાથમાં ટ્રોફી આવી ખરી. આ ટ્રોફી અપાઈ રહી હતી ત્યારે મને બહુ આનંદ થતો હતો. ટ્રોફીને સ્પર્શ કરવાનો અહેસાસ તો કરવા મળ્યો. થોડા દિવસ પહેલાં ભારતમાં જે બહુમૂલ્ય (વર્લ્ડ કપની) ટ્રોફી આવી હતી એ અમારી મહિલા ટીમે જીતી લીધી. હવે આ ટ્રોફીને અડીને પણ સારું લાગી રહ્યું છે.'■

એશિયાના ટચૂકડા દેશની મોટી સિદ્ધિ: પિતા-પુત્રએ એક જ મૅચમાં રમીને કર્યો વિક્રમ

બાલી: તિમોર-લેસ્ટ નામના એશિયાના ટચૂકડા દેશના બે ખેલાડીઓએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં નવો ઇતિહાસ સર્જ્યો હતો. ૫૦ વર્ષના સુહેલ સત્તાર અને ૧૭ વર્ષનો યાહ્યા સુહેલ એવા બે ક્રિકેટર છે જેમણે ઇતિહાસમાં પોતાનું નામ અનોખા વિક્રમજનક પ્લેયર તરીકે લખાવી દીધું છે.

સુહેલ સત્તાર પિતા છે અને યાહ્યા તેમનો પુત્ર છે. આ બન્ને ક્રિકેટર બાલીમાં એક જ ઇન્ટરનૅશનલ મૅચમાં રમ્યા એટલે નવો વર્લ્ડ રેકૉર્ડ તેમના નામે લખાઈ ગયો. એક જ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મૅચમાં પિતા-પુત્ર રમ્યા હોય એવું પહેલી જ વખત બન્યું છે. એટલું જ નહીં, તેમણે સાથે બૅટિંગ કરી હતી. સુહેલ સત્તારે ૧૫ બૉલમાં એક સિક્સરની મદદથી ૧૪ રન કર્યા હતા અને યાહ્યા પોતાના ફક્ત એક જ રનના સ્કોર પર રનઆઉટ થઈ ગયો હતો.

જોકે ૧૦મી ઓવરમાં યાહ્યા રનઆઉટ થયો એ પહેલાં થોડી વાર સુધી તેને પિતા સુહેલ સાથે બૅટિંગ કરવા મળી હતી. તિમોર-લેસ્ટની ટીમ ફક્ત ૬૧ રન કરી શકી હતી જેમાં સુહેલના ૧૪ રન હાઇએસ્ટ હતા. પછીથી ઇન્ડોનેશિયાની ટીમે વિના વિકેટે ૬૨ રન કરીને વિજય મેળવી લીધો હતો. એ ૬૨ રનમાં ધર્મા કેસુમા નામના બૅટરના ૨૩ રન સામેલ હતા.

તિમોર-લેસ્ટ દેશ વિશે જાણો છો?

તિમોર-લેસ્ટ એશિયાનો ટચૂકડો દેશ છે. આ ટાપુ જેવો દેશ દક્ષિણ-પૂર્વ એશિયામાં આવેલો છે. એનો વિસ્તાર ૧૪,૯૫૦ સ્ક્વેર કિલોમીટર છે. એની પશ્ચિમે ઇન્ડાનેશિયા અને દક્ષિણે ઑસ્ટ્રેલિયા આવેલું છે. આ નાના દેશમાં વિવિધ સંસ્કૃતિઓ અને વિવિધ ભાષાના લોકો વસે છે. ૧૯૭૫ની સાલ સુધી આ દેશ પર પોર્ટુગીઝોનું રાજ હતું. ડિલી આ દેશનું પાટનગર છે. આ દેશમાં ૯૯.૫૩ ટકા લોકો ખ્રિસ્તી ધર્મ પાળે છે. આ દેશની વસતી આશરે ૧૪ લાખ છે.

મહિલા ક્રિકેટમાં માતા-પુત્રી ભેગાં રમી ચૂક્યાં છે

ક્રિકેટમાં પૅરેન્ટ અને તેમના સંતાને એક જ આંતરરાષ્ટ્રીય મૅચમાં રમવાની સિદ્ધિ મેળવી હોવાનું આ પહેલાં પણ બની ચૂક્યું છે. જોકે એ મહિલા ક્રિકેટમાં બન્યું હતું. આ વર્ષમાં જ સ્વિટ્ઝરલૅન્ડની ટીમમાં ૪૫ વર્ષનાં મેટી ફર્નાન્ડિઝ અને તેમની ૧૭ વર્ષીય દીકરી નૈના મેટી સાજુનો સમાવેશ હતો અને માતા-પુત્રીની આ જોડી છ ટી-૨૦ રમી હતી. આ માતા-પુત્રી બન્ને પેસ બોલર છે.■

રાજસ્થાન સૅમસન આપીને ચેન્નઈ પાસેથી લેશે જાડેજા અને કરૅન

જયપુર: વિકેટકીપર-બૅટ્સમૅન સંજુ સૅમસન ૨૦૨૬ની આઇપીએલમાં કઈ ટીમ વતી રમશે એની ચર્ચા વચ્ચે આધારભૂત સમાચાર મળ્યા છે કે રાજસ્થાનનું ફ્રૅન્ચાઇઝી ટ્રેડ ડીલના ભાગરૂપે સૅમસન આપીને ચેન્નઈની ટીમ પાસેથી ઑલરાઉન્ડર રવીન્દ્ર જાડેજા ઉપરાંત બીજો ઑલરાઉન્ડર સૅમ કરૅન પણ લેશે.

ક્રિકેટ જગતની સૌથી મોટી લીગ ટૂર્નામેન્ટ આઇપીએલનું આ હાઈ-પ્રોફાઇલ પ્લેયર ટ્રેડ કહેવાશે. એવી પણ ચર્ચા છે કે બન્ને ફ્રૅન્ચાઇઝીએ આ ત્રણેય ખેલાડી સાથે ચર્ચા કરી લીધી છે. સૅમસન ૧૧ વર્ષથી રાજસ્થાનની ટીમમાં છે અને જાડેજા ચેન્નઈ સાથે ૨૦૧૨ની સાલથી જોડાયેલો છે.

એવું જાણવા મળ્યું હતું કે રાજસ્થાનની ટીમનું મૅનેજમેન્ટ સૅમસનના બદલામાં માત્ર એક ખેલાડી મળે એનાથી ખુશ નહોતું. એ તો ઇચ્છે હતું કે એને સૅમસનના બદલામાં જાડેજા ઉપરાંત સાઉથ આફ્રિકાનો આક્રમક બૅટ્સમૅન ડેવાલ્ડ બ્રેવિસ પણ મળી જાય. બ્રેવિસ ક્રિકેટ જગતમાં બૅબી ડિવિલિયર્સ તરીકે ઓળખાય છે.

એક જાણીતી ક્રિકેટલક્ષી વેબસાઇટના અહેવાલ મુજબ સૅમસન તથા જાડેજાને પાછલી સીઝનમાં અનુક્રમે રાજસ્થાન અને ચેન્નઈએ ૧૮ કરોડ રૂપિયાવાળા સ્લૉટમાં રિટેન કર્યા હતા. અત્યાર સુધીમાં તેમની અદલાબદલીને લગતી ડીલ પાક્કી થઈ જવી જોઈતી હતી, પરંતુ રાજસ્થાનનું ફ્રૅન્ચાઇઝી ખેલાડીઓને સીધા સ્વૅપ કરવા માટે તૈયાર નથી. એ ઇચ્છે છે કે આ ટ્રેડમાં ચેન્નઈની ટીમના માલિકો એને સૅમસનના બદલામાં જાડેજા ઉપરાંત વધુ એક ખેલાડી પણ આપે. જોકે ચેન્નઈની ટીમના અધિકારી બ્રેવિસ આપવા રાજી નહોતા.

સાઉથ આફ્રિકાનો આક્રમક બૅટ્સમૅન ડેવાલ્ડ બ્રેવિસ ગયા વર્ષે જ ચેન્નઈમાં જોડાયો હતો. રાજસ્થાનના ફ્રૅન્ચાઇઝીએ ટ્રેડ સંબંધમાં અન્ય કેટલીક ટીમો (હૈદરાબાદ, દિલ્હી, કોલકાતા, લખનઊ)નો પણ સંપર્ક કર્યો હતો. જાડેજા આઇપીએલના સૌથી સફળ ઑલરાઉન્ડર્સમાં ગણાય છે. તેણે આ ટૂર્નામેન્ટમાં ૩,૨૬૦ રન કરવા ઉપરાંત ૧૭૦ વિકેટ પણ લીધી છે. ■

ફનવર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

ભાષા વૈભવ...

વિરુદ્ધ શબ્દોની જોડી જમાવો

A	B
ચીકટ	ખાલી
ચીડ	રૂક્ષ
ચીવટ	અલ્પજીવી
ચિકાર	બેદરકારી
ચિરાયુ	રુચિ

ઓળખાણ પડી?

ભારતના માજી રાષ્ટ્રપતિ ડો. ઝાકીર હુસેનના નામ સાથે સંકળાયેલું અને ૩૦ એકરમાં પથરાયેલું નયનરમ્ય રોઝ ગાર્ડન કયા શહેરમાં છે?

અ) ગાઝિયાબાદ બ) ચંદીગઢ ક) અગરતલા ડ) લુધિયાણા

ગુજરાત મોરી મોરી રે

જૈન આગમ શ્રુતની જાળવણી કરી એનો મહિમા ગાતું શ્રુત મંદિર કયા સ્થળે છે એ જણાવો. અહીં શ્રુતદેવી સરસ્વતીની પૂજા થાય છે.

અ) વિરમગામ બ) વલ્લભીપુર
ક) વેરાવળ ડ) ગોંડલ

ઈર્શાદ

મારી કોઈ ડાળખીમાં પાંદડા નથી
મને પાનખરની બીક ના બતાવો !

-- અનિલ જોશી

માતૃભાષાની મહેક

આંખમાં પાણી આવવું એટલે રડવું, દયાની લાગણી થવી અને આંખમાંથી ભાલા કાઢવા એટલે કરડી નજરે જોવું, કાતરિયાં કાઢવાં.બે આંખની શરમ એટલે નજર સામે હોય ત્યાં સુધી ઓળખાણ, પછી કંઈ નહીં અને બે આંખો જોઈને ચાલવું એટલે બધી બાબતનો વિચાર કરીને ડહાપણથી કામ કરવું.

ચતુર આપો જવાબ

અર્થ જણાવો

'જીવનમાં પક્ષપાત મુશ્કેલી ઊભી કરે' પંક્તિમાં 'પક્ષપાત' શબ્દનો અર્થ શું થાય એ કહી શકશો?

અ) રાજકારણ બ) પરવાનગી ક) તરફદારી ડ) બેદરકારી

માઈન્ડ ગેમ

૧૫ લાખ ૭૫ હજાર રૂપિયાનું રોકાણ વાર્ષિક ૬.૯% વ્યાજના દરે કર્યું હોય તો વર્ષના અંતે કેટલી રકમ હાથમાં આવે એ જણાવો.

અ) ૧૬,૪૦,૨૮૭ બ) ૧૬,૮૩,૬૭૫
ક) ૧૬,૯૬,૫૧૫ ડ) ૧૭,૦૧,૮૪૪

ગયા વખતનો ઉકેલ

૧ ઉ	૨ પ	ના	મ		૩ પ્ર	દૂ	૪ ષ	ણ	
૫ પા	ચ			૬ ગા	થા		ટ		૭ સ
૮ ધ્યા	ન	૯ મ	ગ્ન			૧૦ મ	ક	રં	દ
ય		ખા		૧૧ મ	ચ	કો			ન
	૧૨ અ	ના	૧૩ હ	ત		૧૪ ડી	૧૫ ઝ	૧૬ લ	
૧૭ વા	ર		દ		૧૮ ખ		૧૯ પા	ક	૨૦ ટ
૨૧ તા	ર	૨૨ ક		૨૩ પ	ર		ટો		પ
વ		૨૪ મ	નો	રં	જ	૨૫ ન		૨૬ ચે	ક
૨૭ ર	ઢ			પ		૨૮ હિં	૨૯ મ	ત	
ણ		૩૦ સ	રે	રા	શ		૩૧ સ્ત	વ	ન

શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

૧	૨	૩			૪	૫			
૬				૭					૮
૯			૧૦				૧૧		
				૧૨		૧૩			
૧૪		૧૫						૧૬	
૧૭					૧૮		૧૯		
				૨૦					૨૧
	૨૨		૨૩			૨૪		૨૫	
૨૬		૨૭		૨૮				૨૯	
		૩૦				૩૧			

આડી ચાવી

૧. ગાદલાં રાખવાનો પાટ (૪)
૪. પાટીની પેન (૪)
૬. ધ્યેય (૩)
૭. આકાશમાં પાણી લઇ દોડે (૩)
૯. દરિયાકિનારે થતાં વૃક્ષ (૨)
૧૦. પથરો (૨)
૧૧. --- માં જોયું તે ન કશામાં જોયું (૩)
૧૨. ગામડાની, મૂળ (ભાષા) (૪)
૧૫. એક લોકવાદ્ય (૩)
૧૬. પડછાયા (૨)
૧૭. --- વગર ગાડી ના ચાલે (૩)
૧૮. દૂધ - છાશનું વાસણ (૪)
૨૦. દોડવાની હરીફાઇ (૨)
૨૩. પરંપરા (૨)
૨૪. કપડાં લટકાવવાનો વાંસડો (૪)
૨૬. ખોરો સ્વાદ (૩)
૨૮. સ્મરણ (૨)
૨૯. ધરતીના--- એટલે ધરતીના પુત્ર (૨)
૩૦. એક લુચ્ચું પ્રાણી (૩)
૩૧. હવડ (૪)

ઊભી ચાવી

૧. બદમાસ, ધીટ (૩)
૨. બિલાડીના ટોપ (૪)
૩. પૂર્વનો મોટો દેશ (૨)
૪. ચંદ્ર પંદર દિવસ ઘટે (૨)
૫. તળિયું (૨)
૭. નોકર (૪)
૮. શાળાએ જતાં બાળકો (૪)
૧૧. દરિયાને મળવા જાય (૨)
૧૩. વર્તુળની સીમા (૩) જો. છૂટ
૧૪. ખરીદી કરવા જવું (૩)
૧૫. નદીની બાલ્યાવસ્થા (૩)
૧૬. સૂકવેલું છાણ (૨)
૧૮. ઉપરી, અધિકારી (૨)
૧૯. રસભરેલું (૩)
૨૦. ધણી વગરનું (૪)
૨૧. પીવાનું પાણી અહીં રાખો (૪)
૨૨. સાચા (૨)
૨૫. 'ગજાવવું'નું આજ્ઞાર્થ (૩)
૨૬. તેલ કાઢયા પછીનો કુચો (૨)
૨૭. ચંદ્ર (૨)

સુડોકુ-૯૧૩૮

	૯			૭				
૫		૭	૬		૪			
	૨			૯	૮		૭	૪
૩	૬							
			૪	૧	૬			
							૯	૨
૯	૧		૭	૪			૩	
			૯		૧	૭		૮
				૨			૧	

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

સુડોકુ-૯૧૩૭

૭	૩	૫	૪	૯	૬	૧	૮	૨
૯	૧	૪	૨	૭	૮	૩	૬	૫
૬	૮	૨	૧	૩	૫	૪	૯	૭
૧	૬	૮	૫	૪	૭	૨	૩	૯
૩	૫	૯	૮	૬	૨	૭	૪	૧
૪	૨	૭	૩	૧	૯	૬	૫	૮
૫	૪	૩	૯	૨	૧	૮	૭	૬
૮	૭	૧	૬	૫	૪	૯	૨	૩
૨	૯	૬	૭	૮	૩	૫	૧	૪

ગયા સોમવારના જવાબ

ભાષા વૈભવ

A	B
ચાલાક	ડફોળ
ચાહક	નિંદક
ચાકર	માલિક
ચાટણ	પેય
ચારિત્ર્યશીલ	લફંગું

ઓળખાણ પડી? પદ્મનાભસ્વામી મંદિર

માઈન્ડ ગેમ ૯,૦૭,૮૦૦

ગુજરાત મોરી મોરી રે જગત મંદિર

ચતુર આપો જવાબ અર્થ જણાવો પથરો

ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) નિતીન જયંતિલાલ બજરિયા (૨) ભરત કજરિયા (૩) કિશોરકુમાર જીવણદાસ વેદ (૪) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૫) ભારતી બુચ (૬) નીતા દેસાઈ (૭) સુભાષ મોમાયા (૮) શ્રદ્ધા આશર (૯) પુષ્પા પટેલ (૧૦) મહેશ દોશી (૧૧) જ્યોતિ ખાંડવાલા (૧૨) મીનળ કાપડિયા (૧૩) મુલરાજ કપૂર (૧૪) મહેશ સંઘવી (૧૫) લજિતા ખોના (૧૬) નિખિલ બંગાળી (૧૭) અમીશી બંગાળી (૧૮) ભાવના કર્વે (૧૯) મનીષા શેઠ (૨૦) ફાલ્ગુની શેઠ (૨૧) કિરીટ છેડા (૨૨) કલ્પના આશર (૨૩) કમલ માતલિયા (૨૪) મહેન્દ્ર લોઢાવિયા (૨૫) હર્ષા મહેતા (૨૬) મહેશ દોશી (૨૭) અરવિંદ કામદાર (૨૮) ખુશરૂ કાપડિયા (૨૯) સીમા ગાંધી (૩૦) દેવેન્દ્ર સંપટ (૩૧) અલકા વાણી (૩૨) ડાયના સંતોકે (૩૩) જયવંત પદમશી ચિખલ (૩૪) પુષ્પા ખોના (૩૫) વિણા સંપટ (૩૬) અંજુ ટોલિયા (૩૭) તાહેર ઔરંગાબાદવાલા (૩૮) શીરીન ઔરંગાબાદવાલા (૩૯) અબ્દુલ્લા એફ. મુનીમ (૪૦) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૪૧) જ્યોત્સના ગાંધી (૪૨) ઈનાક્ષીબેન દલાલ (૪૩) હિનાબેન દલાલ (૪૪) રમેશભાઈ દલાલ (૪૫) નિતીન જયંતિલાલ બજરિયા (૪૬) ડો. પ્રકાશ કટકિયા (૪૭) ધીરેન્દ્ર મુલરાજ (૪૮) ગીતા ઉદેશી (૪૯) પ્રતિમા પમાણી

ઠાકરે પરિવારના ઘર ઉપર ડ્રોન ઊડતા ભયનો માહોલ

સુરક્ષા એજન્સીઓ સતર્ક

શનિવારે (૮ નવેમ્બર) મુંબઈના બાંદ્રા વિસ્તારમાં આવેલા ઠાકરે પરિવારના નિવાસસ્થાન માતોશ્રીની બહાર એક અજાણ્યું ડ્રોન ઉડતું જોવા મળ્યું હતું. આ વીડિયો સોશ્યલ મીડિયા પર ઝડપથી વાયરલ થયો, જેના કારણે વિસ્તારમાં ગભરાટ ફેલાયો હતો. હાઈ સિક્યુરિટી ઝોનમાં ગણાતા આ વિસ્તારમાં ડ્રોન દેખાતા સુરક્ષા એજન્સીઓ અને ઠાકરે જૂથ બંનેને ચિંતામાં મૂકી દીધા છે. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, આ ડ્રોન માતોશ્રી અને ખખઈઉઅ ઓફિસ વચ્ચેના રસ્તા પર થોડા સમય માટે ઉડતું જોવા મળ્યું હતું. માતોશ્રી ખાતે તહેનાત સુરક્ષા કર્મચારીઓએ ડ્રોન જોતાં જ તેનો વીડિયો રેકોર્ડ કર્યો અને સંબંધિત (જુઓ પાનું ૪) ▶▶

ડ્રોન ઉડાડવાને બદલે, જમીન પર તમારા કામ પર ધ્યાન આપો

ઉદ્ધવ ઠાકરેએ એમએમઆરડીએ પર ભ્રષ્ટાચાર અને નબળા કામનો આરોપ લગાવતા આકરી ટીકા કરી. ''એમએમઆરડીએએ ડ્રોન ઉડાવવાને બદલે જમીન પરના કામ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. અટલ સેતુ (એમટીએચએલ) તેમના ભ્રષ્ટાચારનું જીવંત ઉદાહરણ છે,'' તેમણે કટાક્ષ કર્યો.

આ ઘટનાએ સત્તાવાર સર્વેક્ષણોની પારદર્શિતા અને નાગરિકોની ગોપનીયતા પર પ્રશ્નો ઉભા કર્યા છે. એમએમઆરડીએ અને મુંબઈ પોલીસે ફક્ત એટલું જ કહ્યું છે કે ''આ એક સત્તાવાર સર્વે હતો'', અને વધુ કોઈ વિગતો આપવામાં આવી નથી. માતોશ્રી વિસ્તારમાં ડ્રોનની ઘટનાએ રાજકીય વિવાદ ઊભો કર્યો છે. ઠાકરે દ્વારા ઉઠાવવામાં આવેલા મુદ્દાઓએ સંસ્થાઓની ભૂમિકા અને સર્વેક્ષણ પ્રક્રિયાની પારદર્શિતા અંગે નવા પ્રશ્નો ઊભા કર્યા છે.

ભાજપ સાથે ગઠબંધન નહીં, ઓબીસીને પ્રાથમિકતા: પવાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈના યશવંતરાવ ચૌહાણ સેન્ટર ખાતે એનસીપી (શરદચંદ્ર પવાર પાર્ટી)ની યોજાયેલી બેઠકમાં શરદ પવારે આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ અંગે મહત્ત્વપૂર્ણ સૂચનો કર્યા. સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર શરદ પવારે બેઠકમાં ભાજપ સાથે ગઠબંધન ન કરવા પાર્ટીને સૂચના આપી હતી. આ ઉપરાંત સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં મૂળ (જુઓ પાનું ૪) ▶▶

મહાયુતિમાં ૩ પક્ષ

ફાળવવામાં આવેલી બેઠકો ઓછી હશે: અજિત પવાર

પુણે: છેલ્લા કેટલાક દિવસોથી, જિલ્લામાં ભાજપ વિરુદ્ધ એનસીપી એવું ચિત્ર જોવા મળી રહ્યું છે. તેમાં મહાર વતન જમીન ખરીદી કેસનો ઉમેરો થયો છે. શનિવારે નાયબ મુખ્યપ્રધાન અજિત પવારે પુણે સ્થિત તેમની ઓફિસમાં ખેડ, શિરુર, દૌંડ અને જુન્નાર તાલુકાના (જુઓ પાનું ૪) ▶▶

ચૂંટણી પંચના રડાર પર બૅંકો, ક્રેડિટ સોસાયટીઓમાંથી નીકળતા પૈસા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: કઇ દુકાનોમાં દારૂના વેચાણમાં અચાનક વધારો થયો છે અને તે શા માટે થયો છે, તે જગ્યાએથી મતદારો માટે દારૂનો પુરવઠો પૂરો પાડવામાં આવી રહ્યો છે કે કેમ, બૅંકો અને ક્રેડિટ સોસાયટીઓમાંથી મોટા પ્રમાણમાં પૈસા અચાનક ઉપાડવામાં આવી રહ્યા છે કે કેમ? આ બધી બાબતો (જુઓ પાનું ૪) ▶▶

પોલીસે શું કહ્યું ?

મુંબઈ પોલીસે પરિસ્થિતિ સ્પષ્ટ કરતા એક નિવેદન બહાર પાડ્યું. પોલીસે જણાવ્યું કે એમએમઆરડીએ ની પરવાનગી મુજબ બીકેસી અને ખેરવાડી વિસ્તારોમાં ડ્રોન સર્વે ચાલી રહ્યો છે. કૃપા કરીને કોઈપણ ખોટી અફવા ન ફેલાવો.

મુંબઈમાં તાપમાનનો પારો ૧૯ ડિગ્રીએ

રાજ્યમાં ઠંડીનું મોજું ફરી વળ્યું

ઠંડીના આગમનનાં ચિહ્નો: મુંબઈમાં ઠંડીના આગમનનું ચિહ્ન સમાન ગરમ કપડાં અને ધુમ્મસ રવિવારે જોવા મળ્યું હતું. (અમય ખરાડે)

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈગરાએ રવિવારે વહેલી સવારે શિયાળાની ઠંડીનો અનુભવ કર્યો હતો. મુંબઈમાં વહેલી સવારના લઘુતમ તાપમાનનો પારો ૧૯ ડિગ્રી જેટલો નીચો નોંધાયો હતો, જે નવેમ્બરમાં ચાલુ મોસમમાં અત્યાર સુધીનું સૌથી નીચું તાપમાન નોંધાવાની સાથે જ સૌથી ઠંડો દિવસ રહ્યો હતો. તો રાજ્યમાં ઠંડીનું મોજું ફરી વળ્યું છે. મોટાભાગના જિલ્લામાં સવારના ૧૦થી ૧૮ ડિગ્રી વચ્ચે લઘુતમ તાપમાન નોંધાયું હતું.

મુંબઈમાં રવિવારે ચાલુ મોસમમાં પહેલી વખત સવારના લઘુતમ તાપમાન ૨૦ ડિગ્રીની નીચે નોંધાયું હતું. ચાલુ વર્ષે શિયાળાની મોસમમાં પહેલી વાર લઘુતમ તાપમાનનો પારો આટલો નીચો નોંધાયો હતો. વહેલી સવારના સાંતાક્રુઝમાં લઘુતમ તમાપન ૧૯.૬ ડિગ્રી નોંધાયું હતું, જે સામાન્ય કરતા બે ડિગ્રી ઓછો હતો. આ અગાઉ મહિનાની શરૂઆતમાં કમોસમી વરસાદને પગલે દિવસનું તાપમાન ૨૭ ડિગ્રી નોંધાયું હતું, જે છેલ્લા એક દાયકામાં શહેરમાં સૌથી ઓછું મહત્તમ તાપમાન રહ્યું હતું.

હવામાન વિભાગના ડેટા મુજબ રવિવારે કોલાબામાં મહત્તમ તાપમાન ૩૨.૦ અને લઘુતમ તાપમાન ૨૨.૪ ડિગ્રી નોંધાયું હતું, જે સામાન્ય કરતા૧.૭ ડિગ્રી ઓછું હતું. તો સાંતાક્રુઝમાં મહત્તમ તાપમાન ૩૧.૮ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૧૯.૬ ડિગ્રી નોંધાયું હતું, જે સરેરાશ કરતા ૨.૩ ડિગ્રી ઓછું હતું. મુંબઈ હળવી ગુલાબી ઠંડીની શરૂઆત થઈ છે તો રાજ્યના મોટાભાગના જિલ્લામાં કડકડટી શરૂ થઈ ગઈ છે. રાજ્યમાં સતત બીજા દિવસે નીચું તાપમાન જળગાંવમાં નોંધાયું હતું. રવિવારે જળગાંવમાં ૧૦.૫ ડિગ્રી, ગોંડિયામાં ૧૧.૫, બીડમાં ૧૧.૮, નાશિક અને અહિલ્યાનગર અને અમરાવતીમાં ૧૨.૫ ડિગ્રી, ભંડારામાં ૧૨.૦, હિલ સ્ટેશન મહાબળેશ્વર અને સંભાજીનગરમાં ૧૨.૮ ડિગ્રી, વાશીમમાં ૧૨.૬ ડિગ્રી, યવતમાળમાં ૧૩, પરભણી અને બારામતીમાં ૧૩.૬ ડિગ્રી, બુલઢાણામાં ૧૩.૮ ડિગ્રી, અકોલામાં ૧૪.૩ ડિગ્રી, પુણેમાં ૧૪.૩ ડિગ્રી, નાગપુરમાં ૧૪.૪ ડિગ્રી, સતારામાં ૧૪.૫ ડિગ્રી, સોલાપુરમાં ૧૫.૬ ડિગ્રી, મુંબઈ નજીકના હિલ સ્ટેશન લોનાવાલામાં ૧૬ ડિગ્રી અને માથેરાનમાં ૧૭.૪ ડિગ્રી , સાંગલીમાં ૧૬.૯ , તો , કોલ્હાપુર ૧૮ ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ ઉત્તર ભારતના પહાડી વિસ્તારોમાં બરફવર્ષા થઈ રહી છે અને આ પ્રદેશમાંથી મહારાષ્ટ્ર તરફ ફૂંકાઈ રહેલા ઉત્તરીય પવનોને કારણે તાપમાનમાં ઘટાડો થયો છે. હાલ મુંબઈમાં ઉત્તર-પૂર્વીય પવનો ફૂંકાઈ રહ્યા છે, તેને કારણે તાપમાનનો પારો નીચે ઉતરી ગયો છે. ઉત્તર-પૂર્વીય પવનો ઠંડા અને સૂકા હોવાને કારણે ઉત્તર-મધ્ય ભારત સહિત મહારાષ્ટ્ર ના મોટાભાગના જિલ્લા સહિત મુંબઈમાં તાપમાનમાં મોટો ઘટાડો થયો છે. આગામી બે ત્રણ દિવસમાં તેમાં હજી ઘટાડો થઈ શકે છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ મુંબઈ સહિત તેના પડોશી જિલ્લામાં લઘુતમ તાપમાન ૧૮થી ૧૯ ડિગ્રીની આસપાસ રહેવાની શક્યતા છે.

હવામાન સ્થળાંતરિત પક્ષીઓ માટે અવરોધરૂપ

થાણે: નવેમ્બરના પહેલા અઠવાડિયાથી યુરોપ, સાઇબિરીયા અને આફ્રિકા જેવા દેશોમાંથી સ્થળાંતર કરનારા પક્ષીઓ વસઈ, પાલઘર, થાણે ખાડી, કોપર, ઉમ્બરલી ટેકરી જેવા વિસ્તારોમાં થોડા સમય માટે આવે છે. જોકે આ વર્ષે બદલાયેલું હવામાન અને વરસાદનું વધારે રોકાણ આ સ્થળાંતરના માર્ગમાં અવરોધ બની રહ્યા હોવાનું કેટલાક પક્ષી નિરીક્ષકોએ નોંધ્યું છે.

નવેમ્બરના પહેલા અઠવાડિયામાં વિવિધ પ્રજાતિના પક્ષીઓ આ બધા સ્થળોએ મોટી સંખ્યામાં આવે છે. જોકે, આ વર્ષે પક્ષીઓની સંખ્યા ખૂબ જ ઓછી છે. શિયાળામાં, યુરોપિયન દેશોમાંથી સ્થળાંતર કરનારા પક્ષીઓ ડોંબિવલી નજીક ભોપર, કોપર, ઉમ્બરલી ટેકરી અને સાતપૂલમાં જોવા મળે છે. છેલ્લાં કેટલાક વર્ષોમાં પક્ષીઓના રહેઠાણોમાં બાંધકામ અને વસ્તીમાં વધારો થવાને કારણે આ સંખ્યામાં ઘટાડો થયો છે. બાંધકામોને કારણે ભોપર અને સાતપુલના કુદરતી રહેઠાણો નાશ પામ્યા હોવાથી સ્થળાંતર કરનારા પક્ષીઓએ આ સ્થળોએ આવવાનું બંધ કરી દીધું છે.

નીતિન ગડકરીએ પોતાના રમૂજી અંદાજમાં અધિકારીઓનો ક્લાસ લીધો

કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરીએ નાગપુરમાં રાષ્ટ્રીય પ્રત્યક્ષકર એકેડેમીના સ્થાપના દિવસના કાર્યક્રમમાં હાજરી આપી હતી. કાર્યક્રમ દરમિયાન, તેમણે મંચ પરથી અધિકારીઓને રમૂજી રીતે ફાઈલો ન રોકવાની સલાહ આપી હતી. કેન્દ્રીય પ્રધાને મંચ પરથી કહ્યું કે, ''કોઈ પણ બાબતે નિર્ણય ન લેવો એ લોકો માટે દુ:ખની વાત છે. સમયસર નિર્ણય લેવો જોઈએ.

આપણે ત્યાં લાખો અને કરોડો રૂપિયાના પ્રોજેક્ટ્સ છે જેનો નિર્ણય લેવામાં આવતો નથી, અને આનાથી લોકોને ભારે તકલીફ પડે છે. જેને એક તારીખે પગાર મળે છે તે ક્યારેય વિલંબનો અર્થ સમજી શકતો નથી.'' નીતિન ગડકરીએ કહ્યું, ''એકવાર, જ્યારે હું મહારાષ્ટ્ર સરકારમાં પ્રધાન હતો, ત્યારે હું બાળાસાહેબ પાસે ગયો અને કહ્યું,'કામ થતું નથી.' તેમણે મને અંગ્રેજીમાં એક વાક્ય કહ્યું હતું, 'મને એવા લોકો ગમે છે જે કામ કરાવી શકે.'

બાળાસાહેબે કહ્યું, ''મેં તમને પ્રધાન બનાવ્યા, હવે તમે જે કરવા માંગો છો તે કરો.'' અને હું એ જ શીખ્યો. હું હવે મારા અધિકારીઓને પણ કહું છું, ''મને ખબર નથી, પણ તમારે કામ કરવું પડશે.'' બીજી ઘટનાનો ઉલ્લેખ કરતા ગડકરીએ કહ્યું, ''મેં મારા એક અધિકારીને કહ્યું, 'તમે તો ખૂબ મોટા માણસ છો.' તેમણે પૂછ્યું, 'શું થયું, સાહેબ?' પછી મેં કહ્યું, ''પ્રાચીન ઇતિહાસ એક પ્રિયજનને તેના પ્રિયપાત્ર માટે જે પ્રેમ હોય છે તેની વાર્તાઓથી ભરેલો છે. તમે તે શાશ્વત પ્રેમના સાક્ષી છો.'' અધિકારીએ પૂછ્યું, ''કેમ?'' તો મેં કહ્યું, હું શું કહું ? તમને તમારી પત્ની કરતાં ફાઇલો વધુ ગમે છે. એકવાર ફાઇલ આવે છે, પછી તમે તેને દબાવીને બેસી જાઓ છો. પછી તેને ખ્યાલ આવ્યો. મેં કહ્યું, તમારે જે પણ નિર્ણય લેવાનો હોય, તે લો અને કામ પૂર્ણ કરો. ■

રમતોત્સવ: ખાસદાર ક્રીડા મહોત્સવ ૨૦૨૫ના મુંબઈમાં આયોજન વખતે સાઈકિલોથોનમાં બાળકો સહભાગી થયાં હતાં. (એજન્સી)

હાથીના રક્ષણ કાજે: નવી મુંબઈના ખારઘરમાં ઈસ્કોન મંદિરમાં સ્થાપિત મિકેનિકલ હાથી 'ગજેન્દ્ર'ના અનાવરણ પ્રસંગે ભાજપનાં સાંસદ હેમામાલિનીએ હાજરી આપી હતી. (એજન્સી)

ગોરેગામમાં ડમ્પર સાથે મોટરસાઈકલ અથડાતાં યુવકનું મોત: મિત્ર ઘાયલ

મુંબઈ: ગોરેગામ વિસ્તારમાં વેસ્ટર્ન એક્સપ્રેસ હાઇવે પર ડમ્પર સાથે મોટરસાઇકલ અથડાતાં ૨૨ વર્ષના યુવકનું મોત થયું હતું, જ્યારે તેનો મિત્ર ઇજા પામ્યો હતો. અકસ્માત બાદ ડમ્પરચાલક ફરાર થતાં તેની વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

ગોરેગામ પૂર્વમાં પઠાણવાડી જંકશન પર રવિવારે વહેલી સવારે આ અકસ્માત થયો હતો, જેમાં મૃત્યુ પામેલા યુવકની ઓળખ નિખિલ બાબાજી કરાડે (૨૨) તરીકે થઇ હતી. નિખિલ મોટરસાઇકલ ચલાવી રહ્યો હતો, જ્યારે પાછળ બેઠેલા તેના મિત્ર સુમિત ખૈરનાર (૨૨)ને ગંભીર ઇજા થઇ હતી, એમ પોલીસે જણાવ્યું હતું.

નિખિલ કરાડે અને તેના મિત્ર સુમિત મોટરસાઇકલ પર ગોરેગામ તરફ જઇ રહ્યા હતા. બંને જણ વેસ્ટર્ન એક્સપ્રેસ હાઇવે પરથી પસાર થઇ રહ્યા હતા ત્યારે આગળ જઇ રહેલા ડમ્પરે અચાનક ટર્ન લેતાં કરાડેએ કાબૂ ગુમાવ્યો હતો અને મોટરસાઇકલ ડમ્પર સાથે અથડાઇ હતી.

અકસ્માતમાં ગંભીર ઇજા પામેલા બંને જણને હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યા હતા, જ્યાં કરાડેને મૃત જાહેર કરવામાં આવ્યો હતો, જ્યાં તેના મિત્રને દાખલ કરાયો હતો. અકસ્માત બાદ ડમ્પરચાલક ઘટનાસ્થળેથી ફરાર થઇ ગયો હતો.

ડમ્પરચાલક સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૦૬-એ (સદોષ મનુષ્યવધ) તથા મોટર વેહિકલ એક્ટની સંબંધિત કલમો હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. (પીટીઆઇ)■

પાણીના ગળતર અને દૂષણની સમસ્યાનો અંત આવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈમાં હાલ અનેક ઠેકાણે થઈ રહેલા ઓછો પાણીના પુરવઠા સહિત પાણીના પાઈપલાઈનમાં થનારા ગળતર અને દૂષણની સમસ્યાથી નાગરિકો ત્રસ્ત છે ત્યારે બહુ જલદી મુંબઈગરાને આ તમામ સમસ્યાથી રાહત મળવાની છે. પાણીના ગળતર અને દૂષણને રોકવા મુંબઈ મહાનગરપાલિકાએ ૨૦૨૧-૨૨માં નવી વોટર ટનલ પ્રોજેક્ટ શરૂ કર્યો હતો, જેમાં દૂષિત પાણી અને ગળતરને રોકવા તેમ જ પાણીના દબાણને વધારવા માટે ડિઝાઈન કરેલી અમર મહેલ-ટ્રૉમ્બે ટનલ તેના અંતિમ તબક્કામાં છે. આવતા મહિનેથી કાર્યરતા થયા પછી તે ગોવંડી, માનખુર્દ, દેવનાર અને ચેમ્બુર જેવા વિસ્તારોમાં મળતા પાણીપુરવઠાને ઘણો ફાયદો કરાવશે.

અમર મહેલ (ચેમ્બુર) અને ટ્રૉમ્બે હાઈ લેવલ રિઝર્વિયરને જોડતી ૫.૫ કિલોમીટર લાંબી ટનલને ટનલ બોરિંગ મશીન (ટીબીએમ)નો ઉપયોગ કરીને બનાવવામાં આવી છે. ખોદકામ અને આરસીસી લાઈનિંગનું કામ સંપૂર્ણપણે પૂર્ણ થઈ ગયું છે, જ્યારે સપાટી સ્તરની પાઈપલાઈન નાખવાનું કામ અંતિમ તબક્કામાં હાલ ચાલી રહ્યું છે. અગાઉ આ કામ સપ્ટેમ્બર ૨૦૨૫માં સુધીમાં પૂર્ણ થવાનું આયોજન હતું પણ હવે આ પ્રોજેક્ટ નવેમ્બરમાં પૂરો થવાની અપેક્ષા છે. ત્યારબાદ ટનલ દ્વારા પાણી પુરવઠો શરૂ કરવામાં આવશે.

આ દરમ્યાન પાલિકાએ અમર મહેલમાં હેગડેવાર ઉદ્યાનથી વડાલાના પ્રતિક્ષા નગર અને આગળ પરેલમાં ધવન ઉદ્યાન સુધી લંબાઈ ગયેલી ૯.૭ કિલોમીટર લાંબી પાણીની ટનલનું ખોદકામ પણ પૂર્ણ કર્યું છે. પહેલા તબક્કામાં અમર મહેલ અને વડાલા વચ્ચે આરસીસી લાઈનિંગનું કામ પૂર્ણ થઈ ગયું છે. જયારે બીજા તબક્કામાં વડાલાથી પરેલ સુધી કામ ચાલી રહ્યું છે. આ પ્રોજેક્ટ એપ્રિલ ૨૦૨૬ સુધીમાં પૂર્ણ થવાની અપેક્ષા છે અને એક વખત તે કાર્યરત થયા પછી વડાલા, સાયન, પરેલ, શિવડી, ભાયખલા, નાગપાડા અને કુર્લાના કેટલાક વિસ્તારોમાં પાણીપુરવઠામાં નોંધપાત્ર સુધારો થશે.

આ દરમ્યાન તાજેતરમાં ઉત્તર મુંબઈના ગોરેગામથી લઈને દહિસર સુધીના વિસ્તારમાં ઓછા અને દૂષિત પાણી પુરવઠા બાબતે પાલિકા કમિશનર ભૂષણ ગગરાણી સાથે સ્થાનિક લોકપ્રતિનિધિઓની એક બેઠક થઈ હતી. ■

પાલઘરમાં ગુમ થયેલી આદિવાસી બાળકી ગણતરીના કલાકોમાં મળી આવી

પાલઘર: પાલઘર જિલ્લામાં સરકાર સંચાલિત આશ્રમશાળામાંથી ગુમ થઇ ગયેલી આઠ વર્ષની આદિવાસી બાળકી ગણતરીના કલાકોમાં ગામના એક ઘરમાંથી મળી આવી હતી, જેને બાદમાં તેના પરિવારજનોને સોંપવામાં આવી હતી. વાડા તાલુકાના પરલી ખાતે આશ્રમશાળામાં બાળકીને તેની માતાએ છોડી હતી. બાળકીનો ભાઇ પણ આ શાળામાં અભ્યાસ કરે છે.

૬ નવેમ્બરે બપોરના શાળાની પ્રિન્સિપાલે પોલીસનો સંપર્ક સાધ્યો હતો અને જાણ કરી હતી કે બાળકી કેમ્પસમાંથી ગાયબ થઇ ગઇ છે.

વાડા પોલીસ સ્ટેશનના ઇન્સ્પેક્ટર દત્તાત્રય કિન્દ્રેએ જણાવ્યું હતું કે બાળકી શાળામાં રહેવા માગતી નહોતી અને તે પોતાના ઘરે પાછી જવા માગતી હતી. ત્યાંના કર્મચારીઓએ સમજાવવાનો તેને પ્રયાસ કર્યો હતો, પણ તે ચૂપચાપ ત્યાંથી જતી રહી હતી.

જંગલી પ્રાણીઓ સાથેના ગાઢ જંગલો અને શાળાની આસપાસ એકાંત સ્થળોને કારણે પોલીસને બાળકીની સલામતીની ચિંતા હતી.

દરમિયાન પોલીસે નજીકના વિસ્તારોમાં તપાસ શરૂ કરી હતી અને સ્થાનિકોની પૂછપરછ કરી હતી. પોલીસે સીસીટીવી કેમેરાના ફૂટેજ પણ તપાસ્યા હતા. એક ફૂટેજમાં બાળકી પરલીથી વાડા તરફના રસ્તા પર એકલી ચાલતી નજરે પડી હતી. એક વાહનના કેમેરામાં બાળકી માંડવા બોચલપાડાના ગામ તરફ જતી દેખાઇ હતી. આથી પોલીસે સ્થાનિક રહેવાસીઓ સાથે મળીને બાળકીની શોધ ચલાવી હતી અને આખરે તે ગામમાં મહિલાના ઘરમાંથી સુરક્ષિત મળી આવી હતી. (પીટીઆઇ)■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

ફુગાવાના ડેટા, બીજા ત્રિમાસિકગાળાનાં પરિણામો અને વિશ્વ બજારનાં વલણ પર સ્થાનિક બજાર પર અસર જોવા મળશે

નવી દિલ્હીઃ આગામી સપ્તાહ દરમિયાન જાહેર થનારા સ્થાનિક રિટેલ અને જથ્થાબંધ ફુગાવાના ડેટા, શેષ કંપનીઓના જાહેર થનારા બીજા ત્રિમાસિકગાળાનાં પરિણામો અને વૈશ્વિક બજારનાં વલણ અનુસાર સ્થાનિક બજાર પર અસર જોવા મળે એવું વિશ્લેષકોનું માનવું છે. જોકે, આ ઉપરાંત વિદેશી સંસ્થાકીય રોકાણકારોની સ્થાનિક બજારમાં થતી લે-વેચની પણ અસર પડશે.

એકંદરે આ સપ્તાહ મહત્ત્વનું છે કેમ કે સપ્તાહ દરમિયાન ભવિષ્યની નાણાનીતિનો અણસાર આપે તેવા સ્થાનિક રિટેલ અને જથ્થાબંધ ફુગાવાની જેવા મહત્ત્વનાં આર્થિક ડેટાની જાહેરાત થનાર છે. વધુમાં સપ્તાહ દરમિયાન ઓએનજીસી, બજાજ ફિનસર્વ, એશિયન પેઈન્ટ્સ, ટાટા સ્ટીલ અને ઑઈલ ઈન્ડિયાનાં વર્તમાન નાણાકીય વર્ષના બીજા ત્રિમાસિકગાળાનાં પરિણામોની જાહેરાત થનાર છે તેના પર રોકાણકારોની મીટ મંડાયેલી રહેશે, એમ રેલિગેર બ્રોકિંગ લિ.ના રિસર્ચ વિભાગના સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ અજિત મિશ્રાએ જણાવતા ઉમેર્યું હતું કે સપ્તાહ દરમિયાન ડૉલર સામે રૂપિયાની વધઘટ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદાના ભાવની પણ અમુક અંશે બજાર પર અસર જોવા મળશે.

વધુમાં ઓનલાઈન ટ્રેડિંગ અને વૅલ્થ ટૅક કંપની એન્રીચ મનીના ચીફ એક્ઝિક્યુટીવ ઑફિસર પોન્મુડી આરએ જણાવ્યું હતું કે વર્તમાન સપ્તાહ દરમિયાન જાહેર થનારા સ્થાનિક તેમ જ વૈશ્વિક આર્થિક ડેટા બજારનું મુખ્ય ચાલકબળ પુરવાર થશે. સ્થાનિક સ્તરે ખાસ કરીને ગત ઑક્ટોબર મહિનાના કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સની જાહેરાત પર રોકાણકારોની નજર રહેશે કેમ કે તેના થકી ભવિષ્યમાં રિઝર્વ બૅન્ક વ્યાજદરમાં કાપ મૂકશે કે નહીં તેના સંકેતો મળતા હોય છે, જ્યારે વૈશ્વિક સ્તરે રોકાણકારોની નજર અમેરિકી ગવર્મેન્ટ શટડાઉન પર મંડાયેલી રહેશે. કેમ કે શટડાઉનને કારણે મહત્ત્વના સરકારી ડેટાની જાહેરાતો વિલંબ થઈ રહી હોવાથી રોકાણકારો સહિત નીતિઘડવૈયાઓમાં પણ આર્થિક સ્થિતિનું ચિત્ર સ્પષ્ટ નથી થઈ રહ્યું.

તે જ પ્રમાણે જિઓજીત ઈન્વેસ્ટમેન્ટ લિ.ના રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવ્યું હતું કે આગામી સપ્તાહ દરમિયાન જાહેર થનારા સ્થાનિક ફુગાવાના ડેટા, વિદેશી ફંડોનાં આંતર-બાહ્યપ્રવાહ, અમેરિકી ગવર્મેન્ટ શટડાઉન બાબતના અને અમેરિકાના ભારત તથા ચીન સાથેના ટ્રેડ ડીલ અંગેના અહેવાલોની બજારની વધઘટ પર અસર જોવા મળશે.

નોંધનીય બાબત એ છે કે ગત બુધવારે પાંચમી નવેમ્બરના રોજ બજાર ગુરુ નાનક જયંતી નિમિત્તે બંધ રહ્યું હોવાથી કામકાજના સત્ર માત્ર ચાર જ રહ્યા હતા, જેમાં સાપ્તાહિક ધોરણે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સમાં ૦.૮૬ ટકાનો અથવા તો ૭૨૨.૪૩ પૉઈન્ટનો અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં ૦.૮૯ ટકા અથવા તો ૨૨૯.૮ પૉઈન્ટનો ઘટાડો આવ્યો હતો. ■

નવેમ્બરમાં અત્યાર સુધીમાં એફપીઆઈની ₹ ૧૨,૫૬૯ કરોડની ચોખ્ખી વેચવાલી

નવી દિલ્હીઃ ગત ઑક્ટોબર મહિનામાં સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરોની વેચવાલી સાધારણ અટક્યા બાદ પુનઃ નવેમ્બર મહિનામાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલોને ધ્યાનમાં લેતા વેચવાલીનું દબાણ વધ્યું હતું અને અત્યાર સુધીમાં તેઓની ઈક્વિટીમાં રૂ. ૧૨,૫૬૯ કરોડની ચોખ્ખી વેચવાલી રહી છે.

ડિપોઝિટરીઝની આંકડાકીય માહિતી અનુસાર ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરોએ સ્થાનિક બજારમાં ઈક્વિટીમાં ગત જુલાઈ મહિનામાં રૂ. ૧૭,૭૦૦ કરોડની, ઑગસ્ટમાં રૂ. ૩૪,૯૯૦ કરોડની અને સપ્ટેમ્બરમાં રૂ. ૨૩,૮૮૫ કરોડની ચોખ્ખી વેચવાલી કર્યા બાદ પહેલી વખત ગત ઑક્ટોબર મહિનામાં રૂ. ૧૪,૬૧૦ કરોડની ચોખ્ખી ખરીદી કરી હતી.

એકંદરે અન્ય મુખ્ય બજારોની સરખામણીમાં ભારતીય બજારની કામગીરી નબળી રહી હોવાથી નવેમ્બરમાં અત્યાર સુધીમાં દિનપ્રતિદિન ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરોની વેચવાલીનું દબાણ જોવા મળી રહ્યું હોવાનું જિઓજીત ફાઈનાન્સિયલ સર્વિસીસનાં ચીફ ઈન્વેસ્ટમેન્ટ સ્ટ્રેટેજિસ્ટ વી કે વિજયકુમારે જણાવતા ઉમેર્યું હતું કે એકંદરે વર્ષ ૨૦૨૫માં ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરોની પ્રવૃત્તિ પર નજર દોડાવીએ તો જણાશે કે તેઓએ ફંડોનું હેજિંગ કર્યું છે. ભારતીય બજારમાંથી વેચાણ કરીને તેઓની ખાસ કરીને ચીન, દક્ષિણ કોરિયા અને તાઈવાનની બજારમાં જોવા મળેલી એઆઈ (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ) પ્રેરિત રેલીમાં રોકાણ કર્યું છે. નોંધનીય બાબત એ છે કે ભારતમાં એઆઈની કામગીરી અન્ય દેશોની સરખામણીમાં નબળી હોવાનું જોવાઈ રહ્યું હોવાથી શક્ય છે કે ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરોએ તેના વ્યૂહમાં ફેરફાર કર્યો હોય, એમ તેમણે ઉમેર્યું હતું.

જોકે, તાજેતરમાં એઆઈ આધારીત શૅરોના વેલ્યૂએશન્સ ઊંચા હોવાથી વૈશ્વિક સ્તરે ટૅક્નોલૉજી સ્ટોકમાં તેજીનો પરપોટો ફૂટવાનું જોખમ પણ વધ્યું છે અને જો વેચવાલીનું દબાણ વધતાં પરપોટો ફૂટે તેવા સંજોગોમાં ભારતીય બજાર પર તેની પ્રમાણમાં ઓછી અસર જોવા મળે તેમ જ ભારતની આર્થિક વૃદ્ધિને ધ્યાનમાં લેતા વિદેશી રોકાણકારો પાછા પણ ફરી શકે, એમ વિજયકુમારે ઉમેર્યું હતું.

વધુમાં વિજયકુમારની વાતને સમર્થન આપતા એન્જલ વનનાં ફંડામેન્ટલ એનાલિસ્ટ વકારજાવેદ ખાને જણાવ્યું હતું કે નવેમ્બરના પહેલા સપ્તાહમાં ખાસ કરીને ટેક્નોલૉજિકલ સ્ટોકમાં રોકાણકારોની આક્રમક વેચવાલીને કારણે બજારો તૂટતા સ્થાનિક સ્તરે પણ વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૧૨,૫૬૯ કરોડની ચોખ્ખી વેચવાલી જોવા મળી છે. જોકે, ભારતીય કંપનીઓના ખાસ કરીને મિડકેપ કંપનીઓનાં બીજા ત્રિમાસિકગાળાના એકંદરે પરિણામો બજારની અપેક્ષા કરતાં સારાં આવ્યાં છે અને હાલના વૈશ્વિક નિરુત્સાહી વલણને ધ્યાનમાં લેતા વિદેશી રોકાણકારો સાવચેતીનો અભિગમ અપનાવે, પરંતુ વર્તમાન પરિણામોને ધ્યાનમાં લેતા પસંદગીના ક્ષેત્રના શૅરોમાં લેવાલી જોવા મળી શકે છે. પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર વર્ષ ૨૦૨૫માં અત્યાર સુધીમાં ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરોની ઈક્વિટીમાં રૂ. ૧.૫ લાખ કરોડની વેચવાલી રહી છે.

દરમિયાન અત્યાર સુધીમાં ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરોનો જનરલ લિમિટ હેઠળ ડેબ્ટ માર્કેટમાં રૂ. ૧૪૫૮ કરોડનો બાહ્યપ્રવાહ રહ્યો છે, જ્યારે વૉલન્ટરી રિટેન્શન રૂટ મારફતે રૂ. ૧૪૧૬ કરોડની ખરીદી રહી હોવાનું ડિપોઝિટરીઝે જણાવ્યું હતું. ■

ચા ઉદ્યોગને અન્ન સલામતીનાં ધોરણોના અસરકારક અમલ માટે ટી બોર્ડની હાકલ

કોલકયતાઃ સ્થાનિક ચા ઉદ્યોગને લાંબા સમયગાળા માટે ટકાઉપણું પ્રાપ્ત કરવા માટે તાજેતરમાં ટી બોર્ડે ઉદ્યોગને અન્ન સલામતી અથવા તો ખાદ્ય સુરક્ષાનાં ધારાધોરણોનો અસરકારક રીતે અમલ કરવાની હાકલ કરી છે. ટી બોર્ડ દ્વારા બહાર પાડવામાં આવેલા નવા પ્લાન્ટ પ્રોટેક્શન કૉડ (પીપીસી)માં જણાવ્યું છે કે ખાદ્ય સુરક્ષા ધોરણોનો અસરકારક અમલ વાવેતરમાં ખાસ કરીને જંતુનાશકોના વપરાશમાં વૈકલ્પિક વ્યૂહો અપનાવીને તબક્કાવાર ધોરણે રસાયણોનો ઓછો ઉપયોગ કરવાની સાથે પર્યાવરણીયમૈત્રી લક્ષી વાવેતર અને સારી કૃષિ પદ્ધતિ અપનાવવાને પ્રોત્સાહન આપવાની સાથે ઉદ્યોગને ટકાઉપણું આપવામાં મદદરૂપ થશે.

એકંદરે ખાદ્ય સુરક્ષા અથવા તો સલામતી માટે મોસમના આરંભમાં જ પાકની સલામતી માટે સંકલિત જીવાત વ્યવસ્થાપનનો મોટાપાયે સ્વીકાર આવશ્યક હોવાનું ટી બોર્ડે જણાવતા ઉમર્યું હતું કે હવે ગ્રાહકો પણ સતત એવા ઉત્પાદનોની માગણી કરી રહ્યા છે જેનાથી પર્યાવરણને પ્રતિકૂળ અસર ન થતી હોય. આથી આવી સ્થિતિમાં છોડની જાળવણીના ફોર્મ્યુલેશનનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવાની તાતી આવશ્યકતા હોવાનું ટી બોર્ડે ઉમેર્યું હતું.

એકંદરે ચાની ખેતીમાં છોડ જાળવણીના ફોર્મ્યુલેશનના ઉપયોગની માર્ગદર્શિકા પ્લાન્ટ પ્રોટેક્શન કૉડના દસ્તાવેજમાં આપવામાં આવી હોવાનું ટી બોર્ડે જણાવતા ઉમેર્યું હતું કે આ કૉડ થકી માત્ર ચા કંપનીઓની સ્પર્ધાત્મકતામાં સુધારો જ નહીં થાય, પરંતુ તેના થકી સ્થાનિક તેમ જ આંતરરાષ્ટ્રીય ધોરણો પણ પ્રાપ્ત થઈ શકશે.

વાસ્તવમાં દેશમાં ચા ઉગાડતા પ્રદેશોની આબોહવાની સ્થિતિ જીવાતો અને જંતુઓને આકર્ષવા માટેની અનુકૂળ હોવાથી મોટા પાકને થનારા સંભવિત નુકસાનને ટાળવા માટે તેનું સંચાલન કરવાની જરૂર હોવાનું ટી બોર્ડે જણાવતાં ઉમેર્યું હતું કે દેશમાં જંતુઓના હુમલાથી ચાના પાકને વર્ષે ૧૫થી ૩૦ ટકા જેટલું નુકસાન થતું હોય છે. જો ચા ઉત્પાદકો છોડ જાળવણી ફોર્મ્યુલેશનનો ઉપયોગ કરે તો ઊપજ તથા પાકની ગુણવત્તા જાળવી રાખી શકાય, એમ બોર્ડે ઉમેર્યું હતું.■

સપ્તાહ દરમિયાન ટોચની ૧૦ કંપનીઓ પૈકી સાત કંપનીઓના માર્કેટકેપમાં ₹ ૮૮,૬૩૫ કરોડનું ધોવાણ

નવી દિલ્હીઃ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં ગત સપ્તાહના કામકાજનાં માત્ર ચાર સત્રમાં બજારનો અન્ડરટોન નરમ રહ્યો હોવાથી ટોચની ૧૦ કંપનીઓના માર્કેટકેપમાં રૂ. ૮૮,૬૩૫.૨૮ કરોડનું ધોવાણ થયું હતું, જેમાં એરટેલ અને ટીસીએસ મોખરે રહ્યા હતા.

ગત બુધવારે ગુરુ નાનક જયંતીની જાહેર રજાને કારણે બજાર બંધ રહેતાં સપ્તાહના માત્ર ચાર સત્રના કામકાજોમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૭૨૨.૪૩ પૉઈન્ટનો અને ૨૨૯.૮ પૉઈન્ટનો ઘટાડો નોંધાયો હતો. સપ્તાહ દરમિયાન ટોચની દસ કંપનીઓમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિ., એચડીએફસી બૅન્ક, ભારતી એરટેલ, ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ લિ., આઈસીઆઈસીઆઈ બૅન્ક, ઈન્ફોસિસ અને હિન્દુસ્તાન યુનીલિવરના માર્કેટ કેપિટલાઈઝેશનમાં ઘટાડો થયો હતો, જ્યારે સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયા, બજાજ ફાઈનાન્સ અને લાઈફ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન ઑફ ઈન્ડિયાનાં માર્કેટકેપમાં વધારો થયો હતો.

પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર સપ્તાહ દરમિયાન માર્કેટકેપમાં સૌથી વધુ ધોવાણ ભારતી એરટેલમાં જોવા મળ્યું હતું અને માર્કેટ કેપ રૂ. ૩૦,૫૦૬.૨૬ કરોડ ઘટીને રૂ. ૧૧,૪૧,૦૪૮.૩૦ કરોડની સપાટીએ રહ્યું હતું. ત્યાર બાદ અનુક્રમે ટીસીએસનું માર્કેટકેપ રૂ. ૨૩,૬૮૦.૩૮ કરોડ ઘટીને રૂ. ૧૦,૮૨,૬૫૮.૪૨ કરોડ, હિન્દુસ્તાન યુનીલિવરનું માર્કેટકેપ રૂ. ૧૨,૨૫૩.૧૨ કરોડ ઘટીને રૂ. ૫,૬૭,૩૦૮.૮૧ કરોડ, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિ.નું માર્કેટકેપ રૂ. ૧૧,૧૬૪.૨૯ કરોડ ઘટીને રૂ. ૨૦,૦૦,૪૩૭.૭૭ કરોડ, એચડીએફસી બૅન્કનું માર્કેટકેપ રૂ. ૭૩૦૩.૯૩ કરોડ ઘટીને રૂ. ૧૫,૧૧,૩૭૫.૨૧ કરોડ, ઈન્ફોસિસનું માર્કેટકેપ રૂ. ૨૧૩૯.૫૨ કરોડ ઘટીને રૂ. ૬,૧૩,૭૫૦.૪૮ કરોડ અને આઈસીઆઈસીઆઈ બૅન્કનું માર્કેટકેપ રૂ. ૧૫૮૭.૭૮ કરોડ ઘટીને રૂ. ૯,૫૯,૫૪૦.૦૮ કરોડની સપાટીએ રહ્યું હતું.

જોકે, સપ્તાહ દરમિયાન લાઈફ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન ઑફ ઈન્ડિયાનું માર્કેટકેપ રૂ. ૧૮,૪૬૯ કરોડ વધીને રૂ. ૫,૮૪,૩૬૬.૫૪ કરોડ, સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયાનું માર્કેટકેપ રૂ. ૧૭,૪૯૨.૦૨ કરોડ વધીને રૂ. ૮,૮૨,૪૦૦.૮૯ કરોડ અને બજાજ ફાઈનાન્સનું માર્કેટકેપ રૂ. ૧૪,૯૬૫.૦૮ કરોડ વધીને રૂ. ૬,૬૩,૭૨૧.૩૨ કરોડની સપાટીએ રહ્યું હતું. ■

સુઝુકી મોટર ગુજરાતનાં મારુતિ સુઝુકી ઈન્ડિયા સાથેના મર્જરને એનસીએલટીની મંજૂરી

નવી દિલ્હીઃ નેશનલ કંપની લૉ ટ્રિબ્યૂનલ (એનસીએલટી)એ મારુતી સુઝુકી ગુજરાતને તેની મૂળ કંપની મારુતિ સુઝુકી ઈન્ડિયા લિ.માં મર્જર કરવા માટે મંજૂરી આપી છે.

તાજેતરમાં નવી દિલ્હીની એનસીએલટીનાં બે પ્રિન્સિપાલ સભ્યોની બૅન્ચે સુઝુકી મોટર ગુજરાત પ્રા.લિ. (ટ્રાન્સફરર કંપની)એને મારુતિ સુઝુકી ઈન્ડિયા લિ. (ટ્રાન્સફરી કંપની)એ સંયુક્તપણે ગત પહેલી એપ્રિલ, ૨૦૨૫ના રોજ અમાલગમેશન માટે મૂકેલા પ્રસ્તાવને મંજૂરી આપી હતી. એકંદરે આ સ્કીમ બન્ને પિટિશનર કંપનીઓના શેરધારકો, લેણદારો, કર્મચારીઓ સહિતના તમામ હિસ્સેધારકોના હિતમાં હોવાથી હાલની સ્કીમને મંજૂરી આપવામાં કોઈ અવરોધ નથી જણાતો, એમ બૅન્ચે જણાવ્યું હતું.

વધુમાં બૅન્ચે નોંધ્યું હતું કે ઉત્તર અને ઉત્તર પશ્ચિમ રિજિયનનાં આવકવેરા વિભાગ અને અમદાવાદના અધિકૃત લિક્વિડેટરે પણ ટ્રિબ્યૂનલની વિચારણા હેઠળની આ સ્કીમ સામે કોઈ વિરોધ કે વાંધો વ્યક્ત નથી કર્યો. આ ઉપરાંત અન્ય સરકારી ઑથૉરિટી જેમ કે આરબીઆઈ, સેબી, બીએસઈ અને એનએસઈએ પણ નિર્ધારિત ૩૧મી જુલાઈ, ૨૦૨૫નાં રોજ પૂરી થતી ૩૦ દિવસની મુદત સુધીમાં કોઈ વિરોધ વ્યક્ત નથી કર્યો આથી કોઈ વાંધા કે વિરોધ પ્રદર્શિત ન થયો હોવાથી એનસીએલટીએ સુઝુકી મોટર ગુજરાત લિ.નું મારુતિ સુઝુકી લિ.માં વિલિનિકરણ માટેની સ્કીમને મંજૂરી આપી છે.

ઉપરોક્ત હકીકતો અને ચર્ચા ઉપરાંત મુખ્યત્વે સંબંધિત અધિકારીઓનાં વલણ તથા સૂચિત યોજનાને તમામ અરજદાર કંપનીઓના સભ્યો તથા લેણદારો દ્વારા આપવામાં આવેલી મંજૂરીને ધ્યાનમાં લેતાં ચોક્કસ શરતોને આધીન યોજનાને મંજૂરી આપવામાં કોઈ અવરોધ નથી જણાતો, એમ બૅન્ચે જણાવ્યું હતું. કંપની ધારા, ૨૦૧૩ની કલમ ૨૩૦થી ૨૩૨ હેઠળ પિટિશનર કંપનીઓની પ્રસ્તાવિત અમાલગમેશન સ્કીમ માટેનો આદેશ એનસીએલટી બૅન્ચનાં પ્રમુખ રામલિંગમ અને સભ્ય રવિન્દ્ર ચતુર્વેદીએ પસાર કર્યો હતો. ■

સોના માટે વ્યાપક નીતિ ઘડવાનો સમય પાકી ગયોઃ એસબીઆઈ

નવી દિલ્હીઃ ભારતમાં સાંસ્કૃતિક પરંપરાગત સોનામાં આકર્ષણ વધુ હોવાથી દેશમાં સોનાની પ્રબળ વપરાશી અને રોકાણલક્ષી માગને કારણે ભારત સોનાની વૈશ્વિક અગ્રણી બજારમાં સ્થાન ધરાવે છે. હાલમાં સોનાના ભાવ નવી સપાટીઓ આંબી રહ્યા છે ત્યારે સ્થાનિક સ્તરે સોના માટે એક વ્યાપક નીતિ ઘડવાની આવશ્યકતા હોવાનું સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયાએ એક અહેવાલમાં જણાવ્યું છે.

વૈશ્વિક સ્તરે ભૂરાજકીય તણાવ, આર્થિક અનિશ્ચિતતા અને અમેરિકી ડૉલર નબળો પડ્યો હોવાથી સોનામાં તેજીનું વલણ જોવા મળી રહ્યું હોવાનું સ્ટેટ બૅન્કના ભારતનાં આર્થિક રિસર્ચ વિભાગ દ્વારા તાજેતરમાં તૈયાર કરવામાં આવેલા 'કર્મિંગ ઑફ (અ ટર્બેલન્ટ)એજઃ ધ ગ્રેટ ગ્લોબલ ગોલ્ડ રશ' અહેવાલમાં જણાવતા ઉમેર્યું હતું કે વર્ષ ૨૦૨૫માં અત્યાર સુધીમાં સોનાના ભાવમાં ૫૦ ટકા જેટલો ઉછાળો આવી ગયો છે અને ઑક્ટોબર મહિનાના અમુક દિવસોને બાદ કરતાં તમામ દિવસોમાં સોનાના ભાવ ઔંસદીઠ ૪૦૦૦ ડૉલરની સપાટીની ઉપર જ રહ્યા હતા.

અહેવાલમાં નોંધ્યું છે કે ભારતમાં સોનાના કુલ પુરવઠા પૈકી માત્ર એક ભાગ જેટલો જ સ્થાનિક પુરવઠાનો સમાવેશ થાય છે અને વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલની માહિતી અનુસાર વર્ષ ૨૦૨૪માં કુલ પુરવઠા પૈકી આયાતનો હિસ્સો ૮૬ ટકા જેટલો હતો. ભારતમાં પરંપરાગત ધોરણે સોનામાં આકર્ષણ વધુ હોવાથી, રોકાણલક્ષી માગ અને વધતા ફુગાવા સામેની હેજ્જપી તેમ જ સલામતી માટેની માગને ટેકે ભારત સોનાની વૈશ્વિક અગ્રણી બજાર છે. ગત કેલેન્ડર વર્ષ ૨૦૨૪માં દેશની સોનાની માગ વધીને ૮૦૨.૮ ટનની સપાટીએ રહી હતી, જે સોનાના કુલ વૈશ્વિક માગનો ૨૬ ટકા જેટલો બહોળો હિસ્સો ધરાવે છે. આમ વિશ્વમાં સોનાની માગમા ચીનની ૮૧૫.૪૦ ટનની માગ પછી ભારત બીજા ક્રમાંકે આવે છે.

ઉત્સાહિત થયેલા રોકાણકારો, કેન્દ્રવર્તી બૅન્કો તથા સટ્ટોડિયાઓ દ્વારા સન્માનિત થયેલી ચમકતી ધાતુ સોનાની તેજી એક પરિકથા સમાન છે, બીજી તરફ સાવચેતી પણ સેવાઈ રહી છે, ત્યારે ભારત માટે સ્થાનિકીકરણને ટેકો આપતી સોનાને સમર્પિત લાંબાગાળાની વ્યાપક નીતિની આવશ્યકતાનો સમય આવી ગયો હોવાનું અહેવાલમાં જણાવતા ઉમેર્યું હતું કે દેશ સોના માટે આયાત નિર્ભર હોવાથી તેના ભાવની અસર ડૉલર સામે રૂપિયાના વિનિમય દર પર પણ પડતી હોય છે. સોનાના ભાવ અને વિનિમય દર પારસ્પારિક ધોરણે સંકળાયેલા છે. સોનાના ઊંચા ભાવથી રૂપિયામાં ઘસારો આવતો હોય છે. જોકે, આયાતનું સરેરાશ પ્રમાણે તેને મહત્ત્વનું પરિબળ નથી બનાવતું.

અહેવાલમાં જણાવ્યું હતું કે ચીનમાં સોના માટેની ચોક્કસ હેતુસરની રાષ્ટ્રીય નીતિ ધરાવે છે.

આંતરરાષ્ટ્રીય વાણિજ્યમાં સોનાનો વેપાર, સંગ્રહ, મૂલ્ય અને ઉપયોગ કેવી રીતે થાય છે તે ફરીથી આકાર આપવા માટેનો અને આર્થિક તથા ભૂરાજકીય પ્રાથમિકતાઓને સંબોધવા માટેનો એક સંકલિત અભિગમ પણ વ્યક્ત કરે છે.

ભારતની અત્યાર સુધીની સોનાની નીતિ જોઈએ તો વર્ષ ૧૯૭૮થી નીતિમાં મુખ્યત્વે જનતાને ભૌતિક સોનાથી દૂર રાખવા પર ભાર મૂકવામાં આવ્યો હોવાથી તેની ક્ષિતિજો ટૂંકા ગાળા માટેની જ રહી છે. આથી હવે સોના પર એક વ્યાપક નીતિ ઘડવાનો સમય આવી ગયો છે અને તેને માટે સોનું એક ચીજવસ્તુ છે કે નાણા એ વ્યાખ્યીત કરવુ મહત્ત્વનું છે, એમ અહેવાલમાં જણાવતા ઉમેર્યું હતું કે સોનાની નીતિનાં હાલના વલણોમાં માગ ઘટાડવાના પગલાં અને ઉત્પાદક હેતુઓ માટે સોનાના જૂના સ્ટોકના રિસાઈકલિંગનો સમાવેશ થાય છે. જોકે, સોનું ભંડોળનો એક સ્રોત છે અને મૂડી નિર્માણમાં તેનો કોઈ ઉપયોગ ન હોવાથી સોનાનું મુદ્રીકરણ (મોનેટાઈઝેશન) ભવિષ્યનાં રોકાણો પર સકારાત્મક અસર થશે. વધુમાં વ્યાપક નીતિ માટે સોના સમર્થિત પેન્શન યોજના અંગે વિસ્તૃત ચર્ચા કરી શકાય જે વ્યાપક નાણાકીય સુધારાઓ અને મૂડી ખાતા પર ચલણ રૂપાંતરિતતા સાથે સંકલિત થશે.

વધુમાં અહેવાલમાં ઉમેર્યું હતું કે નીતિ વિષયક ટૂલમાં સૉવરિન ગોલ્ડ બૉન્ડ જારી કરીને હાજર સોનાનો વિકલ્પ પૂરો પાડીને આયાતમાં ઘટાડો કરવાનો ધ્યેય હતો, પરંતુ તેનાથી સરકારી દેવામાં વધારો થયો છે. તેમ જ ચૂકવણી માટે બાકી રહેલી સૉવરિન ગોલ્ડ બૉન્ડના યુનિટની મૂડીગત નુકસાની રૂ. ૯૩,૨૮૪ કરોડની છે.

એકંદરે દેશમાં સોનાનું ખનન મર્યાદિત થતું હોવાથી આયાત નિર્ભરતા વધુ છે. નોંધનીય બાબત એ છે કે વર્ષ ૨૦૨૫માં અત્યાર સુધીમાં સ્થાનિકમાં માત્ર ૧૬૨૭ કિલોગ્રામ સોનાનું ખનન થયું છે.

જોકે, એક અભ્યાસ અનુસાર તાજેતરમાં ઓરિસ્સાનાં વિવિધ જિલ્લાઓમાં, મધ્ય પ્રદેશનાં જબલપુરમાં અને આંધ્ર પ્રદેશનાં કુર્નુલ જિલ્લામાં નવી સોનાની ખાણ મળી આવી હોવાથી આયાતનું દબાણ ઘટવાની સાથે ચાલુ ખાતાની ખાધ પરનું દબાણ પણ ઘટવાનો આશાવાદ સેવાઈ રહ્યો છે. ■

ઊંચી ટૅરિફની અસર હળવી કરવા સ્ટીલના ઉત્પાદન બનાવનારાઓએ મૂલ્યવર્ધિત ઉત્પાદનો પર ધ્યાન કેન્દ્રિત કરવું

નવી દિલ્હીઃ ભારતીય ઉત્પાદનો પર વૈશ્વિક બજારોમાં લાદવામાં આવેલી ઊંચી ટૅરિફની માઠી અસર હળવી કરવા માટે ઉચ્ચ મૂલ્યનાં કોલ્ડ રોલ્ડ સ્ટીલ કમ્પોનન્ટ્સ અને અન્ય મૂલ્યવર્ધિત ઉત્પાદનો જેનાં પર ટૅરિફના નીચા દર છે તેની નિકાસ તરફ ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ એમ કસ્ટમાઈઝ્ડ સ્ટીલ ટ્યૂબ અને પ્રોફાઈલની ઉત્પાદક મધર ઈન્ડિયા ફોર્મિંગ (એમઆઈએફ)નાં ડિરેક્ટર ધિરેન્દ્ર સંખલાએ જણાવ્યું હતું.

નોંધનીય બાબત એ છે કે અમેરિકાએ ભારતીય સ્ટીલ પરની ટૅરિફ વધારીને ૫૦ ટકા કરી છે, જ્યારે યુરોપિયન યુનિયને નવાં ટૅરિફનો પ્રસ્તાવ મૂક્યો છે. આમ યુકે સહિતનાં દેશોમાં વૈશ્વિક વેપારમાં અનિશ્ચિતતા સર્જાઈ છે.

ભારતનાં મેક ઈન ઈન્ડિયા વિઝનને વિશ્વએ પડકાર્યો છે અને ભારતીય ઉત્પાદકોએ વૈશ્વિક સ્તરની ગુણવત્તા અને ધારાધોરણો અપનાવીને સ્ટીલનાં વૉલ્યૂમને પ્રિસિસન સ્વરૂપના કમ્પોનન્ટ્સમાં રૂપાંતરિત કરીને મેડ ઈન ઈન્ડિયા બૅન્ચમાર્કથી તેનો પ્રતિસાદ આપ્યો છે. હવે ભારત માત્ર સ્ટીલ ઉત્પાદક દેશ નથી રહ્યો, પરંતુ વિશ્વ માટે સોલ્યુશન પ્રોવાઈડર દેશ પણ બન્યો છે.

કોલ્ડ રોલ શીટ્સ ફોર્મિંગ સ્ટીલ કોઈલને એન્જિનિયર્ડ પ્રોફાઈલ્સ, ટ્યૂબ્સ અને કમ્પોનન્ટ્સમાં રૂપાંતરિત કરે છે જેને ઘણીવાર વિવિધ વેપારી હેતુઓ માટે અલગ રીતે વર્ગિકૃત કરવામાં આવે છે. આથી હવે ભારતીય નિકાસકારો ઉત્પાદકો પ્રિસિસન ફોર્મિંગ, સર્ફેસ ટ્રીટમેન્ટ અને પ્રિ એસેમ્બલી ઑફર કરીને સેમી ફિનિશ્ડ નિકાસમાંથી ફિનિશ્ડ નિકાસ તરફ વળવું જોઈએ જેથી નીચી ટૅરિફ લાગે, ખરીદદારો ઓછી લેન્ડિંગ કોસ્ટને કારણે વધુ આકર્ષાય એમ તેમણે ઉમેર્યું હતું.

જેમ જેમ ટૅરિફમાં વધઘટ થાય તેમ તેમ સ્થિતિસ્થાપક રહેતી વ્યૂહરચના સ્પષ્ટ થતી જાય. તેમાં એન્જિનિયરિંગ, ગુણવત્તાનો ઉમેરો કરો અને ફિનિશ્ડ ઉત્પાદનની નિકાસ કરો. દેશમાં ક્ષમતા વધી રહી છે, ટૅક્નોલૉજી સ્વીકૃતિ થઈ રહી છે અને સ્પર્ધાત્મક આર્થિક શ્રમિક યંત્રણા હોવાથી ભારતીય કંપનીઓ આંતરરાષ્ટ્રીય ધોરણોનુસાર પ્રિસિસન પ્રોફાઈલ પ્રદાન કરી શકે છે. જે ખરીદદારોને નીતિવિષયક બદલાવ સામે સલામતી આપે છે તેમ જ ભારતમાં મૂલ્યનું સર્જન થશે, એમ તેમણે ઉમેર્યું હતું.

વર્લ્ડ સ્ટીલ એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર ગત વર્ષ ૨૦૨૪માં ૧૪.૯૪ કરોડ ટન સ્ટીલના ઉત્પાદન સાથે ભારત વિશ્વમાં બીજા ક્રમાંકે રહ્યું હતું. ■

વર્ષ ૨૦૨૫-૨૬ની મોસમ માટે ૧૫ લાખ ટન ખાંડની નિકાસને મંજૂરી

મોલાસીસ પરની ડ્યૂટી દૂર કરવામાં આવી

નવી દિલ્હીઃ કેન્દ્ર સરકારે ગત ઑક્ટોબરથી શરૂ થયેલી વર્તમાન વર્ષ ૨૦૨૫-૨૬ની ખાંડ મોસમ માટે ૧૫ લાખ ટન ખાંડની નિકાસને મંજૂરી આપી હોવાનું ખાદ્યાન્ન ખાતાના પ્રધાન પ્રલ્હાદ જોશીએ આજે જણાવ્યું હતું.

વધુમાં કેન્દ્રીય અનાજ મંત્રાલયે મોલાસીસ પરની ૫૦ ટકા નિકાસ જકાત પણ દૂર કરવાનો નિર્ણય લીધો હોવાનું ગત સાતમી નવેમ્બરનાં રોજ કર્ણાટકના મુખ્ય પ્રધાન સિદ્ધારમૈયાને એક પત્રમાં જણાવ્યું હતું.

દેશમાં ખેડૂતોનાં હિત જાળવવા માટે કેન્દ્ર સરકારે લીધેલા પગલાં અંગેની માહિતી કર્ણાટકનાં મુખ્ય પ્રધાનને જણાવતા કહ

સમગ્ર રાજ્યની સાથે ગોંડલમાં પણ ટેકાના ભાવે મગફળીની ખરીદીનો આરંભ થયો હતો, આ ખરીદીના શુભારંભ પ્રસંગે ગોંડલના ધારાસભ્ય ગીતાબા જાડેજા ઉપસ્થિત રહ્યા હતા. તેમણે ખેડૂતોને હાર પહેરાવી, શ્રીફળ વધેરી અને મોઢું મીઠું કરાવીને વિધિવત્ પ્રારંભ કરાવ્યો હતો. (પ્રવિણ સેદાણી, રાજકોટ)

ગાંધીધામના શિણાય ખાતેથી ૩.૩૮ લાખના અંગ્રેજી પ્રકારના શરાબના જથ્થા સાથે બે શખ્સ ઝડપાયા

(અમારા પ્રતિનિધી દ્વારા)

ભુજ: કચ્છમાં ફાવી ગયેલા શરાબીઓ વિરુદ્ધ સ્થાનિક પોલીસ દ્વારા છેડવામાં આવેલી ઝુંબેશ આગળ વધી હોય તેમ ગાંધીધામ તાલુકાના શિણાય ગામમાં વહેલી પરોઢે એક કારમાંથી બીજી કારમાં શરાબની પેટીઓ રાખતી વેળાએ ત્રાટકેલી પોલીસે આ ખેપને નિષ્ફળ બનાવી, વિદેશી પ્રકારના શરાબની બોટલો સહિત ૩.૩૮ લાખની કિંમતના શરાબના જથ્થા સાથે બે શખ્સને દબોચી લીધા હતા. પૂર્વ બાતમીના આધારે આદિપુર પોલીસે વહેલી સવારે ૪.૧૫ વાગ્યાના અરસામાં શિણાયની માનસરોવર સોસાયટી પાસે દરોડો પાડ્યો હતો. આ વેળાએ સ્વિફ્ટ કારમાંથી નંબર વગરની વોલ્ક્સવેગન વેન્ટો કારમાં શરાબની હેરફેર કરી રહેલા આરોપીઓ ઋષિરાજસિંહ વનરાજસિંહ રાણા (શિણાય) અને તેજસસિંહ અનિરૂદ્ધસિંહ જાડેજાને ચારે બાજુથી કોર્ડન કરીને પોલીસે ઝડપી પાડ્યા હતા. અહીંથી વિદેશી દારૂની બોટલો, હેવર્ડસ ૫૦૦૦ બિયરના ૧૦,૫૬૦ની કિંમતનાં ૨૦૦ નંગ ટીન સહિત બે કાર સહિતનો મુદ્દામાલ કબજે કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ■

અબડાસાના સણોસરા નજીક એસ.ટી. બસને નડેલા અકસ્માતમાં ઘાયલ વૃદ્ધનું હૉસ્પિટલેથી રજા મળ્યા બાદ મોત

(અમારા પ્રતિનિધિ દ્વારા)

ભુજ: ત્રણ દિવસ અગાઉ પશ્ચિમ કચ્છના અબડાસા તાલુકાના સણોસરા ગામ પાસે આવેલા ભેડિયા નજીક ટ્રક સાથે અથડાયા બાદ રસ્તાની સાઇડમાં ઊતરીને પલટી ખાઇ ગયેલી ભુજ-નલિયા રૂટની રાજ્ય પરિવહનની બસમાં સવાર ઈજાગ્રસ્ત થયેલા ૧૫ મુસાફર પૈકીના ૭૭ વર્ષીય ઇસ્માઇલશા બાવા (રહે. મોથાળા)નું સારવાર મેળવ્યા બાદ મોત નીપજ્યું હોવાનું જાણવા મળ્યું હતું. ગત તા. ૬-૧૧ના રોજ નલિયાથી ભુજ જઈ રહેલી એસ.ટી. બસને નડેલા માર્ગ અકસ્માતમાં અન્ય મુસાફરો સાથે ઈજાગ્રસ્ત વૃદ્ધ ઇસ્માઇલશાને પ્રથમ મંગવાણાની સરકારી હૉસ્પિટલમાં પ્રાથમિક સારવાર અપાયા બાદ ભુજની જી.કે. જનરલ હૉસ્પિટલમાં રીફર કરવામાં આવ્યા હતા. અહીં ચાકરી કરીને તબીબો દ્વારા તેમને રજા આપી દેવામાં આવી હતી. ત્યારબાદ ઘરે આરામ પર રહેલા ઇસ્માઇલશાએ અંતિમ શ્વાસ લીધા હતા. દરમ્યાન, અકસ્માતમાં વૃદ્ધના મૃત્યુ અંગેની ફરિયાદ હજુ સુધી ન નોંધાઈ હોવાનું અને નલિયા ડેપોની આ બસના કંડકટર નયનાબેન ભરત વાસાણીએ, બસચાલક અજિત રજાક મન્સુરી વિરુદ્ધ બેદરકારીપૂર્વક વાહન ચલાવીને અકસ્માત સર્જવા અંગેની ફરિયાદ નોંધાવી હોવાનું નલિયા પોલીસે જણાવ્યું હતું. ■

વિદેશમાં ફસાયેલા ભાણેજને છોડાવાનાં બહાને સાયબર ક્રિમિનલોએ વૃદ્ધ પાસેથી ₹ ૨૮ હજાર પડાવ્યા

(અમારા પ્રતિનિધિ દ્વારા)

ભુજ: વિદેશમાં ધરપકડ કરાયેલા ભાણેજને છોડાવવા માટે તાત્કાલિક પૈસા મોકલો તેવું કહીને ઠગોએ ગાંધીધામના વૃદ્ધ સાથે છેતરપિંડી કરી હોવાનો ચોંકાવનારો બનાવ બહાર આવતાં ભારે ચકચાર પ્રસરી હતી. પોલીસ મથકેથી પ્રાપ્ત વિગતો મુજબ, આ બનાવ ગત ઑક્ટોબરમાં બન્યો હતો. જેમાં નારાયણ આનંદરામ કૂડેચાના મોબાઈલ નંબર ઉપર ભાણેજની ખોટી આઈડી બનાવી ઠગબાજોએ મેસેજ મૂક્યો હતો કે, મને અહીંની સુરક્ષા એજેન્સીએ પકડી પાડયો છે અને હું નંબર મોકલું છું તેનાથી વાત કરો. ભાણેજ ધનજીભાઈને ફોન કરતાં તેમણે ફોન ઉપાડયા ન હતા જેથી તે મુશ્કેલીમાં હોવાનો અંદેશો મજબૂત બન્યો હતો. મેસેજમાં રહેલા નંબર સાથે ગભરાયેલા વૃદ્ધને વાત કરતાં સાયબર ઠગોએ ભાણેજને છોડાવવા માટે રૂ. ૮૫ હજાર માગ્યા હતા અને સ્કેનર મૂક્યાં હતાં. ફરિયાદીએ ટુકડે ટુકડે રૂ.૨૮૦૦૦ બે સ્કેનર મારફતે ચૂકવ્યા હતા. પૈસા પૂરા થઈ જતાં આરોપીઓએ બીજા પૈસાની વ્યવસ્થા કરો તેવું જણાવ્યા બાદ વૃદ્ધે તેમના પુત્રને માહિતગાર કર્યો હતો. પ્રારંભિક તપાસ બાદ પુત્રએ તેમની સાથે સાયબર ફ્રોડ થયો હોવાનું જણાવતાં આ સમગ્ર મામલે અત્રેની સાયબર ક્રાઈમ પોલીસ સમક્ષ ફરિયાદ કરાઈ હતી. ■

આલા હઝરત એક્સપ્રેસ ટ્રેનના જનરલ કોચમાં શોર્ટ સર્કિટ બાદ ધુમાડો પ્રસરતાં મુસાફરોમાં ભય

(અમારા પ્રતિનિધિ દ્વારા)

ભુજ: જિલ્લા કચ્છને ઉત્તર ભારત સાથે જોડનારી આલા હઝરત એક્સપ્રેસ ટ્રેનના જનરલ કોચમાં શોર્ટસર્કિટ બાદ ધુમાડો પ્રસરતાં પ્રવાસીઓના જીવ તાળવે ચોંટ્યા હતા.

મળતી વિગતો મુજબ, ગત શનિવારે સાંજે ભુજથી બરેલી જવા નીકળેલી આલા હઝરત એક્સપ્રેસ ટ્રેન ભચાઉ નજીક પહોંચી ત્યારે જનરલ કોચમાં તીવ્ર ગંધ સાથે ધુમાડો પ્રસર્યો હતો. શ્વાસ લેવો પણ મુશ્કેલ બનતાં ગભરાયેલા પ્રવાસીઓએ તત્કાળ પ્રશાશનને જાણકારી આપતાં ટ્રેનને તત્કાળ રોકી દેવામાં આવતાં પ્રવાસીઓએ કોચમાંથી જેમ બને તેમ જલદી સહી સલામત બહાર નીકળવા દોટ લગાવી હતી અને આ દરમિયાન સ્ટેશન ઉપર અફરાતફરીનો માહોલ ફેલાયો હતો.

આ સમગ્ર મામલે રેલવેની ટેક્નિકલ વિભાગની ટુકડીએ કોચની હાથ ધરેલી તપાસમાં ઇલેક્ટ્રિકલ સિસ્ટમમાં ઓવરલોડ થતાં શોર્ટશર્કિટ થઇ હોવાનું જાણવા મળ્યું હતું. વીસેક મિનિટ સુધી જરૂરી સમારકામ હાથ ધરીને એક્સપ્રેસ ટ્રેનને રવાના કરવામાં આવી હતી. કોચમાં રહેલી સ્વીચની ક્ષમતા કરતા વધારે વોલ્ટેજના ઇલેક્ટ્રિક સાધનો જેમાં મુખ્યત્વે ફાસ્ટ ચાર્જરના ઉપયોગના કારણે આ પ્રકારના બનાવો બનતા હોવાનું રેલવેના એક અધિકારીએ જણાવ્યું હતું. ■

કચ્છમાં વીજ બિલ સમયસર ન ભરનારાઓ સામે વીજ કંપનીની તવાઈ:

૧૦૪ ગ્રાહકો પાસેથી સ્થળ પર જ ૬૨ લાખની વસૂલાત

(અમારા પ્રતિનિધિ દ્વારા)

ભુજ: લાંબા સમયથી ૧ લાખ કે તેથી વધુની રકમનું ચડત વીજ બિલ ન ભરનારા ગ્રાહકો વિરુદ્ધ પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડના કુકમા ડિવિઝન દ્વારા વસુલાતની ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જેમાં આ ડિવિઝન દ્વારા બનાવવામાં આવેલી ૧૧ જેટલી વિવિધ ટુકડીઓ દ્વારા કચ્છના પધ્ધર, ધાણેટી, નાડાપા, ડગાડા અને મોખાણા સહિતના વિસ્તારોમાં ઔદ્યોગિક, કોમર્શિયલ અને રહેણાકમાં હાથ ધરેલા ચેકીંગ દરમિયાન ગ્રાહકોને સ્થળ પર જ બિલ ભરવાની તક આપવામાં આવી હતી, જેના પરિણામે ૧૦૪ ગ્રાહકોએ સ્થળ પર જ ૬૨ લાખ રૂપિયાની તેમની ચડત રકમ ભરી દીધી હતી. અલબત્ત, ૨૮ લાખ રૂપિયાનું લેણું ધરાવતા અન્ય ૧૬ ગ્રાહકોએ સ્થળ પર ધરાર બિલની રકમ ન ચૂકવતાં કુકમા ડિવિઝનની આ ટુકડી દ્વારા તેમના વીજ જોડાણોને કાપી નાખવામાં આવ્યા હતા. ■

આગામી ૧૬થી ૧૮ નવેમ્બર સુધી નભોમંડળમાં અદ્‌ભુત 'લિઓનીડસ' ઉલ્કાવર્ષા દેખાશે

(અમારા પ્રતિનિધી દ્વારા)

ભુજ: સમગ્ર દેશની સાથે સરહદી કચ્છમાં આગામી ૧૬થી ૧૮ નવેમ્બર, ત્રણ દિવસ સુધી 'લિઓનીડસ' નામની ઉલ્કાવર્ષાનો અદ્‌ભુત નજારો આકાશમાં જોવા મળશે. જો સ્વચ્છ આકાશ હશે તો કલાકમાં ૧૫થી ૨૦ જેટલી ઉલ્કા પડતી નજરે પડશે.

આ અંગે કચ્છ એમેચ્યોર એસ્ટ્રોનોમી ક્લબના નરેન્દ્રભાઈ ગોર 'સાગરે' માહિતી આપતાં જણાવ્યું હતું કે, ૧૬થી ૧૮ નવેમ્બર સુધી લિઓનીડસ ઉલ્કાવર્ષા નરી આંખે જોવા મળશે, અને વિશ્વભરના ખગોળ વૈજ્ઞાનિકોએ દરિયાઇ અને પર્વતીય વિસ્તારોમાં પડાવ નાખવાની તૈયારી કરી દીધી છે.

ખરતા તારાઓ જોવાનો શ્રેષ્ઠ સમય રાત્રીના ૨ થી ૪ વચ્ચે છે. લિઓનીડસની આ સિંહ રાશિની ઉલ્કાવર્ષા ધૂમકેતુ ટેમ્પલ સાથે સંબંધિત છે, ઉલ્કાઓનું કેન્દ્રબિંદુ સિંહ રાશિમાં હોવાથી તેને સિંહ ઉલ્કાવર્ષા તરીકે પણ ઓળખવામાં આવે છે. પોતાના પરિક્રમણ દરમિયાન પૃથ્વીની કક્ષા સાથે ટકરાય ત્યારે ઉલ્કાના ટુકડાઓ પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશી સળગી ઊઠે છે અને તેજસ્વી અગ્નિરૂપે દેખાય છે, ત્યારે તેને મેરિયોટ ઉલ્કા તરીકે ઓળખવામાં આવે છે. પૃથ્વી પર દરરોજ આશરે ૪૦ ટન ઉલ્કાઓ પ્રવેશે છે, જોકે દિવસ દરમિયાન સૂર્યપ્રકાશને કારણે તે દેખાતી નથી. રાત્રીના સ્વચ્છ આકાશમાં લોકો માટે પ્રકૃતિની આતશબાજી જેવો અદ્‌ભુત દૃશ્ય માણવાની તક મળશે. દર વર્ષે નવેમ્બર માસમાં રાત્રીના સમય ઉલ્કાવર્ષા આકાશને પ્રકાશિત કરતી હોય છે.

સૌરમંડળમાં એવા પણ ધૂમકેતુ છે કે જે પોતાના સૂર્ય ફરતેના ભ્રમણ દરમ્યાન પૃથ્વીની ભ્રમણકક્ષાને કાપે છે. આ ધૂમકેતુઓનું સતત વિસર્જન થતું રહે છે. જયારે પૃથ્વી પર આ વિસર્જિત પદાર્થોની વચ્ચેથી પસાર થાય છે ત્યારે સાપેક્ષ વેગના કારણે આ ટુકડાઓ પ્રચંડ વેગે પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશે છે તેમ નરેન્દ્ર ગોર (સાગરે) ઉમેર્યું હતું. ■

ભાવનગરમાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા એક માસની મેદસ્વિતા યોજાશે

(અમારા પ્રતિનિધી દ્વારા)

ભાવનગર: શહેરમાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા મેદસ્વિતા શિબિર રાઉન્ડ એક પછી આગામી મેદસ્વિતા શિબિર રાઉન્ડ ૨ શહેરમાં ચિત્રા તેમજ સુભાષનગર ખાતે યોજવામાં આવશે.જેની તા. ૧૦/૧૧/૨૦૨૫ થી ૧૦/૧૨/૨૦૨૫ સુધીની રહેશે. આ કેમ્પ ૩૦ દિવસ સુધી ચાલશે. જેમાં મોટાપાથી પીડાઈ રહેલ લોકો ભાગ લઈ શકશે સંપૂર્ણ શિબિર રીઝલ્ટ ઓરિએન્ટેડ રહેશે. જેમાં શરૂઆતમાં અને અંતે મોટાપા માટેના મેડિકલ રિપોર્ટ કરવામાં આવશે . શિબિર દરમિયાન વિવિધ એક્સપર્ટ, ડૉક્ટર તેમજ તજજ્ઞો દ્વારા મોટાપા નીવારણ માટે માહિતી આપશે. મોટાપા કે મેદસ્વિતા રોગોની જનની છે તો દરેક વ્યક્તિએ સમય કાઢીને આ કેમ્પમાં રજિસ્ટ્રેશન કરાવવું અને મોટાપાથી છુટકારો મેળવવા માટે શિબિરમાં જોડાવું.

આ શિબિર ચીત્રામાં ભવનાથ મહાદેવ મંદિર બૅન્ક કોલોની ખાતે તા.૧૦/૧૧/૨૦૨૫ થી સવારે ૫:૩૦ થી ૭ વાગ્યા સુધી તેમજ સુભાષનગર ખાતે વિજય કોલોની કોમન પ્લોટ પરશુરામ ગાર્ડન પાસે ત્રિકોણબાગની બાજુમાં એરપોર્ટ રોડ સવારે ૭:૦૦ થી ૮:૩૦, ૩૦ દિવસ સુધી યોજવામાં આવશે. જેમને પણ આ શિબિરમાં ભાગ લેવો હોય તો ભાવનગર મનપા યોગ કોર્ડિનેટર છાયાબેન પટેલનો ૮૪૮૭૯૯૭૯૬૯ પર સંપર્ક કરી નામ રજિસ્ટ્રેશન કરાવવા જણાવાયું છે. ■

ભાવનગરની સિહોરની રોલિંગ મીલના મેનેજરે બારોબાર ૩૫૦ ટન લોખંડ વેચી દીધું

(અમારા પ્રતિનિધિ દ્વારા)

ભાવનગર: જિલ્લાની સિહોર જીઆઈડીસી-૧માં આવેલી રોલિંગ મીલના મેનેજરે અને પોતાના અન્ય સાથીદારો સાથે મળી દોઢ વર્ષના સમયગાળામાં રોલિંગ મીલમાંથી બારોબાર ૩૫૦ ટન લોખંડ વેચી દઈ રોલિંગ મીલ સાથે વિશ્વાસઘાત છેતરપિંડી કર્યાં અંગેની પોલીસ ફરિયાદ નોંધાઈ હતી.

મળતી માહિતી મુજબ ભાવનગર જિલ્લાના સિહોર જીઆઈડીસી-૧માં આવેલી નવભારત સ્ટીલ રી-રોલિંગ મીલમાં મેનેજર તરીકે નોકરી કરતા મુળરાજસિંહ હરીચંદ્રસિંહ ગોહિલ (રહે.ટોડા ગામ, તા.સિહોર)એ સિહોર પોલીસ મથકમાં અમોલભાઈ ગીરીશભાઈ ગુજરાથી (રહે.કાળિયાબીડ), ભાવેશ ચૌહાણ, યોગેશ પરમાર, મેહુલ પંડયા (ત્રણેય રહે. ભાવનગર) અને વિશાલ સાટીયા (રહે.કરદેજ) વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. જેમાં ઉક્ત અમોલભાઈ તેમની કંપનીમાં મેનેજર તરીકે નોકરી કરતા હોય જેઓની પાસે ઉત્પાદન અને વેચાણની જવાબદારી હતી. જ્યારે ભાવેશભાઈ, યોગેશભાઈ અને મેહુલભાઈ તેમની કંપનીમાંથી દલાલી પર લોખંડના વેચાણ કરાવતા અને વિશાલભાઈ સાટીયાના ટ્રાન્સપોર્ટમાંથી લોખંડ ભરવા માટે ગાડી મોકલતા હતા. પાંચેય લોકોએ મળીને દોઢ વર્ષના સમયગાળામાં બિલમાં લોખંડ ઓછું બતાવી અને ટ્રકમાં વધારે ભરી દોઢ વર્ષમાં કંપનીમાંથી આશરે રૂ. બે કરોડનું ૩૫૦ ટન લોખંડ બારોબાર વેચી દીધું હતું. સમગ્ર હકીકત બહાર આવતા મેહુલભાઈએ તેમના ભાગમાં આવેલા રૂ.૩૫ લાખ જમા કરી દીધાં હતા પરંતુ મેનેજર સહિત બાકીના ચારેયે અવાર-નવાર ઉઘરાણી છતાં તેમના ભાગની પુરી રકમ નહી આપી રૂ.૧.૫૩ કરોડની છેતરપિંડી આચરી વિશ્વાસઘાત કર્યો હતો. બનાવ અંગે સિહોર પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. ■

જૂનાગઢ મુક્તિ દિવસે મુખ્ય પ્રધાને યુનિટી માર્ચનો આરંભ કરાવ્યો, આરઝી હકૂમતના સેનાનીઓના પરિવારજનોનું સન્માન

(અમારા પ્રતિનિધિ તરફથી)

જૂનાગઢ: સૌરાષ્ટ્રના મહત્ત્વના જિલ્લા એવા જૂનાગઢના અંતિમ નવાબ મોહબત ખાન ત્રીજા દ્વારા જૂનાગઢને પાકિસ્તાન સાથેના જોડાણના વિરોધમાં શરૂ કરવામાં આવેલી આરઝી હકૂમતની લડત બાદ અંતે ૯ નવેમ્બર, ૧૯૪૭ના રોજ જૂનાગઢ ભારત સંઘમાં ભળ્યું હતું. જૂનાગઢ મુક્તિ દિવસ અને સરદાર વલ્લભભાઈ પટેલના ૧૫૦મા જન્મજયંતી વર્ષ અંતર્ગત આજે જૂનાગઢમાં સરદાર ૧૫૦ યુનિટી માર્ચના ભાગરૂપે આયોજિત રાજ્યવ્યાપી પદયાત્રાનો મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે સંતો અને પ્રધાનોની હાજરીમાં જૂનાગઢથી પ્રારંભ કરાવ્યો હતો.

(તસવીર-હરેશ સોની, જૂનાગઢ)

જૂનાગઢ ૧૯૪૭ની ૯મી નવેમ્બરે નવાબી શાસનમાંથી આઝાદ થઈને ભારતમાં ભળ્યું હતું, તેને જૂનાગઢ મુક્તિ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. સરદાર વલ્લભભાઈ પટેલ અને આરઝી હકૂમતના સેનાનીઓના મહત્ત્વપૂર્ણ યોગદાનથી જૂનાગઢ ભારતમાં ભળવાના આ યાદગાર દિવસે આ પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.

જૂનાગઢના સરદાર ચોક ખાતે સરદાર સાહેબની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે આરઝી હકૂમતમાં ભાગ લેનાર સેનાનીઓના પરિવારજનોને સન્માનિત કર્યા હતા.

સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતી અવસરે આ યુનિટી માર્ચનું આયોજન રાજ્ય સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ તથા જૂનાગઢ જિલ્લા વહીવટ તંત્રના ઉપક્રમે કરવામાં આવ્યું હતું. ■

જૂનાગઢમાં રિક્ષા ઊભી રાખવાને મામલે મારામારી, ૧૩ સામે ગુનો

અમદાવાદ: જૂનગાઢ જિલ્લાના વંથલી તાલુકાના ટીનમસ ગામે સામાન્ય બાબતને કારણે એક જ કોમના બે જૂથ વચ્ચે બોલાચાલી અને ત્યારબાદ મારામારીની ઘટના બની હતી. રિક્ષા રોકવા જેવી સામાન્ય બાબતે ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું, જેમાં મહિલાઓ પણ એકબીજાની સામે આવી ગઈ હતી. રિક્ષા રોકવા મામલે એક જ કોમના બે જૂથ એકબીજા સામે બાખડી પડ્યાં હતાં. આ ઝઘડાએ જોતજોતામાં હિંસક સ્વરૂપ ધારણ કરી લીધું હતું. આ મામલો એટલો ઉગ્ર બન્યો કે મહિલાઓએ પણ છૂટ્ટા હાથની મારામારી કરી અને બે જણને ઈજા થઈ અને સારવાર માટે તેમને હોસ્પિટલે લઈ જવા પડ્યા હતા. ઘટનાની જાણ થતા પોલીસની ટીમ આવી પહોંચી હતી અને મામલો થાળે પાડી ૧૩ સામે ફરિયાદ નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. આ અથડામણના સીસીટીવી ફૂટેજ પણ પોલીસે મેળવ્યા હતા અને ગામમાં શાંતિ જળવાઈ રહે તે માટે પેટ્રોલિંગ પણ શરૂ કરાવ્યું હતું. ■

ગીર સફારીની વેબસાઈટ બાદ સિંહ સદનની વેબસાઈટ દ્વારા પર્યટકોની લૂંટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

જૂનાગઢ: એશિયાઈ સિંહોને નિહાળવા માટે દેશ વિદેશથી પ્રવાસીઓ ગીર ફરવા માટે આવે છે. સાસણ ગીરમાં સફારી માટે ફેક વેબસાઈટનું રેકેટ બહાર આવ્યું હતું ત્યારે હવે અહીં આવેલા સરકારી ગેસ્ટહાઉસ સિંહ સદનના નામે પણ છેતરપિંડી ચાલતી હોવાનું બહાર આવ્યું હતું.

ગીર લાયન સફારીના પ્રવેશદ્વાર સાસણ ખાતે આવેલા સત્તાવાર સરકારી ગેસ્ટ હાઉસ 'સિંહ સદન' ની એક નકલી વેબસાઇટ બનાવીને પ્રવાસીઓને છેતર્યા હોવાની ફરિયાદ મેંદરડા પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવી છે.

હકીકતે સિંહ સદન માટે આવી કોઈ ઓનલાઈન બુકિંગની વ્યવસ્થા નથી, તેમ છતાં ઠગબાજોએ જંગલની વચ્ચે આવેલ આ સુંદર ગેસ્ટહાઉસમાં રહેવાની લાલચ આપીને ફેક રિઝર્વેશનની રિસિપ્ટ્સ મોકલી હતી. આ કૌભાંડનો પર્દાફાશ ગયા અઠવાડિયે થયો હતો, જ્યારે વલસાડથી આવેલો એક પ્રવાસી ફેક બુકિંગ વાઉચર લઈને સિંહ સદન પહોંચ્યો હતો.

જ્યારે તેને કહેવામાં આવ્યું કે બુકિંગ માત્ર રૂબરૂ જ થાય છે, ત્યારે પ્રવાસીએ વેબસાઇટ દ્વારા બુકિંગ કરાવ્યું હોવાનું અને ગેસ્ટ હાઉસના કર્મચારી હોવાનો દાવો કરનાર વ્યક્તિ સાથે વાત કરી હોવાનું જણાવ્યું હતું.

વલસાડના પ્રવાસીએ પોલીસને માહિતી આપી કે ફેક કર્મચારીએ તેને જમ્મુ અને કાશ્મીરની બેંક શાખાનો એક એકાઉન્ટ નંબર આપ્યો હતો, જેના પર તેણે પેમેન્ટ કર્યું હતું. વન વિભાગ અને પોલીસ અધિકારીઓના જણાવ્યા મુજબ, મુંબઈના અન્ય એક પ્રવાસીએ પણ આ જ વેબસાઇટ દ્વારા છેતરાયાની જાણ કરી હતી.

કૌભાંડની પુષ્ટિ કરવા માટે, વન વિભાગના એક બીટ ગાર્ડે પીડિતોએ જણાવેલી વેબસાઇટ દ્વારા રૂમ બુક કરવાનો પ્રયાસ કર્યો હતો. પેમેન્ટ કર્યા બાદ, ઓપરેટરે ન તો રિસિપ્ટ આપી, ન તો કોઈ જવાબ આપ્યો હતો.

બાદમાં આ વેબસાઇટની ઝીણવટભરી તપાસ કરતાં, વન વિભાગના કર્મચારીઓને જાણવા મળ્યું હતું કે વેબસાઇટ કોઈને પણ જોઈને જ સત્તાવાર વેબસાઈટ હોય તેવું લાગે તે માટે સિંહ સદનના વાસ્તવિક ફોટા અને વીડિયો તેમજ રૂમના દરોની યાદીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

સાસણ ગેસ્ટહાઉસના પ્રભારી રેન્જ ફોરેસ્ટ ઓફિસર આ મામલે મેંદરડા પોલીસ સ્ટેશનમાં અજાણ્યા વ્યક્તિઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. વન વિભાગના અધિકારીઓએ સ્પષ્ટતા કરી છે કે સિંહ સદન મુખ્યત્વે સરકારી મહેમાનો માટે રહેવાની વ્યવસ્થા પૂરી પાડે છે, જ્યારે ખાનગી મુલાકાતીઓને માત્ર રિસેપ્શન કાઉન્ટર પર રૂમની ઉપલબ્ધતાના આધારે રૂમ મળી શકે છે. ■

ભાવનગરમાં શક્તિસિંહનું શક્તિ પ્રદર્શન: ખેડૂતોના પેકેજ મામલે સરકાર પર પ્રહારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: કમોસમી વરસાદથી પાયમાલ થઈ ગયેલા ખેડૂતોને ફરી બેઠા કરવા રાજ્ય સરકારે રૂ. ૧૦,૦૦૦ કરોડનું પેકેજ જાહેર કર્યું હતું, પરંતુ આ પેકેજમાં અમુક શરતોને લીધે ખેડૂતોને નુકસાન ભરપાઈ યોગ્ય પ્રમાણમાં મળશે નહીં અને ખેડૂતો સામે સરકારે અસંવેદનશીલ વર્તન દાખવ્યું છે, તેવો દાવો કૉંગ્રેસ કરી ચૂકી છે ત્યારે ભાવનગરમાં કૉંગ્રેસના રાજ્યસભાના સાંસદ શક્તિસિંહ ગોહિલે ઉમરાળા ખાતે ફરી સભાને સંબોધતા સરકારની ઝાટકણી કાઢી હતી. સરકાર માત્ર ઉદ્યોગપતિઓની જ મદદ કરે છે, ત્યારે ખેડૂતોનું દેવું માફ કેમ નથી કરતી તેવો સવાલ તેમણે ફરી કર્યો હતો. સરકારે પાક વીમા યોજના બધ કરી દીધી છે. આખા દેશને વીમાનો લાભ મળે છે ત્યારે ગુજરાતના ખેડૂતોનો શું વાંક છે, તેવો સવાલ તેમણે કર્યો હતો. ખેડૂતો અંતિમ પગલું ભરી રહ્યા છે ત્યારે સરકારે તેમની મદદ કરવાને બદલે તેમને માત્ર પડિકું પકડાવી દીધું છે. તેમણે ખેડૂતોને આત્મહત્યા ન કરવાની આપીલ કરી હતી. તો બીજી બાજુ કોંગ્રેસના મહિલા નેતા જેનીબેન ઠુંમરે કૃષિ પ્રધાન જીતુ વાઘાણીને ઝાટકતા કહ્યું હતું કે કૃષી પ્રધાન ભાવનગરના હોવા છતાં ભાવનગરવાસીઓની પીડા સમજતા નથી તેઓ આખા રાજ્યની પીડા તો શું સમજશે. કૉંગ્રેસે સોમનાથથી દ્વારકા સુધી ૧૧ જિલ્લાને સાંકડતી ખેડૂત આક્રોશ યોજના રેલી કાઢી છે.

ગઈકાલે ભાજપ પ્રદેશ અધ્યક્ષ અમિત ચાવડાએ સરકારે જાહેર કરેલા પેકેજને પેકેજ નહીં, પણ પડિકું કહ્યું હતું. ગુજરાતમાં ઑક્ટોબર મહિનામાં સતત વરસાદ પડ્યો હતો. ગુજરાત અને સૌરાષ્ટ્રના ખેડૂતોનો ઊભો પાક ધોવાઈ ગયો હતો. ■